વર્ષ : ૪૩ ❖ અંક : ૮
ઓગસ્ટ - ૨૦૧૯

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 10/- Each

# દિવ્યધ્વનિ

## શ્રી પર્યુષણ મહાપર્વ




**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થામાં શ્રી ગુરુપૂર્ણિમા નિમિત્તે યોજાયેલ
### ત્રિદિવસિય શિબિર વેળાએ (તા. ૧૪-૦૭-૨૦૧૯ થી ૧૬-૦૭-૨૦૧૯)


પૂજ્યશ્રીની પાવન નિશ્રા


આદ. પં.શ્રી અશ્વિનભાઇ શાહ


પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ


આદ. બા.બ્ર.સુરેશજી


શ્રી જિનાભિષેક


દીપ-પ્રાગટ્ય


યુવાસાધક વૃંદ, કોબા


પૂ. લાલજીબાપા મુમુક્ષુમંડળ (ભક્તિસંગીત)

5200 Copy & 2 Photo Positive


-: પ્રેરક :-

શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-

શ્રી મિતેશ એ. શાહ

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૯૫૬

-: સ્વત્વાધિકારી :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) જાગૃતિનું પુનિત પર્વ-પર્યુષણ પૂજ્યશ્રી આત્માનંદજી .... ૬

(૩) પર્વાધિરાજ પર્યુષણે સાધક મુમુક્ષુને લખેલો એક પત્ર ! .. ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૮

(૪) આત્મસ્થૈર્ય પર્વ એટલે પર્યુષણ...................... ............પ્રા. ચંદાબહેન પંચાલી................૧૦

(૫) શ્રી અમિતગતિ સામાયિક પાઠ . પૂજ્ય બહેનશ્રી .... ૧૩

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ...શ્રી અશોકભાઈ શાહ .... ૧૫

(૭) સમ્યક્ તપ ............. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૧૮

(૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર .. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૦

(૯) આત્માની કરણ શક્તિ .. શ્રી વલભજી હીરજી .... ૨૩

(૧૦) આત્મશુદ્ધિનું પર્વ ......... શ્રી ભાનુબેન શાહ.... ૨૪

(૧૧) પધાર્યા પર્યુષણ પ્યારા ..... શ્રી પારુલબેન ગાંધી ... ૨૭

(૧૨) શ્રી પર્યુષણ મહાપર્વ .... શ્રી મિતેશભાઈ શાહ .... ૨૯

(૧૩) જીવનસુમન : દિવાળી પુસ્તિકા .................. ૩૧

(૧૪) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૩



**વર્ષ : ૪૩ ઓગસ્ટ, ૨૦૧૯ અંક - ૮**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

'ક્ષમાપના'ના પાઠમાં અમે દરરોજ બોલીએ છીએ કે, ''હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં... તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી.''... અને માટે મેં હવે આપના વચનોને વિચારી વિચારીને મારા કલ્યાણને અર્થે અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો છે. આપ પ્રભુએ કહ્યું છે કે, ''આત્મહેતુભૂત એવા સર્વ સંગ મુમુક્ષુએ ત્યાગવા ઘટે છે. તે વિના પરમાર્થ આવિર્ભાવ થવો કઠણ છે.''

પરમાર્થમાર્ગમાં આગળ વધવાની તો અમને ખૂબજ ઈચ્છા છે, પરંતુ સંસારમાં રહીને આ સર્વસંગ અમે દૃઢતાપૂર્વક ત્યાગી શકતા નથી. ''સર્વસંગ મોટા આસ્રવ છે.'' ચાલતા, જોતા, ક્ષણમાત્રમાં તે આત્માનું વિસ્મરણ કરાવે છે તેથી અમને હવે ઘણો પશ્ચાત્તાપ પણ થાય છે. બીજું હવે થઇ પણ શું શકે ? અજાણતામાં ભૂલ થાય તો ક્ષમ્ય ગણાય પરંતુ જાણવા છતાં વારંવાર ભૂલ થતી હોય તો તેની માફી માગવાને પણ અમે લાયક નથી. પોતાના આત્માને ધિક્કારવા સિવાય બીજો કોઇ માર્ગ અમને જણાતો નથી.

''રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ! આપશ્રી તો પણ અરે!
દીવો લઇ કૂવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે''

પરંતુ હવે અમે આપના વચનોને જીવનમાં ઉતારવાનો દૃઢ નિશ્ચય કરીએ છીએ અને અમારો નિશ્ચય સફળ થાય એવા આપની પાસે આશીર્વાદ માંગીએ છીએ. આપની કૃપા થશે જ એવો અમને દૃઢ નિશ્ચય છે, કારણકે


વીતરાગ ધર્મ જેવો કોઇ ધર્મ નથી
નરભવ જેવો કોઇ ભવ નથી.
સદ્‌ગુરુ જેવું કોઇ શરણ નથી,
આપના જેવી કોઇની કૃપા નથી.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક ૧૨૮



**વવાણિયા, પ્રથમ ભાદ્ર. સુદ ૬, ૧૯૪૬**

ધર્મેચ્છક ભાઈઓ,

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઇ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઇ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જાુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઇ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઇ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઇ રીતે તેમાંનું કંઇ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઇને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઇને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?

"ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી."

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

**(અનુસંધાન પાના નં. ૨૮ પર...)**

# જાગૃતિનું પુનિત પર્વ - પર્યુષણ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



**ભૂમિકા :** મનુષ્યભવ દુર્લભ છે એમ સર્વ જ્ઞાની પુરુષોએ કહ્યું છે. મનુષ્યને તેના જીવનની સાર્થકતા કરવાની પ્રેરણા આપનાર અનેક પરિબળો છે. તેમાં પર્વો, તહેવારો, તીર્થયાત્રાઓ, પ્રતિષ્ઠાઓ, સત્સંગ, મેળાવડાં, દાનપ્રવૃત્તિ, સ્વાધ્યાયસત્રો અને મહાપુરુષોના જીવન અંગેની કથાઓના આયોજન વગેરે મુખ્ય છે. આ પ્રશસ્ત નિમિત્તોનું રૂડું અવલંબન લઈ મનુષ્ય જાગે અને સત્યના માર્ગે લાગે તો તે તેના અંતિમ લક્ષ્ય (મોક્ષ-મુક્તિ-અનંત જ્ઞાનાનંદના અનુભવની દશા) ને પ્રાપ્ત કરી શકે છે.

જૈન પરંપરામાં આ પર્વને પર્વાધિરાજ કહેવામાં આવે છે અને બીજા બધા પર્વો કરતા તેની આરાધના અને ઉજવણી સૌથી મોટા પાયા પર અને ખૂબ ઉલ્લાસથી સમસ્ત જૈન સમાજમાં થાય છે. આ દિવસોમાં સાધુ-સંત-સતીઓની સ્થિરતા હોવાને લીધે સત્સંગ-સદ્‌ગુરુ સાન્નિધ્ય, ધાર્મિક માર્ગદર્શન અને પ્રેરણા મળતા રહે છે અને સાધનાનું સાતત્ય ઉચ્ચ કક્ષાએ જાળવવા માટે પ્રબુદ્ધ સાધકો પોતાની વ્યાવસાયિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને પૂર્ણ સમયની સાધનાનો અભ્યાસ પણ કરે છે. આમ, સામૂહિક અને વ્યક્તિગત સ્તરે ખૂબ જ ઉલ્લાસ, ભક્તિ અને જીવનને ઊર્ધ્વગામી બનાવવા માટેનું એક સુંદર વાતાવરણ તૈયાર થતાં સમાજમાં પણ એક સાત્ત્વિકતા, સહયોગ, ઉલ્લાસ અને પરસ્પર પ્રેમનું વાતાવરણ બની જાય છે. આવા પરિબળોના સમન્વયથી જ બૃહદ્ જૈન સમાજનું આ એક માત્ર સર્વોપરી અને સર્વમાન્ય પર્વ ભારતીય સાંસ્કૃતિક પરંપરાના અંગ તરીકે આપણા દેશમાં સર્વત્ર સ્વીકારવામાં આવેલ છે. અનેકતામાં એકતાના દર્શન કરાવનારા આપણા રાષ્ટ્રમાં સૌ સાથે પ્રેમથી રહેનાર અહિંસાપ્રેમી જૈન સમાજની સંસ્કારિતાનું દ્યોતક આ પર્વ સર્વજનહિતકારી છે.

સામાન્યપણે આ પર્વની ઉજવણી શ્રાવણ વદ ૧૨ કે ૧૩થી શરૂ કરીને કુલ ૧૮ (૮+૧૦) દિવસો પર્યંત કરવામાં આવે છે. મુખ્ય આવશ્યકો નીચે પ્રમાણે ગણાવી શકાય :

આ પર્વની ઉજવણીની કેટલીક મુખ્ય ખાસિયતો નીચે પ્રમાણે છે; જે ભિન્ન ભિન્ન સાધના-પદ્ધતિઓમાં પોતપોતાની માન્યતા અને ચાલી આવતી વિધિઓ પ્રમાણે કથંચિત્ ભિન્નપણાને પામતી દેખાવા છતાં શ્રેયસ્કર છે :

**(૧) આત્મિક ગુણોનો વિકાસ :** આત્માના ક્ષમા આદિ દશ મુખ્ય ગુણોનો વિકાસ કરવામાં સહાયક થાય તેવી પૂજાઓ (સ્નાત્રપૂજા, સિદ્ધચક્રપૂજન, પંચકલ્યાણક પૂજા, શાસ્ત્ર-પૂજા આદિ) ભક્તિ, પ્રવચન, સ્વાધ્યાય, બાર પ્રકારે તપની આરાધના, નિયમ-વ્રતોનું ગ્રહણ તથા ભગવાનનો વરઘોડો આદિ ધર્મ-અનુષ્ઠાનો દ્વારા કરવામાં આવે છે.

**(૨) અમારિ પ્રવર્તન :** (કોઈને ન મારો - અહિંસા - વિશ્વપ્રેમ) ની ઘોષણા અને પ્રવર્તન, જેને માટે નાના-મોટા કોઈ પ્રાણીમાત્રની હિંસા થાય તેવા કાર્યો કરવાં નહીં. રાજ્યસરકારો પણ જાહેર કતલખાના અમુક દિવસ બંધ રાખે છે. મોહ-રાગ-દ્વેષાદિ ભાવો કરવાથી પોતાના આત્માની ભાવહિંસા થાય છે માટે સૂક્ષ્મ વિવેકદૃષ્ટિસંપન્ન મનુષ્યો આવા ભાવો ન થાય તે માટે સતત આત્મજાગૃતિ રાખીને પોતાની દિનચર્યા પણ તેને અનુરૂપ ગોઠવે છે.

**(૩) સાધર્મીવાત્સલ્ય :** સૌ ધર્મપ્રેમી મનુષ્યો પ્રત્યે પ્રેમપૂર્ણ વર્તન રાખી તનથી, મનથી, ધનથી -

સર્વ પ્રકારો દ્વારા પોતાના અંતરના વાત્સલ્ય - પ્રેમભાવને વ્યક્ત કરવો. પોતાના ભાવોને સરળ અને નિર્મળ કરીને, ધર્મપ્રેમી બાંધવોના જીવનની પાયાની જરૂરિયાતો - અન્ન, વસ્ત્ર, રહેઠાણ, શિક્ષણ (વિદ્યાનું અર્જન) અને આરોગ્ય સેવાઓ - તેમને મળી રહે તે પ્રકારે ઉદારતાથી દાનાદિ પ્રવૃત્તિ કરવી અને લાંબા ગાળા સુધી શાસનની સુવ્યવસ્થા જળવાય તે અર્થે તીર્થોદ્ધાર, મંદિર, પાઠશાળાઓ, ઉપાશ્રયો અને જ્ઞાનપ્રસારની પ્રવૃત્તિઓને વેગ મળે તેવો વિવેકપૂર્ણ ઉદ્યમ કરવો.

**(૪) ક્ષમાપના - પ્રાયશ્ચિત્ત :** જીવનવ્યવહાર માં ઘણી વાર એકબીજાના મન દુભાય તેવી મન-વચન-કાયાની પ્રવૃત્તિ આપણાથી થઇ જાય છે અને ક્ષમા-સમતાના ભાવોનું વિસ્મરણ થઇ જાય છે. આવી જે જે ભૂલો થઇ હોય અને જેનું જેનું દિલ દુભાયું હોય તેની સમીપ જઇ, ખુલ્લા હૃદયથી તેની માફી માગવી અને અંતરના ઊંડાણમાંથી સર્વ ક્રોધ-ગુસ્સો-દ્વેષ-નિંદા-અણબનાવ-અપમાનના ભાવો માટે ક્ષમા આપવી, માગવી અને આમ, પોતાની જાતને તેવા વિપરીત ભાવોથી મુક્ત (નિઃશલ્ય) કરી નાખવી. વિનયથી, વિવેકથી, ધીરજથી અને પરાક્રમથી આવું ઉત્તમ કાર્ય રૂડી રીતે સિદ્ધ કરી શકાય છે અને અવજાગૃત મનમાં રહેલા સૂક્ષ્મ ક્રોધ-અરતિ-દ્વેષનાં સંસ્કારોને નષ્ટ કરી શકાય છે.

**(૫) વિવિધ પ્રકારના તપની આરાધના :** બાહ્ય તપ તે અનશન, ઊણોદરી, રસપરિત્યાગ, એકાંતવાસ, મૌન આદિ અનેક પ્રકારે છે. તે પોતાના ગુરુની આજ્ઞા પ્રમાણે, શક્તિને છુપાવ્યા વિના, નિષ્કામપણે અને આત્મશુદ્ધિ અર્થે કરવા.

માતાપિતા, વિદ્વાનો, ગુણિયલજનો અને સંત-સતીઓનો વિશેષ વિનય કરી પોતાના અંતરના અભિમાનને નષ્ટ કરવું. વર્ષ દરમિયાન થયેલાં પોતાના દોષોની સાચા હૃદયથી અને અંતરના ઊંડાણથી માફી માગીને યોગ્ય પ્રાયશ્ચિત્ત લેવું. સાધુ-સંતોની અને અન્ય ધર્માત્માઓની વિશેષ સેવા કરવી. આજ્ઞા પ્રમાણે, શાંત ચિત્તથી જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની વૃદ્ધિ કરનારા ગ્રંથોનું ગુરુમુખથી શ્રવણ કરીને, તેનું ઊંડું ચિંતન-મનન કરીને ચિત્તવૃત્તિને નિર્મળ અને એકાગ્ર કરવી અને આસનજય કરી, પરમાત્મા-સદ્‌ગુરુ-શાસ્ત્ર આદિના અવલંબનથી નિજ જ્ઞાયકસત્તા પ્રત્યે લઇ જવાનો વારંવાર ઉદ્યમ કરવો. આવા અભ્યાસથી વિશેષ અંતર્મુખતા તત્ત્વતઃ સિદ્ધ થતાં, નિર્વિકલ્પતા પ્રગટતાં, અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. જગતના સર્વ પદાર્થોના સ્વામીપણાની શ્રદ્ધા અને ભાવનો અપરિચય કરવાથી નિર્મમત્વ (સાચું વ્યુત્સર્ગતપ) પ્રગટે છે અને જીવનના સમસ્ત કાર્યકલાપમાં પ્રસન્નતા અને સમતાની વૃદ્ધિ થતી જાય છે.

**(૬) ચૈત્યવંદન અને સંતદર્શન :** પોતાના નગરમાં જે જે ચૈત્યાલય હોય તેના દર્શન કરવાં, સંત-સતીઓના પણ દર્શન કરવા અને આ રીતે શાસનસ્થિત સમસ્ત ચતુર્વિધ સંઘનો લાભ લઇને ઉદાર-વિશાળ દૃષ્ટિથી ધર્મ-સમાજના સંગઠનને મજબૂત કરવું અને પોતાની સાંપ્રદાયિક સંકીર્ણતાઓથી પાર જઇ સાચી સ્યાદ્‌વાદદૃષ્ટિ અને ગુણગ્રાહકતાનો વિકાસ કરવો.

આમ, પોતાના જીવનમાં, કુટુંબમાં, શેરી-સોસાયટીમાં, નગર-રાષ્ટ્ર-વિશ્વમાં સાચા ધર્મનું પ્રાગટ્ય થાય, પ્રભાવના થાય, વૃદ્ધિ થાય અને સૌ જીવોને શાંતિ, આરોગ્ય અને ધર્મનો લાભ થાય તેમ આ પર્વની ઉજવણી કરી જીવનને દિવ્ય અને પ્રબુદ્ધ બનાવવું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## આત્માભિમુખ બનીને આત્મ ઐશ્વર્ય ....

(પાના નં. ૩૦ પરથી ચાલુ...)

સત્સંગ, સમ્યગ્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર પ્રાપ્ત થવાં ઉત્તરોત્તર દુર્લભ છે તેવું ચિંતન કરવું.

**(૧૨) ધર્મદુર્લભભાવના :** ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રના બોધક એવા ગુરુ અને ધર્મશ્રવણ મળવા દુર્લભ છે તેવું ચિંતન કરવું.

આ મહાપર્વનું આગમન આપણા અંતરના ઓરડાને દિવ્ય પ્રકાશથી પ્રકાશિત કરે, જીવનને મહોત્સવ બનાવે તેવી મંગલ કામના.

# પર્વાધિરાજ પર્યુષણે સાધક મુમુક્ષુને લખેલો એક પત્ર !

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

મારા વહાલા મુમુક્ષુ સાધક,

અંતરના ભાવથી અને હૃદયના ઉલ્લાસથી આ પર્યુષણ પર્વ તને મળવા આવી રહ્યું છે. તારા હૃદયમાં પણ ભાવોની કેવી ભક્તિ ચડતી હશે, તેની હું કલ્પના કરી શકું છું. ધર્મકાર્યો માટે તારામાં કેવો ઉત્સાહ ફૂટું-ફૂટું થતો હશે, તે હું જોઈ શકું છું. મારા આગમનના દિવસોની તું લાંબા વખતથી રાહ જુએ છે એ ય હું સમજી શકું છું. તારી લાગણીની ભારોભાર કદર કરું છું. હું ક્યારેક એમ વિચારું પણ છું કે આપણો આટલો ગાઢ આત્મીય સંબંધ છે, તો પછી મારા આગમન સમયે આટલો બધો ઘોંઘાટ કરવાનો હોય ખરો ? આત્માની ભીતરના ઊંડાણમાં પલાંઠી લગાવીને મારી આરાધના કરવાની હોય. તેને બદલે તું તો જાણે ભરબજારે 'પર્વ પર્યુષણ આવિયા રે' એવી છડી કેમ પોકારે છે ?

પણ તું એ સાવ ભૂલી ગયો કે તારું આ પર્યુષણ તો આંતરજગતનો ઉત્સવ છે અને તું બહાર મહોત્સવની મોંઘીદાટ પત્રિકાઓમાં રાચી રહ્યો છે ? તને ખબર છે કે પર્યુષણમાં ક્યાંય દોડાદોડ કરીને જવાનું નથી, ક્યાંય કોઈ આડંબર કરવાનો નથી, કોઈ ધનનો ગર્વ કે મોટી ગર્જનાઓ કરવાની નથી. પર્યુષણમાં તો તારે પોતાની પાસે બેસવાનું છે અને મારા પ્રિય સાધક, તું તો પોતાને બદલે બીજાની પાસે બેસવા લાગ્યો છે. બહારના માન-પાન શોધવા લાગી ગયો છે ને મારા હૃદયસમા તારા લાખેણા આત્માને તું સદંતર વીસરી ગયો.

હે મારા પ્રિય સાધક, આ પર્યુષણનું કામ તો તારા જીવનની કિતાબ ખોલવાનું છે, પણ એને બદલે તું બીજાઓની 'જીવની' ખોલવા લાગ્યો. અરે, મને પર્યુષણને ભૂલીને તું તારી જાતને આગળ ધરીને જીવવા લાગ્યો. આત્માના ઊંડાણમાં જઈને તપને જોવાને બદલે કે પછી કર્મનિર્જરા કરવાને બદલે તું જ્યાં જાય છે, ત્યાં તારા ઉપવાસની પ્રસિદ્ધિ કરે છે. તપ એ સાધન છે, તું એને સાધ્ય માની બેઠો છે અને પછી તપને અપ્રસિદ્ધ રાખવાને બદલે એની ભારોભાર પ્રસિદ્ધિ કરાવે છે, ગીતો ગવડાવે છે, અરે ! ઉપવાસના આનંદમાં જમણ યોજે છે. કીમતી ઘરેણાં અને મહામૂલા રત્નો પહેરીને તપને બદલે શેનું પ્રદર્શન કરે છે ?

આ સમયે તારા આત્માને પૂછી જો કે તપશ્ચર્યા પૂર્વે જેવો હતો એવો જ રહ્યો ! તપ માત્ર લાંઘણમાં જ સીમિત થઈ ગયું છે ? તપ કરવા છતાં કેમ કોઈ તેજ પ્રગટતું નથી ? તપ એ તો આત્માની વસંત છે અને તારા આત્માને એવી કોઈ વસંતનો અનુભવ થયો છે ખરો ! કે પછી હું (પર્યુષણ પર્વ) આવ્યો એટલે થોડો તપાડંબર કરી લેવો, થોડી ધર્મસાધના કરી લેવી અને બસ, એટલે ગંગા નાહ્યા. આ આઠ દિવસ તપ કરીએ એટલે તપની અને ધર્મકર્મની સમાપ્તિ આવી જાય. નવમા દિવસે હૉટલમાં જઈને વાનગીઓ પર આક્રમક તડાકો બોલાવું. આ બધું જોઈને મને ખૂબ દુઃખ થાય છે અને સાથે એમ પણ થાય છે કે આ પર્યુષણ સાથે તારો માત્ર આઠ કે દસ દિવસ પૂરતો જ પ્રેમ છે. તારા જીવનમાં હું માત્ર આટલા જ દિવસો આવું છું. બસ, પછી તો તારી એ જ રફતાર ચાલે છે.

પણ હે પ્રિય સાધક ! હકીકતમાં આવું નથી. ભગવાન મહાવીર તો એમ ચાહે છે કે સાચો સાધક ધર્મને વસ્ત્ર તરીકે નહીં, પણ ત્વચા (ચામડી) જેમ રાખે. જીવન-વ્યવહારમાં કૂડ-કપટ ચાલતા હોય, ધનનો ગર્વ માતેલા સાંઢની માફક ઘૂમતો હોય, પ્રભુની ભક્તિને બદલે કેટલી બોલી થઈ એની રકમના આંકડા મંડાતા હોય, અને મારા પ્રિય સાધક, મારે કહેવું પડે છે કે તું જે પાળે છે એમાં બહુ ઓછો ધર્મ છે અથવા તો જે ધર્મ છે એનું બહુ ઓછું પાલન કરે છે. સાધર્મિક ભોજન સમયે શિસ્તનો કેટલો અભાવ છે ? સમતાના ધર્મમાં આવી અવ્યવસ્થા ને ગેરશિસ્ત હોય ખરા ?

સાચું કહું, સાધક. આપણો માત્ર આઠ કે દસ દિવસ સુધીનો સબંધ નથી. હું તો તારા જીવનમાં અતૂટ રૂપે સંકળાયેલો છું. તારા પ્રત્યેક શ્વાસ સાથે મારે સંબંધ છે. જે ઘડીએ તું ભીતરમાં શ્વાસ લે છે એ સમયે આત્માને સ્પર્શ કરે છે. એક એક શ્વાસ કીમતી છે, આથી તો શાસ્ત્રવાણી કહે છે કે જીવનમાં પળનો

પણ પ્રમાદ કરવો નહીં. પણ બન્યું છે એવું કે આખું વર્ષ પ્રમાદ કરવો અને માત્ર આ આઠ દિવસોમાં જ ધર્મઆરાધના કરી લેવી, નવે બેડો પાર !

પ્રિય સાધક ! આ દિવસોમાં તું દોડીને વહેલો ઉપાશ્રયમાં પહોંચી જાય છે. આગળનું સ્થાન મેળવવા પડાપડી કરે છે. જરૂર પડે 'એડવાન્સ બૂકિંગ' કરાવે છે ! ઉપાશ્રયની ખીચોખીચ ભીડમાં વ્યાખ્યાનનું શ્રવણ કરે છે, પરંતુ શાસ્ત્રશ્રવણ કે વ્યાખ્યાન શ્રવણ એ માત્ર આ આઠ દિવસો સુધી જ મર્યાદિત ! આઠ દિવસ બાદ તું કેટલી વાર શાસ્ત્રશ્રવણ માટે કે ગુરુવ્યાખ્યાન માટે જાય છે, તેનો મને જવાબ આપીશ ખરો ?

મારા વ્હાલા સાધક ! સાધના તો સરળતા અને દિલની સચ્ચાઇ માગે છે. આજે કેટલું બધું વાચાળ બની ગયું છે. ભીતરની સાધનાને બદલે બહારનો ઘોંઘાટ વધી ગયો છે અને સાધનાને નામે અહમ્‌નું પ્રદર્શન થવા લાગ્યું છે અને એ સમયે થોડા લોકો તારી વાહવાહ કરી અને તું એમ માને છે કે તેં મારી (પર્યુષણ પર્વની) ભારે ઉજવણી કરી ! તું ધન્ય-ધન્ય થઇ ગયો. ચોરે ચૌટે તારું નામ અને તારી વાહવાહ બોલાવા લાગી. પણ વ્હાલા સાધક, આ રીતે તને ઘૂમતો જોઉં છું, ત્યારે થાય છે કે ધર્મએ તો આત્માના આનંદની વાત કરી છે અને એવી પ્રસન્નતા કે જે ક્યારેય જીવનમાંથી આથમતી નથી. આવી પ્રસન્નતા પામવા માટે તેં વિચાર કર્યો ખરો ? એવું નથી બન્યું ને કે સાધ્યને પકડવાને બદલે તું સાધનને જકડીને બેઠો છે. આ સામાયિક, પ્રતિક્રમણ, જપ-તપ, ઉપવાસ, ક્ષમાપના એ સઘળાં સાધનો છે, સાધ્ય નથી.

એની પ્રાપ્તિ તો મારા નામમાં જ છે. પ્રાકૃત ભાષામાં મારું નામ 'પરિ-સમન્તાત્-ઉપાસના' એટલે કે સર્વથા આત્માની અથવા પરમાત્માની ઉપાસના કર. સાધક પોતાના અંતરમાં ડૂબકી મારીને એના આત્માનું નિરીક્ષણ કરે અને આત્માનું પરમાત્મા સુધી લઇ જવાનો પ્રયત્ન કરે એ છે મારા નામનો સાચો અર્થ. શરીરની આસપાસ રહેતા માનવીને આત્માની ઓળખ આપીને એમને પરમાત્માની પાસે લાવીને ખડો કરવો એ છે મારું સાધ્ય. એ સાધ્યને પામવાનું છે, પરંતુ જે પામવાનું છે એનાથી તું દૂર રહે છે !

દેખાદેખી અને આડંબરની કથાઓમાં એટલો ડૂબી જાય છે કે તું મને જ ભૂલી જાય છે. આને કારણે તો તું વર્ષોવર્ષ પર્યુષણ કરે છે, પરંતુ જરા આત્માને પૂછી જો કે આ પર્યુષણથી તારા આત્માને કેટલી પ્રસન્નતા થઇ ? જરા જાતને નાણી લે કે જીવન કેટલું પરમાત્મા તરફ વળ્યું ? કોઇ અંતિમ સમયે રહેલા રોગિષ્ઠ માનવીને ઘરેણાંથી શણગારવાનો શો અર્થ ? મારા આગમન સમયે તારે એ વિચાર કરવો જોઇએ કે તારા મનમાં ઘર કરી બેઠેલાં કેટલાં રોગ ટળ્યાં ? કારણ શું ? કારણ એટલું જ કે મારા પર્યુષણ નામનો એક બીજો અર્થ છે 'પરિ-સમન્તાત્ ઉપશમન' એનો અર્થ એ કે કષાયો અને વિકારોનું સર્વપ્રકારે ઉપશમન કરવું.

જ્યારે મારું આગમન થઇ રહ્યું છે, ત્યારે તું જરા ચેકલીસ્ટ ખોલીને જો તો ખરો કે અગાઉ જેટલો ક્રોધ હતો, એમાં કોઇ ઓછપ આવી છે ખરી ? ગયા પર્યુષણ દરમિયાન લોભ ઓછો કરવાનો વિચાર કર્યો હતો, તે માત્ર વિચાર જ રહ્યો છે ? વર્ષ દરમિયાન શાસ્ત્રોનું કેટલું શ્રવણ કર્યું અને મનમાં ઉતાર્યા, કે માત્ર ધનપ્રાપ્તિની દોડ જ દોડતા રહ્યા. કષાયો અને વિકારોનું સર્વપ્રકારે ઉપશમન કરવું એ છે મારો અર્થ અને એને માટે બાહ્ય અને આંતર તપશ્ચર્યા, અહિંસા, સત્ય આદિ મૂળવ્રતો.

મારા પ્રિય મુમુક્ષુ સાધક, તને કેટલાંક એવા લોકો મળશે કે જે માત્ર પર્યુષણના દિવસોમાં જ જૈન હોય છે. કેટલાંક એવા ય હોય છે કે જે માત્ર સાંવત્સરિક પ્રતિક્રમણ પૂરતાં ધર્મનાં વસ્ત્રો ધારણ કરે છે. કેટલાક એવા પણ છે કે જે માત્ર મહાવીર જયંતિએ આવતા હોય છે કે જેથી સારા કપડાં પહેરી, સ્વજનોની મુલાકાત શક્ય બને. તને આશ્ચર્ય થશે, પણ કેટલાક એવા ય હોય છે જે માત્ર મહાવીર જયંતિના સાધર્મિક વાત્સલ્યો (ભોજન સમારંભ) પૂરતા જૈન હોય છે. એમને ન ધર્મસંસ્કાર સાથે નિસબત છે કે નથી સમજ જૈન સિદ્ધાંતોની કે પ્રભુ મહાવીરના જીવનની. આવા લોકોથી જેટલા દૂર રહેવાય તેટલું સારું. કારણ કે એમને માટે પર્વ એ થોડા દિવસોની ટૂંકી ફિલ્મ છે. જીવનભર સાથે રહેનારો શ્વાસ નથી.

મારું સમાપન ક્ષમાપનામાં થાય છે, પણ એ ક્ષમાપનામાં સચ્ચાઇની સુવાસ હોવી જોઇએ. એ ક્ષમાપના આપણો સ્વભાવ હોવો જોઇએ. એ ક્ષમાપના સાત દિવસોની સાધનામાંથી નીકળતું સંગીત હોવું જોઇએ.

ત્યારે પ્રિય સાધક, હું આવું છું. પણ આ

**(અનુસંધાન પાના નં. ૧૨ પર...)**

# આત્મસ્થૈર્ય પર્વ એટલે પર્યુષણ મહાપર્વ

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

બાહ્યભાવ ત્યાગી, આત્મવૈરાગી અને ચૈતન્ય અનુરાગી એવા પરમકૃપાળુદેવની અધ્યાત્મમય સરસ્વતી ઉદ્‌ઘોષે છે, "જ્ઞાનીના સર્વ વ્યવહાર પરમાર્થ મૂળ હોય છે. તો પણ જે દિવસે ઉદય પણ આત્માકાર વર્તશે તે દિવસને ધન્ય છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય આત્મજ્ઞાનને કહ્યો છે, તે જ્ઞાનીપુરુષના વચન સાચાં છે, અત્યંત સાચાં છે. જ્યાં સુધી જીવને તથારૂપ આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્યંતિક બંધનની નિવૃત્તિ ન હોય એમાં સંશય નથી. તે આત્મજ્ઞાન થતાં સુધી જીવે મૂર્તિમાન આત્મજ્ઞાનસ્વરૂપ એવા સદ્‌ગુરુદેવનો નિરંતર આશ્રય અવશ્ય કરવા યોગ્ય છે, એમાં સંશય નથી. તે આશ્રયનો વિયોગ હોય ત્યારે આશ્રયભાવના નિત્ય કર્તવ્ય છે. ઉદયને યોગે તથારૂપ આત્મજ્ઞાન થયા પ્રથમ ઉપદેશકાર્ય કરવું પડતું હોય તો વિચારવાન મુમુક્ષુ પરમાર્થના માર્ગને અનુસરવાને હેતુભૂત એવા સત્પુરુષની ભક્તિ, સત્પુરુષના ગુણગ્રામ, સત્પુરુષ પ્રત્યે પ્રમોદભાવના અને સત્પુરુષ પ્રત્યે અવિરોધભાવના લોકોને ઉપદેશે છે" પત્રાંક-૬૭૦ વિચારવાનને અર્થે આ વચનો ઉત્તમ માર્ગદર્શિકારૂપ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય આત્મજ્ઞાન છે. તે આત્મજ્ઞાનનો આરોહણક્રમ આ અમરવાણીમાં ઉદ્‌ઘોષિત થયો છે.

પર્વ બે પ્રકારના કહી શકાય-એક લૌકિક પર્વ અને બીજા અલૌકિક અર્થાત્ લોકોત્તરપર્વ. લૌકિકપર્વો વ્યવહારિક પર્વો છે; જેમાં જીવની અધ્યાત્મ સાધના પુષ્ટ થતી નથી, પણ સાંસારિક ભાવ પોષાય છે. પરિણામે ફળ રૂપે સંસારપરિભ્રમણ થાય છે. જ્યારે લોકોત્તર પર્વમાં અધ્યાત્મ આરાધના થાય છે, સાધક અંતર્મુખ આરાધનાના માર્ગે વધુ દઢતાથી આત્મવિકાસ સાધે છે. લોકોત્તરપર્વમાં આત્મસ્થૈર્ય પામી ગુણના સ્થાનરૂપ આત્મઆરોહણ પામે છે. સંસારભાવથી મુક્ત થતાં થતાં અંતે અયોગીદશા અનુભવે છે. લોકોત્તરપર્વનું મૂલ્ય અમૂલ્ય છે. આંતરિક તપ તપીને બાહ્યકર્મોની નિર્જરા થતાં કર્મથી મુક્ત થાય છે. સત્‌માર્ગની પ્રાપ્તિના અંતિમ ચરણે આરોહિત થાય છે.

પરમકૃપાળુદેવની ગરિમાપૂર્ણ વાણી કહે છે.

"મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;  
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.  
ખોજ પિંડ બ્રહ્માડિકા, પત્તા તો લગ જાય;  
યેહિ બ્રહ્માંડિ વાસના, જબ જાવે તબ..."

સત્માર્ગની પ્રાપ્તિ થતાં, આંતરિક કે બાહ્ય ભૂમિકાના સંદેહ નષ્ટ થાય છે. નિઃસંશય થતાં સાધક નિર્ભય થાય છે. નિર્ભય થતાં નિઃસંગતા પ્રાપ્ત થાય છે. જે ભીતરી ખોજ કરે છે તેને આત્મદર્શન થાય છે. આત્માનો પત્તો લાગી જાય છે ત્યારે પાપની વાસના તો નથી રહેતી, પુણ્યની વાસના પણ નામશેષ પામે છે. मूलो नास्ति कुतः शाखा - વૃક્ષનું મૂળ જ નષ્ટ થાય છે ત્યારે શાખા-ડાળીઓ ક્યાંથી મળે ? એવી અવસ્થા સન્માર્ગ મળતાં થાય છે. જેની ચિત્તની ચંચળતા સ્થિર થાય છે તે ચિત્તને સ્થિર કરી શકે છે. ચિત્ત સ્થિર થતાં આત્મસ્થૈર્ય સધાય છે. પર્યુષણ મહાપર્વ આત્મસ્થિરતાનું મહાપર્વ બને છે.

નિરંતર આઠ દિવસ સુધી બાહ્યભાવને ત્યાગી, સંસારને સલામ કરી, બને તો પૂર્ણ અસંગ થઈને, ના બને તો આંતરિક અસંગતા સાધીને, આત્મસ્થિરતાનો પુરુષાર્થ કરે છે તેને અષ્ટ દિવસનું પર્યુષણ મહાપર્વ અષ્ટકર્મના બંધનથી મુક્ત કરાવે છે. જ્ઞાની ફરમાવે છે કે સંસારભાવ રાખવો અને મોક્ષ થવા કહેવું તે અસુલભ છે. રુચિ, રસ અને લગની બાહ્ય સંસારભાવની ભીતરમાં વેદાતી હોય તે સ્વરુચિમાં

આવી શકે નહિ. બાહ્ય પરિણતિ વર્તતી હોય તે સાધક આત્મપરિણતિ સાધી શકતો નથી. ત્યાં સુધી પરિણામ પર સન્મુખતામાં રહે છે. તેને આત્મસ્થૈર્યની સંભાવના નથી. બાહ્ય પુરુષાર્થથી હિમાલયના એવરેસ્ટ શિખરે પહોંચી શકાય, પૃથ્વીની પ્રદક્ષિણા થઇ શકે, અવકાશના માર્ગે અનેક સંશોધન કરી શકે. બાહ્ય પુરુષાર્થથી બહારની માપણી થાય છે પણ આત્મસ્થૈર્યતા માટે સદ્‌ગુરુ દર્શિત અધ્યાત્મ માર્ગે આરોહણ કરવું આવશ્યક છે. દૃઢ નિર્ધાર, આત્મવિશ્વાસ અને અલૌકિક સામર્થ્યથી સિદ્ધત્વને આંબી શકાય છે.

પરમકૃપાળુદેવ પત્રાંક - ૩૨૨માં અધ્યાત્મદેશના જાણે આપતા હોય એમ પરમાર્થસખા શ્રી સૌભાગ્યભાઇને લખે છે, "લૌકિકદૃષ્ટિએ તમે અને અમે પ્રવર્તશું તો પછી અલૌકિક દૃષ્ટિએ કોણ પ્રવર્તશે ?" આ અમૃતવાણી ભીતરને ઝંકૃત કરે છે. લૌકિક દૃષ્ટિ અને અલૌકિક દૃષ્ટિ તેમાં 'દૃષ્ટિ' નો ભાવ ઘણો સૂક્ષ્મ છે. જ્યાં સુધી દૃષ્ટિ સ્પષ્ટ, પવિત્ર, નિ:સંશયીત થતી નથી ત્યાં સુધી ભીતરી ભગવાનની સ્થિરતા કેમ સંધાય ! પર્યુષણમહાપર્વ આત્મસ્થૈર્ય પર્વ છે. પવિત્ર ભીતરી ભાવથી ભીતરી આત્મભાવ સધાય છે.

આ વાત આપણે સાંભળી છે છતાં તેને દોહરાવીએ. દશજણા નદીએ નહાવા ગયા. સ્નાન કરીને બહાર આવ્યા ત્યારે દસમાંથી એકે કહ્યું કે આ નદી દર વર્ષે કોઇકનો ભોગ લે છે. આપણામાંથી કોઇ ઓછું થયું નથી ને ? સબ સલામત છે ? ગણતરી કરીએ. લાઇનમાં નવ જણા ઊભા રહે છે. એક વ્યક્તિ ગણતરી કરે છે. ગણતરી કરતાં નવ જ થયા. દશમો ક્યાં ? બીજો કહે, "હું ગણું. નવ થયા, દશમો ક્યાં ?" બધાએ ગણતરી કરી 'દશમો' ક્યાં ? કહીને રડવા લાગ્યાં. અમારા એક ભેરુનો આ નદીએ ભોગ લીધો. એક સજ્જન ત્યાંથી પસાર થતાં હતા. તેમણે રડવાનું કારણ પૂછ્યું. સજ્જને કહ્યું, કે મારી પાસે મંત્રવિધિ છે. તમારો દશમો ભેરુ ગમે ત્યાં હશે તેને હું લઇ આવીશ. બધા રાજી થયા. સજ્જને કહ્યું, કે તમે બધાય આંખો બંધ કરો. આ મંત્રનો મનમાં જાપ કરો. પછી આંખો ખોલાવી. સજ્જને કહ્યું કે હવે હું દરેકના મસ્તક ઉપર સ્પર્શ કરીશ. તમારે એક, બે, ત્રણ, ચાર એમ બોલવાનું. એક ઉપર સ્પર્શ કર્યો તે કહે એક, બીજાના મસ્તકે સ્પર્શ કર્યો બે, એમ નવમા માથે સ્પર્શ કર્યો અને છેલ્લે દશમાં માથે સ્પર્શ કર્યો. દશ થઇ ગયા. દશમો મળી ગયો. પણ આપણી ભીતર દશમો છે તે કોણ ? બાહ્ય ભાવમાં રાચતાં આપણને દશમો કોણ છે તેની ખબર નથી, જે ભીતરમાં છે. આત્મસ્થૈર્યથી ભીતરી આત્મા ભળાય છે. અનુભવાય છે.

ઝેન ગુરુ પાસે શિષ્ય થઇને કોઇ આવે તો ઝેન ગુરુ પૂછે કે તારો મૂળ ચહેરો કયો? બાહ્ય ચહેરો ગમે તેટલો વ્રત, તપ, દાન, યમ, નિયમ પાળતો હોય છતાં અંતરનો ચહેરો તપસ્વી બન્યો પણ હોય અને ન પણ બન્યો હોય. મહોરાવાળાને આત્મસ્થૈર્ય કેમ આવે ? પર્યુષણ મહાપર્વમાં મહોરાવાળા ચહેરાને ભસ્મીભૂત કરી અસલ ત્રિકાળ શુદ્ધ, નિરભ્ર, અપરિણામી, ચૈતન્યમય ચહેરાથી આત્મસ્થૈર્ય સધાય છે. જે જે વ્યક્તિઓ સિદ્ધિને પામ્યા છે તે તે આત્મસ્થિરતા પામ્યા હોય છે. શ્રી અર્જુને ઉપર ફરતી માછલીની આંખની કીકીનું નિશાન સાધ્યું. ત્યાં આત્મસ્થિરતા હોય છે છતાં તે બાહ્ય સ્થિરતામાં મૂકી શકીએ. આપણા મુનિરાજોને કેવા કેવા ઉપસર્ગ આવ્યા! ત્યાં તેઓ આત્મસ્થૈર્ય સાધી સિદ્ધત્વને પામ્યા છે. આઠ દિવસની નિરંતર આરાધના અંશે અંશે આત્મસ્થિરતાને આપે છે. સાધકના ઉપાદાનમાં સામર્થ્ય છે તો અવશ્ય સધાય છે.

એક સંન્યાસીએ હિમાલયમાં તપશ્ચર્યા કરીને પાણી ઉપર ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત કરી. ગુફાવાસી એક સંન્યાસી ગંગાઘાટે આવ્યા. તેમાં સિદ્ધિવાળા સન્યાસીએ ગુફાવાસી સંન્યાસીને જોયા. તે કહે છે કે ગંગાના સામા કિનારે જવું છે ને ? મારી સાથે ચાલો - પાણી ઉપર ચાલવાની મને સિદ્ધિ મળી છે. આપણે બંને ગંગાના સામા કિનારે જઇએ. બંને સામા કિનારે પહોંચ્યા ! ત્યારે ગુફાવાસી સંન્યાસીએ કહ્યું કે હે વત્સ બાહ્ય સ્થિરતા સાધી તે આ સિદ્ધિ મેળવી પણ આત્મસ્થિરતા સાધી આત્મદર્શન પામી જા. તારા ભવભ્રમણના ફેરા મટી જશે. સિદ્ધિવાળો સંન્યાસી જાગૃત થઇ ગયો. તેઓશ્રીના ચરણોમાં નમી પડ્યો.

આત્મસ્થિરતાનો માર્ગ મેળવી આત્મમય બની ગયો.

પર્યુષણ મહાપર્વ ભવભ્રમણના નાશનું પર્વ છે. અષ્ટદિવસની અપૂર્વ આરાધનાથી આત્મસ્થિરતા સધાય છે. તે માટે પાંચ ઇન્દ્રિયોમાં જતી રુચિ આત્મ આરાધનામાં વાળવી પડે. મનનો ઉપયોગ વારંવાર પર પ્રતિ જતો હોય તે ઉપયોગને પરભાવમાંથી વાળીને સ્વ તરફ લાવવાનો પુરુષાર્થ સદ્ગુરુ નિશ્રામાં થાય છે. એકાન્તમાં બેસીને આત્મચિંતનની ધારામાં આત્મસ્વભાવને આરાધતાં આરાધતાં અનુક્રમે આત્મ સ્થિરતા સધાય છે. ત્યારે શું બને છે ? સર્વત્ર આત્મમય સ્થિતિ સર્જાય છે.

સ્વામી નિત્યાનંદ અપૂર્વ આરાધના સાધી ભીતરીભાવમાં ઘણા સ્થિરતા પામેલા મહાપુરુષ હતા. તેમના શિષ્યોને તેઓએ આત્મધારાના સત્માર્ગને બતાવ્યો હતો. સ્વામી નિત્યાનંદનો અંતિમ સમય આવ્યો ત્યારે તેઓના અંતિમ શબ્દો તેમની પવિત્રધારામાંથી બહાર આવ્યા-ગૃહણામિ ?

"किं करोमि ? कव गच्छामि ? किं गृहणामि ? किं त्यजामि ? आत्मना पूरितं सर्वं । महाकल्प अम्बुना यथा । "

અર્થાત્ શું કરું ? ક્યાં જાઉં ? શું ગ્રહણ કરું? શું ત્યાગ કરું ? જ્યારે બધું જ આત્મમય હોય ત્યારે શું? જેમ યુગને અંતે વરસનાર વરસાદથી બધું જળમય બની જાય છે તેમ જ્યાં જાઉં ત્યાં આત્મા જ આત્મા દેખાય છે. બધે હું ને હું જ જણાઉ છું. આત્મસ્થૈર્ય થતાં આત્મમય પરિણામ સહજ થઇ જાય છે. પર્યુષણપર્વની ગહન આરાધના સાધકને સિદ્ધત્વ અપાવે છે.

અષ્ટદિવસની આરાધના શ્વેતામ્બર પર્વાધિરાજમાં હોય છે. દિગંબરપર્વમાં દસદિવસની આરાધના હોય છે, જે દશલક્ષણધર્મ તરીકે પ્રસિદ્ધ છે. ગચ્છ-મત-અભિપ્રાયથી મુક્ત થઇ આત્મસ્થિરતાના લક્ષે કાર્યસિદ્ધિ અવશ્ય થાય છે.

પર્વાધિરાજ પર્યુષણપર્વ અનેક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. દાનધર્મ, તપશ્ચરણ, એકાન્ત, ઇન્દ્રિયોનું સંગોપન, બાહ્યભાવની મુક્તિ, અંતર્મનનનો અવસર પર્વાધિરાજમાં પ્રાપ્ત થાય છે. આ અધ્યાત્મપર્વને ક્ષમાપનાપર્વ પણ કહેવાય છે. આઠમા દિવસે સંવત્સરી પ્રતિક્રમણ હોય છે. સંવત્સરીની એક દૃષ્ટિ ક્ષમાપનાની છે, જે અંતરંગ પ્રક્રિયા છે.

"खामेमि सव्वे जीवा सव्वे जीवा खमन्तु मे ।
मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणई ।"

ચાર ચરણ છે.

सव्वे जीवा खामेमि = હું સર્વ જીવને ખમાવું છું.

मे सव्वे जीवा खमन्तु = સર્વ જીવ મને ક્ષમા આપો.

मित्ति मे सव्य भूएसु = સર્વ જીવ સાથે મને મિત્રતા છે.

वेरं मज्झं न केणइ = કોઇ સાથે મારે વેરભાવ નથી.

જૈનધર્મીઓ આઠમા દિવસે સાંજે કહે છે 'मिच्छा मि दुक्कडम्' અર્થાત્ मिथ्या मे दुष्कृतम् મારું કહેલું કોઈપણ વિપરીત કાર્ય મિથ્યા થાઓ. નિષ્ફળ થાઓ. સમભાવ ધારણ કરી પર્વાધિરાજની ગવેપણા કરે છે.

**'સર્વ જીવને મારા મિચ્છા મિ દુક્કડમ્'**

• • •

**પર્વાધિરાજ પર્યુષણે સાધક મુમુક્ષુને .....**

(પાના નં. ૯ પરથી ચાલુ...)

સઘળી બાબતોનો વિચાર કરજે. સાચી ક્ષમાના પાવન ઝરણામાં ડૂબકી મારીને પાપી પણ પુણ્યશાળી બને છે પરંતુ આડંબરયુક્ત ગતાનુગતિક ક્ષમામાં ડૂબકી મારીને માનવી એવો ને એવો જ પથ્થર જેવો રહે છે.

મારો આ પત્ર સાધનાના કાગળ પર લખું છું. એમાં ભાવનાથી ભરેલા અક્ષરો છે અને તે અહિંસાની લિપિમાં લખાયેલા છે. એને સ્નેહથી, પ્રેમથી, જાગૃતિથી, ભાવથી વાંચજે, એ જ મારી અભ્યર્થના અને અન્ય મુમુક્ષુ સાધકવૃંદને પત્ર વંચાવવાની સાથે મારા જય જિનેન્દ્ર સાથે સ્મરણ કહેજે.

**લિ. સાધકપ્રિય પર્યુષણ પર્વ**

પરમ પૂજ્ય શ્રી અમિતગતિ આચાર્ય વિરચિત

# શ્રી અમિતગતિ સામાયિક પાઠ

## એક અનુચિંતન

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(શ્લોક - ૧૧)**

**बोधिः समाधिः परिणाम शुद्धिः,**
**स्वात्मोपलब्धिः शिवसौख्यसिद्धिः ।**
**चिन्तामणिं चिन्तितवस्तुदाने,**
**त्वां वन्द्यमानस्य ममास्तु देवि ॥११॥**

**अन्वयार्थ :** देवि - = હે સરસ્વતી માતા !, चिन्तित वस्तुदाने = મનવાંછિત વસ્તુ આપવાવાળી, चिन्तामणिं = ચિંતામણિ રત્ન સમાન, त्वाम् = આપને, वन्द्य मानस्य मम = વંદન કરવાવાળા મને, बोधिः = કેવળજ્ઞાન, समाधिः = સમાધિ, परिणामशुद्धिः = પરિણામોની શુદ્ધિ, स्वात्मोपलब्धिः = આત્માનો અનુભવ - સ્વસંવેદન આત્મજ્ઞાન, शिवसौख्य सिद्धिः = મોક્ષસુખની પ્રાપ્તિ, अस्तु = થાય.

**● ગુજરાતી પદ્યાનુવાદ :**

પ્રભુવાણી ! તું મંગલમયી મુજ શારદા હું સમજતો,
વળી ઈષ્ટ વસ્તુ દાનમાં, ચિંતામણિ હું ધારતો;
સુબોધ ને પરિણામશુદ્ધિ, સંયમને વરસાવતી,
તું સ્વર્ગના દિવ્ય ગીત સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી.

**● ગદ્યાનુવાદ - ભાવાર્થ :**

હે સરસ્વતી દેવી ! આપ મનવાંછિત વસ્તુ આપવાવાળા ચિંતામણિ રત્ન સમાન છો, તેથી હું તમને વંદન કરીને મને તમારા કૃપાપ્રસાદથી બોધિ, સમાધિ, ભાવોની શુદ્ધિ, આત્મસ્વરૂપની પ્રાપ્તિ તથા મોક્ષસુખની પ્રાપ્તિ થાઓ એવી વિનંતી - પ્રાર્થના કરું છું.

**● વિશેષાર્થ :**

સર્વજ્ઞ-વીતરાગ-હિતોપદેશક એવા પરમ-કૃપાળુ પરમાત્માની વાણી જગતના સર્વ જીવોનું કલ્યાણ કરનારી છે. તેની આચાર્યશ્રી ત્રણ વિશેષણોથી પરમભક્તિ કરે છે :

**(૧) મંગલમયી :** મમ્+ગલ એટલે મમકારને ગાળનારી અને મંગ+લા એટલે અતીન્દ્રિય - આત્મિક સુખને લાવનારી એમ બે પ્રકારે મંગલ શબ્દનો અર્થ છે.

**(૨) શારદા :** વિદ્યાની દેવી શારદા છે, જેમને સરસ્વતી પણ કહે છે. પરમાત્માની વાણી તે વીતરાગવાણી છે; જેને વાંચવા, વિચારવાથી અને અનુસરવાથી સાચું જ્ઞાન-સત્યજ્ઞાન-સમ્યક્‌જ્ઞાન પ્રગટે છે. જેનું જ્ઞાન સમ્યક્ થાય તેનું આચરણ-ચારિત્ર પણ નિર્મળ થાય છે.

**(૩) ચિંતામણિ :** ઇચ્છિત વસ્તુને આપનાર એક માત્ર ચિંતામણિ રત્ન માનવામાં આવે છે. અહીં વીતરાગવાણીને રત્નચિંતામણિ કહી તે યોગ્ય જ છે, કારણ કે જીવ માત્રને ઈષ્ટ એવા અભ્યુદય અને ભવ્ય જીવોને નિઃશ્રેયસ મોક્ષસુખ આપનારી એવી ભગવાનની વાણી છે.

આવી મહાન અલૌકિક પરમાત્માની વાણીના ત્રણ મહાપુરુષોએ પાંચ પાંચ વિશેષણ આપી તેનું માહાત્મ્ય સમજાવવાનો પ્રયત્ન કર્યો છેઃ

(૧) સકળ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી, પ્રમાણી છે.

**- પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર**

(૨) जिनवचनं औषधमिदं विषयसुख विरेचनं अमृतभूतं, मृत्युजराव्याधि हरणं, क्षयकरणं सर्व दुखानां ॥

– श्री दर्शनपाहुड (आचार्यप्रवर कुंदकुंदस्वामी)

(૩) विवेकाय प्रबोधाय हिताय प्रशमाय च,
सम्यक्तत्त्वोपदेशाय, सतां सूक्तिः प्रवर्तते ॥

**– श्री ज्ञानार्णव, आचार्यश्री शुभचंद्राचार्य**

**ઉપસંહાર - બોધ :** આપણે સત્સંગની ઉપાસના દ્વારા શ્રી સદ્‌ગુરુનો સૂક્ષ્મ બોધ ગ્રહણ કરવો જોઇએ, જેથી તત્ત્વનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય. સત્પાત્રતા હોય તો બોધ દ્વારા તત્ત્વની યથાર્થ સમજણ આવે. યથાર્થ સમજણ થવાથી ધીરે ધીરે અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા તેનું શ્રદ્ધાન થાય છે અને પોતાને અન્ય સર્વ પદાર્થોથી ભિન્ન પોતાના આત્મસ્વરૂપનું ભાન થાય છે. ક્રમે કરીને તેમાં લીનતા થતાં સ્વસંવેદન દ્વારા નિશ્ચય સમ્યગ્‌દર્શનનું પ્રાગટ્ય થાય છે; જે આપણને થોડા ભવોમાં જ કર્મબંધથી છોડાવીને મોક્ષસુખમાં સ્થાપિત કરી દે છે.

આ બધું માહાત્મ્ય વીતરાગવાણી (પરમાત્માની વાણી) નું છે એટલે આચાર્યશ્રી આપણને પરમવિનય અને વિવેકપૂર્વક વીતરાગવાણીને અંગીકાર કરવાની પ્રેરણા આપે છે. યથા :

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગનાં કાયરને પ્રતિકૂળ.

**- શ્રીમદ્‌ રાજચંદ્ર**

જગસુહિતકર, સબ અહિતહર
શ્રુતિ સુખદ સબ સંશય હરે;
ભ્રમરોગ હર જિનકે વચન
મુખચંદ્ર તેં અમૃત ઝરૈં.

**- શ્રીછહઢાલા**

**શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ**

**સમ્યક્ તપ .....**

(પાના નં. ૧૯ પરથી ચાલુ...)

પોતાના નિરાળા, અદ્‌ભુત, લઘુ આધ્યાત્મિક ન્યાયગ્રંથ 'શ્રીસ્વરૂપસંબોધન'માં કરતાં રત્નત્રયધારી યોગીને કહે છે કે હે યોગીરાજ !

**यस्य मोक्षेऽपि नाकांक्षा स मोक्षमधिगच्छति ।**
**इत्युक्त्वाद्धितान्वेषी कांक्षा न क्वापि योजयेत् ॥ २१ ॥**

અર્થાત્ જેને મોક્ષની પણ ઇચ્છા નથી રહેતી તે મનુષ્ય જ મોક્ષને પ્રાપ્ત કરી લે છે, એવું સર્વજ્ઞદેવ દ્વારા આગમમાં કહ્યું છે. તે કારણે પોતાના હિતની ખોજમાં લાગેલ વ્યક્તિએ કોઇપણ પ્રકારની આકાંક્ષા કરવી જોઇએ નહીં. અન્યત્ર પણ કીધું છે કે :-

**तथाप्यतितृष्णावान हन्त ! मा भूस्त्वमात्मनि ।**
**यावत् तृष्णा प्रसूतिस्ते तावन्मोक्षं न यास्यसि ॥**

અર્થાત્ હે આત્મન્ ! પૂર્વોક્ત પ્રકારે આત્મતત્ત્વનું ચિંતન કરવાથી પણ તું પોતાના વિષયમાં અર્થાત્ સ્વરૂપપ્રાપ્તિ (મોક્ષપ્રાપ્તિ) માં પણ અતિતૃષ્ણાવાન થઈશ નહીં કારણ કે અંતરમાં કોઇ પણ પ્રકારની તૃષ્ણા હોતા તું મોક્ષને પ્રાપ્ત કરી શકીશ નહીં.

આશય એ છે કે ઇચ્છા ચાહે સાંસારિક વિષયો સંબંધી હોય કે ચાહે મોક્ષ સંબંધી પરંતુ બન્ને વ્યાકુળતાની જ જનની હોવાથી દુઃખદાયી જ છે. હા, એ જરૂર છે કે પરમાર્થ સંબંધી ઇચ્છામાં લૌકિક વાસના ન હોવાથી પરંપરાથી તે આપણી મુક્તિમાં સહાયક થઇ શકે છે પરંતુ તત્ક્ષણ તો તે પણ વ્યાકુળતારૂપ હોવાથી સ્વરૂપસમાધિમાં બાધક જ બને છે. લૌકિક ઇચ્છા તો તત્ક્ષણ અને આગામી કાળમાં પણ એકાંતે દુઃખરૂપ જ છે. તેથી તે સર્વભૂમિકાઓમાં એકાંતથી ત્યાજ્ય છે; માટે આ લૌકિક વાસનાઓને જ આપણે સૂક્ષ્મરૂપથી સમજવાનો પ્રયત્ન કરીશું અને તપના મુખ્ય **'ઇચ્છા-નિરોધ'** લક્ષણમાં પ્રધાનરૂપથી આ લૌકિક વાસનાઓના નિરોધનો જ શ્રીજિનદેવનો ઉપદેશ છે. (ક્રમશઃ)

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## શ્રી અનંતનાથ સ્વામી સ્તવન (ગતાંકથી ચાલુ)

ગણિશ્રી દેવચંદ્રજી શ્રી અનંતનાથ ભગવાનની મૂર્તિના દર્શનથી વર્તતો ભાવોલ્લાસ અને આત્માની વિશુદ્ધિનું વર્ણન કરી રહ્યાં છે. જિનપ્રતિમાને જોતાવેંત મુમુક્ષુ જીવના પરિણામ સહજપણે શાંત થઇ જાય છે. આ માટે ક્યારેક સમય ફાળવી એકાંતમાં જિનદર્શન કરીએ અને એકાગ્રતાથી પ્રભુને નિહાળીએ તો ચોક્કસ આવી અનુભૂતિ થશે. શ્રી શાંતિનાથ ભગવાનની પ્રશમરસ ઝરતી મૂર્તિને જોઇને જ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના અંતરમાંથી આ સ્તુતિ સરી પડી હશે કે :

*પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને,*
*પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વ દાને;*
*નીરાગી મહા શાંત મૂર્તિ તમારી,*
*પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.*

એક વખત શ્રીમદ્જી શ્રી લઘુરાજસ્વામી આદિ મુનીઓ સાથે ઇડર હતા ત્યારે એક જિનમંદિરના દ્વાર ખોલાવી મુનીઓને જિનેશ્વર ભગવાનના દર્શન કરાવ્યા અને બોલી ઊઠ્યા, “જુઓ, જુઓ **સાક્ષાત્** ભગવાનને !” આ સર્વે મુનીઓએ તો તેમના જીવનમાં આ પહેલી વાર જ જિનપ્રતિમાના દર્શન કર્યા. પરમકૃપાળુદેવે તેમાં પણ જે સાક્ષાત્પણાનો અનુભવ કરાવ્યો તેથી સૌ મુનીઓએ અત્યંત ધન્યતા અનુભવી !

પૂજ્યશ્રી આત્માનંદજી તેઓશ્રીના બોધમાં કહેતા હોય છે કે આપણે અનેક તીર્થોમાં અનેક જિનપ્રતિમાના દર્શન કર્યા હોય તેમાંથી કોઇ મૂર્તિ દેવચંદ્રજીની જેમ “મુજ નયણે વસીજી” એવું ચોક્કસ બને. તો તેને હૃદયમંદિરમાં ટંકોત્કીર્ણવત્ બેસાડી દેવી અને અવારનવાર તેની વીતરાગતાનું ધ્યાન કરવું.

જિનપ્રતિમાનું કેવું અચિંત્ય માહાત્મ્ય હશે કે ત્રણ લોકમાં કુલ મળીને આઠ કરોડ, છપ્પન લાખ, સત્તાણુ હજાર, ચારસો એકાસી અકૃત્રિમ (કોઇના બનાવેલ નહીં એવા સ્વયંભૂ શાશ્વત) જિનમંદિર છે; તેમજ વ્યંતર, જ્યોતિષી દેવલોકમાં અસંખ્યાત જિનમંદિરો છે. પર્વના દિવસોમાં આ જિનાલયોમાં દેવો દર્શન, વંદન કરવા જાય છે. આપણે પણ ‘કાયોત્સર્ગ કર્મ’ માં ભાવથી તે સર્વે કૃત્રિમ / અકૃત્રિમ જિન-જિનાલયોને વંદન કરીએ છીએ. (જુઓ-શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ પ્રકાશિત “નિત્યક્રમ” - છ આવશ્યક કર્મ/કાયોત્સર્ગ કર્મ/ પૃષ્ઠ-૧૬)

શ્રી અનંતનાથ ભગવાનની મૂર્તિથી થતાં ઉલ્લાસમય ભાવોને આગળ વધારતાં દેવચંદ્રજી કહે છે :

**મીઠી હો પ્રભુ, મીઠી સૂરત તુજ,**
**દીઠી હો પ્રભુ, દીઠી રુચિ બહુમાનથીજી;**
**તુજ ગુણ હો પ્રભુ, તુજ ગુણ ભાસન યુક્ત,**
**સેવે હો પ્રભુ, સેવે તસુ ભવભય નથીજી. ૫**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! તારી સૂરત, તારી મુખમુદ્રા એટલી મીઠી લાગે છે કે તેને હું રુચિ અને બહુમાનપૂર્વક જોઉં છું અને ત્યારે તારા ગુણોનું મારા આત્મામાં ભાવભાસન થવા લાગે છે. આ પ્રકારે જે કોઇ તારી સેવના કરે છે તેને ભવનો ભય રહેતો નથી. (સૂરત = મુખમુદ્રા, ચહેરો; ભાસન = ભાસવું, feel થવું; તસુ = તેને).

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી પ્રભુને કહે છે કે તારી સૂરત, અર્થાત્ તારી મુખમુદ્રા મને ખૂબ મીઠી લાગે છે. તે મીઠી સૂરતમાંથી નીખરતી સૌમ્યતા, વીતરાગતા, પ્રસન્નતા, નાસાગ્ર દૃષ્ટિ, હોઠ પર અતિ મંદ સ્મિતની લકીર જોઇને હું તારા પર વારી જાઉં

છું ! તારા મુખની મીઠાશ જોઇને જગતના સર્વ પદાર્થોમાં માની લીધેલી મીઠાશ હવે ફિક્કી લાગે છે. તારા શાંતરસની મીઠાશનો આસ્વાદ માણતાં હવે કદાચિત્ મીઠાઇના થાળ તો શું પણ હીરામાણેકના થાળ પડ્યા હોય તો પણ તે તુચ્છ લાગે છે. તાત્પર્ય એ કે પ્રભુદર્શનથી એવી ધન્યતા અનુભવાય છે. પ્રભુનું એવું મીઠું સ્વરૂપ નિહાળી ક્યારેક તો આનંદના અતિરેકમાં પ્રભુની સામે નૃત્ય પણ થવા લાગે છે. પ્રભુની મૂર્તિ દીઠી અને લાગી મીઠી તેનું કારણ ખરેખર તો એ છે કે સાધકને તેમના જેવી વીતરાગતા પ્રાપ્ત કરવાની રુચિ જાગી છે અને તેથી પ્રભુના અનેકાનેક ગુણો પ્રત્યે બહુમાન જાગ્યું છે. તેથી કહે છે - **"દીઠી રુચિ બહુમાનથીજી"**. રુચિ અનુયાયી વીર્ય પછી **"તુજ ગુણ ભાસન યુક્ત"** તે ગુણોનું ભાવભાસન કરવાના પુરુષાર્થમાં લાગી પડે છે. આ છે પ્રભુની નિશ્ચયનયથી સેવના. આવા ગુણપ્રત્યયી ભાવભાસનના પરિણામે સાધકને સ્વયં એવો અનુભવ થાય છે કે હું ભગવાન જેવા જ મારા આત્મસ્વરૂપની નિકટ જઇ રહ્યો છું. **"તસુ ભવભય નથીજી"**- શમ, સંવેગ આદિ ભાવોની વૃદ્ધિ થતાં અંતરમાં એવો વિશ્વાસ જાગે છે કે પ્રભુ અને ગુરુઆજ્ઞાના શરણમાં રહીને હવે થોડા જ ભવોમાં મોહશત્રુનો નાશ કરી હું પ્રભુની જેમ જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થઇ જઇશ. તેથી હવે તેને ભવભ્રમણનો ભય ટળી જાય છે, કારણકે શ્રીમદ્જી પત્રાંક-૭૬ માં કહે છે તેમ આવા નિકટભવી સાધકને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવ જ રહે છે. પ્રભુદર્શનથી થતી ઊર્ધ્વગામી આત્મદશાનું વધુ વર્ણન કરતાં આગળ કહે છે :-

**નામે હો પ્રભુ, નામે અદ્ભુત રંગ,**
**ઠવણા હો, પ્રભુ ઠવણા દીઠે ઉલ્લસેજી;**
**ગુણ-આસ્વાદ હો પ્રભુ ગુણ-આસ્વાદ અભંગ**
**તન્મય હો પ્રભુ, તન્મયતા એ જે ધસેજી. ૬**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપના નામસ્મરણ માત્રથી અદ્ભુત આનંદના રંગ ઊભરાય છે અને આપની પ્રતિમાના દર્શનથી હૈયું ઉલ્લસિત થઇ જાય છે. આપની મૂર્તિ જોઇને જે પોતાના આત્મસ્વરૂપમાં તન્મય થાય છે તે પ્રભુ જેવા જ આત્મિક ગુણોના અભંગ, અખંડ, આસ્વાદને માણે છે. (ઠવણા = સ્થાપના, સ્થાપનાનિક્ષેપથી પ્રતિષ્ઠિત પ્રતિમા; અભંગ = જેમાં ભંગ ન પડે તેવું અખંડ)

**વિશેષાર્થ :** અહીં નામનિક્ષેપ અને સ્થાપના નિક્ષેપથી પ્રભુભક્તિ અને તેનું પારમાર્થિક ફળ બતાવ્યું છે. પ્રભુની મૂર્તિ અને તેમનું લાંછન (શાહુડી) જોતાં તેમના નામનું સ્મરણ થાય છે કે આ તો મારા અનંતનાથ ભગવાન - અનંત ચતુષ્ટયના સ્વામી, અનંત શાંતિ અને આનંદના ભંડાર ! નામસ્મરણથી તેમના અલૌકિક ચરિત્રનું સ્મરણ થાય છે અને હૈયું પુલકિત થઇ જતાં **"નામે અદ્ભુત રંગ"** - પ્રભુ પ્રત્યે અદ્ભુત ભક્તિનો રંગ જામે છે. એટલું જ નહિ, પણ પ્રભુની વીતરાગતાના રંગથી ભક્તમાં પણ વૈરાગ્યનો રંગ ઊતરે છે. ઠવણા અર્થાત્ વિધિવત્ સ્થાપના થયેલ પ્રતિમાના દર્શનથી, **"ઠવણા દીઠે ઉલ્લસેજી"** - ભક્તનું હૃદય ઉલ્લસિત થાય છે, એક અપૂર્વ રોમાંચ અને આનંદથી હૈયું ભરાઇ જતાં અશ્રુપાત પણ થઇ જાય છે. પ્રભુની મૂર્તિના અવલંબનથી ભક્તિના અદ્ભુત રંગમાં ડૂબતો અને તન્મય થતો પ્રભુનો આ પરમ ભક્ત તન્મયતા ગાઢ બનતાં શીઘ્રગતિએ કરણલબ્ધિના સોપાનો પાર કરી પરાભક્તિ તરફ ધસે છે (તન્મયતાએ જે ધસેજી) અને કોઇ ધન્ય સમયે નિર્વિકલ્પપણે નિજસ્વરૂપમાં પ્રગાઢપણે તન્મય અને એકાકાર થતાં પ્રભુ જેવા જ અતીન્દ્રિય ગુણોનો અભૂતપૂર્વ આસ્વાદ માણે છે. એક વખત તે સ્વાનુભૂતિનો આસ્વાદ ચાખ્યા પછી તો **"ગુણ-આસ્વાદ અભંગ"** - તેને પ્રભુની જેમ અભંગપણે માણવા તે કટિબદ્ધ થઇ તે જ ભવે કે થોડા જ ભવોમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અનંત આત્મિક ગુણોનો આસ્વાદ અભંગપણે, અખંડપણે, સાદિ અનંત અનંત કાળ સુધી ભોગવશે. આ છે પ્રભુની ભક્તિમાં પ્રેમ અને પ્રતીતિથી ભક્તે કરેલા નિષ્કામ Investment નું ફળ ! પ્રભુની પારમાર્થિક ભક્તિ

અને તેથી મળતા સર્વોત્કૃષ્ટ ફળની વાત ફરી એકવાર કરી દેવચંદ્રજી સ્તવનની પૂર્ણાહુતિ કરે છે :

**ગુણ અનંત હો પ્રભુ, ગુણ અનંતનો વૃંદ,**
**નાથ હો પ્રભુ, નાથ અનંતને આદરેજી;**
**દેવચંદ્ર હો પ્રભુ, દેવચંદ્રને આનંદ,**
**પરમ હો પ્રભુ, પરમ મહોદય તે વરેજી, ૭.**

**શબ્દાર્થ :** અનંત ગુણોના સમૂહ એવા શ્રી અનંતનાથની જે આદરપૂર્વક ઉપાસના કરે છે તે દેવોમાં ચંદ્ર સમાન એવા પરમ મહોદય પદને વરે છે, જેનો આ દેવચંદ્રને આનંદ છે. (વૃંદ = સમૂહ; મહોદય = મહાન ઉદય, મહાભાગ્યવાનપણું, મહાન ઉત્કર્ષ)

**વિશેષાર્થ :** શ્રી અનંતનાથ ભગવાન અનંત શુદ્ધ ચૈતન્યાત્મક ગુણોના વૃંદ અર્થાત્ અનંત ગુણોના સમૂહના સ્વામી છે; એટલું જ નહિ, તે દરેકે દરેક ગુણ પોતપોતામાં અનંત સામર્થ્ય ધરાવે છે. જેમકે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ આદિ. આવું ઐશ્વર્ય પોતામાં શક્તિરૂપે છે એમ શ્રી દેવ-ગુરુ ધર્મ દ્વારા જાણવામાં આવતાં શ્રી દેવચંદ્રજી અને તેમની જેમ આપણે સૌ ભક્તો તે ગુણોનો નિજાત્મામાં આવિર્ભાવ કરવાના કામી હોવાથી અનંતનાથ ભગવાનને અને તેમના ગુણોના વૃંદને પરમ ઉપાદેય માનીને અત્યંત ભક્તિપૂર્વક, બહુમાનપૂર્વક આદરીએ છીએ. **''નાથ અનંતને આદરેજી''** - પ્રભુની આજ્ઞા પ્રમાણે, સદ્‌ગુરુના માર્ગદર્શન અને પ્રત્યક્ષ આજ્ઞા હેઠળ રત્નત્રયરૂપ સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરવી તે જ અનંતનાથને આદરવાનો મુખ્ય ઉપાય છે. દેવચંદ્રજી કહે છે કે **''દેવચંદ્રને આનંદ''** મને તેનો અત્યંત આનંદ છે કે જે સાધક લૌકિક કામનાઓથી રહિત માત્ર સ્વકલ્યાણ હેતુ આ રીતે ઉલ્લાસપૂર્વક પ્રભુને આદરે છે, તે આત્મજ્ઞાન અને આત્મસમાધિની શ્રેણીઓ ચઢતો તે જ ભવે કે આગામી થોડા જ ભવોમાં **''પરમ મહોદય તે વરેજી''** - પરમ ઉત્કર્ષને પામી મહાભાગ્યશાળી બની દેવોમાં ચંદ્ર સમાન એવા સર્વોત્કૃષ્ટ મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

**ઉપસંહાર :** શ્રી અનંતનાથ ભગવાનની શાંત, સૌમ્ય, નિર્વિકારી, સમતારસના કંદસ્વરૂપ, અનુભવરસથી લસલસતી મૂર્તિને નિહાળતાં અને તેમાં મગન થતાં અનેકાનેક તાત્ત્વિક લાભ થાય છે તેનું શ્રી દેવચંદ્રજીએ અભૂતપૂર્વ દર્શન કરાવ્યું. પ્રભુદર્શન જો ઉલ્લાસપૂર્વક તેમના ગુણદર્શન સહિત કરવામાં આવે તો ભવભ્રમણનો તાપ શાંત થાય, મિથ્યાત્વનો નાશ થાય, આત્મસંપત્તિની પ્રાપ્તિ થાય, રત્નત્રયની પ્રાપ્તિ થાય, આસ્રવ-બંધ અટકી સંવર-નિર્જરા થાય, પ્રભુ જેવા જ ગુણોનો આસ્વાદ માણવાની શરૂઆત થઈ જાય અને પ્રભુગુણ સાથે તન્મયતાની પ્રગાઢતા થતાં છેક ''પરમ મહોદયદશા'' - અધધધ ! કેટકેટલાં સર્વોત્કૃષ્ટ આત્મિક લાભો (!) એકમાત્ર પ્રભુની મૂર્તિને દેવચંદ્રજીની જેમ ભાવપૂર્વક નિહાળીને નયણોમાં વસાવવાથી ! હા, પણ તેના માટે કિંમત ચૂકવવી પડે અને તે એ કે આપણા અંતરમાં મુમુક્ષુપણું જાગ્યું હોય, પ્રભુ જેવા બનવાની તાલાવેલી જાગી હોય જેથી પ્રભુને નિહાળતાં સહજપણે આનંદોલ્લાસ ઊભરાતો હોય, ''*નિશદિન નયનમેં નીંદ ન આવે, નર તબ હી નારાયણ પાવે* '' જેવી દશા વર્તતી હોય; ટૂંકામાં, દેવચંદ્રજી જેવા ભક્ત બનીએ પછી મોક્ષ દૂર નથી.

ગણિશ્રી દેવચંદ્રજીનો અનંત ઉપકાર છે કે હવે જ્યારે જ્યારે શ્રી અનંતનાથની કે કોઈપણ તીર્થંકરદેવની મૂર્તિના દર્શન કરીશું ત્યારે ત્યારે તે ''મુજ નયણે વસી'' જાય એ રીતે કરીને આવી સુંદર, ભાવવાહી અને આત્માર્થપ્રેરક ભક્તિનું અવલંબન લઈ આપણા ભાવોને પ્રભુમય કરી સ્વરૂપસ્થિરતા સાધીશું. તે માટે તેઓશ્રીને કોટિ કોટિ વંદન કરી આ સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ. સ્તવનની વિચારણામાં શ્રી દેવચંદ્રજીના આશયથી અલ્પમાત્ર પણ વિપરીત લખાયું હોય તો સર્વ સત્પુરુષોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# સમ્યક્ તપ

**બા.બ્ર. સુરેશજી**

**સ્વરૂપ :-** **''इच्छा निरोधः तपः''** એટલે ઈચ્છાઓનો નિરોધ કરવો તે તપ છે, અથવા **''कर्म क्षयार्थं तप्यते इति तपः''** એટલે કર્મક્ષય માટે તપવામાં આવે તે તપ છે અથવા **''निस्तरंग चैतन्य प्रतपनात तपः''** એટલે ચૈતન્યનું ક્ષોભરહિત નિસ્તરંગ થઈ શોભાયમાન થવું તે તપ છે. પોતાના આત્મસ્વભાવને પ્રગટ કરવા માટે મન, વચન, કાયાની સ્વચ્છંદ પ્રવૃત્તિનો નિરોધ કરી દેહાદિને તપાવવું કે સાધવું તપ કહેવાય છે. આ બધી વ્યાખ્યાઓમાં 'ઈચ્છા-નિરોધ' લક્ષણ અંતર્ભુત છે. 'ઈચ્છા નિરોધ' તપનું પ્રધાન લક્ષણ કેમ છે ? તેનું સમાધાન એ છે કે તપનું ધ્યેય કર્મનિર્જરા છે. કર્મનિર્જરાનું મૂળ કારણ આત્માના મોહ -ક્ષોભરહિત નિસ્તરંગ પરિણામ છે અને મોહ-ક્ષોભ અનાદિકાલીન અવિદ્યાથી ઉત્પન્ન પરદ્રવ્યોમાં સુખ લેવા રૂપ ઈચ્છારૂપી તરંગોથી ઉત્પન્ન થાય છે અર્થાત્ ઈચ્છા રૂપી તરંગોથી આત્મા પોતાના શાંત-નિરાકુળ ચૈતન્ય સ્વભાવથી ચ્યુત થઈને વિક્ષોભને પ્રાપ્ત થાય છે. આ વિક્ષોભ જ કર્મબંધનું મૂળ કારણ છે. તેનાથી વિપરીત ક્ષોભરહિત શાંત-નિરાકુળ સ્વસ્થતા કર્મમુક્તિનું કારણ છે. ઈચ્છાથી આત્મા ક્ષોભને પ્રાપ્ત થાય છે, તેથી ઈચ્છા કર્મનું કારણ છે. ઈચ્છારહિત આત્મા નિરાકુળતાને પ્રાપ્ત થાય છે, તેથી 'ઈચ્છા-નિરોધ' કર્મમુક્તિનું કારણ છે. તેથી 'ઈચ્છા નિરોધ' જ તપનું અવિનાભાવી લક્ષણ સિદ્ધ થાય છે. જ્યાં જ્યાં ઈચ્છાનિરોધ છે, ત્યાં ત્યાં તપ છે અને જ્યાં જ્યાં તપ છે, ત્યાં-ત્યાં ઈચ્છાનિરોધ અવશ્ય છે જ. આ ઈચ્છાનિરોધ ત્રણે કાળ સંબંધી જાણવું જોઈએ અર્થાત્ ભૂતકાળમાં જે અભિલાષાઓ કરી હતી તેના પ્રત્યે કર્તાપણાના ભાવને છોડીને અનાસક્ત થવું, વર્તમાનમાં જે ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે તેનો ચૈતન્ય સ્વભાવના આશ્રયથી નિરોધ કરવો અને જે ભૂતકાળના સંસ્કાર દ્રવ્યકર્મરૂપમાં પડેલા છે તેનો ભાવિમા પણ તે ઉદય થાય તે પહેલા જ નિરોધ કરી દેવો. આ ત્રણેમાં તપનું પ્રધાન લક્ષ્ય આત્મામાં સંચિત સંસ્કાર (દ્રવ્યકર્મ) નષ્ટ કરવાનું છે; એટલા માટે જિનદેવે દશધર્મોમાં સંતોષ (શૌચ) અને તપ બન્નેનું અલગ-અલગ નિરૂપણ કર્યું છે. સ્થૂળરૂપથી જોતાં બન્નેમાં વાસનાઓનો નિરોધ કરવા રૂપ લક્ષણ જ દેખાય છે અને છે પણ એવું જ; માત્ર ભેદ એટલો જ છે કે શૌચ ધર્મમાં વર્તમાન ઉપયોગમાં ચાલી રહેલ વાસનાઓનો નિરોધ છે કારણ કે તે મનને કલુષિત કરતી હતી, તેનો નિરોધ થઈ જવાથી મન પવિત્ર થઈ જાય છે, તેને જ શૌચ ધર્મ કહે છે, જેનું આત્માના સંતોષભાવથી પાલન થાય છે પરંતુ તપ ધર્મમાં અંદર પડેલી સુષુપ્ત વાસનાઓનો ક્ષય કરવા માટે બળ આપવામાં આવે છે કે જેનો હજુ ઉદય થયો નથી તેને તપભાવથી બળપૂર્વક ઉદયમાં લાવી નીરસીભૂત કરીને માત્ર તેનો પ્રદેશોદય કરીને નિર્જરીત કરાય છે. આનાથી જ ધીરે-ધીરે કર્મ નિર્જરિત થઈને જીવ કર્મમુક્ત થઈ જાય છે. તેથી કર્મમુક્તિ માટે તપારાધન પરમ આવશ્યક છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કર્મબંધને (પૂર્વબદ્ધ અને નવીન બન્નેને) શિથિલ કરી દે છે; સમ્યક્ચારિત્ર કર્મબંધને રોકે છે તથા સમ્યક્તપ કર્મની નિર્જરા (પૂર્વબદ્ધ કર્મની) કરી દે છે. તેથી મુક્તિના સાધક માટે શ્રીજિનદેવે ચતુર્વિધ આરાધના (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ)નું નિરૂપણ કર્યું છે, જેનો અંતિમ પડાવ સમ્યક્તપ છે. તપથી જ કર્મોને ખપાવીને વીર-પુરુષ મુક્તિવધૂથી સમ્મિલન કરે છે અને આ કારણે જ જ્ઞાની, વૈરાગી, સહજ સંયમી તીર્થંકરદેવ પણ ગૃહવાસનો ત્યાગ કરી ઘોર તપશ્ચર્યા કરી પોતાના પૂર્ણ સ્વભાવને ઉપલબ્ધ થાય છે. સંક્ષેપમાં ભાવ એ છે કે ''ઈચ્છા નિરોધ તપનું અનન્ય લક્ષણ છે. કર્મનિર્જરા ઈચ્છા નિરોધનું કાર્ય છે અને પરમાનંદરૂપ મોક્ષ તેનું અમૃત ફળ છે.'' એવું જાણીને વિવેકીએ શું કરવું

જોઇએ ? તપશ્ચરણ કરવું જોઇએ. તે માટે શું કરવું જોઇએ ? સર્વ પ્રથમ ઇચ્છાઓનું સ્વરૂપ, તપના ભેદ-પ્રભેદ, તેમની વિધિ આદિને સમ્યક્ પ્રકારે સમજવી જોઇએ અને તેને સારી રીતે સમજીને તેનું અનુષ્ઠાન કરવું જોઇએ. તેથી પહેલા આપણે ઇચ્છાઓના સ્વરૂપને સમજીશું.

## ઇચ્છાનું સ્વરૂપ

*"પરદ્રવ્યોમાં ઇષ્ટ અને અનિષ્ટ બુદ્ધિ કરીને ક્રમશઃ તેને પ્રાપ્ત કરવાના અને તેને દૂર કરવાના ભાવને 'ઇચ્છા' કહે છે."* આ જીવ અનાદિથી અવિદ્યાથી પ્રેરિત થઇને પરદ્રવ્યોમાં જ સુખ-દુઃખ છે એવી માન્યતા કરીને જે દ્રવ્ય તેના મનને સંતુષ્ટ કરે છે તેને ઇષ્ટ જાણીને તેને પ્રાપ્ત કરવાના ઉદ્યમમાં લાગ્યો રહે છે તથા જે દ્રવ્ય તેના મનને (અહીં મનનો અર્થ આત્માના વિભાવભાવ છે) સારું નથી લાગતું તેને દૂર કરવાના પ્રયત્નમાં લાગેલો રહે છે અને બન્ને પ્રયત્નોમાં આકુળ-વ્યાકુળ થાય છે કારણ કે સર્વ પ્રથમ તો આ ઇચ્છા જ સ્વયં દુઃખરૂપ છે કારણ કે આનાથી આત્મા સ્વભાવથી ચ્યુત થઇને આત્મશાંતિ ખોઇ દે છે અને શાંતિ- સુખ તો માત્ર પોતાના સ્વભાવમાં જ છે એ ત્રૈકાલિક પરમ સત્ય છે. બીજું એ કે જીવ ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ અને અનિષ્ટની અપ્રાપ્તિની ઇચ્છા તો પોતાના અજ્ઞાનના સહયોગથી કરી શકે છે પરંતુ તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિ તેની ઇચ્છાને આધીન નથી કારણ કે તે તો કર્માધીન છે. પુણ્યનો ઉદય હોય તો તેની ઇચ્છા અનુસાર પ્રાપ્તિ-અપ્રાપ્તિ થાય છે અને તથારૂપ પુણ્યોદય ન હોય તો થતી નથી. ઇચ્છા કરે અને પૂરી ન થાય તો વધારે દુઃખ થાય છે. કદાચિત્ પુણ્યોદયથી (જે સતત રહેતું નથી) તેને પોતાના અભિષ્ટની પ્રાપ્તિ-અપ્રાપ્તિ થઇ પણ જાય તો જે પ્રાપ્તિ થઇ છે તે ફરી ખોવાય નહીં તેની ચિંતા રહે છે અને જો અનિષ્ટની અપ્રાપ્તિ થાય તો તેનો ફરી સંયોગ ન થઇ જાય તેની ચિંતા રહે છે. માટે પ્રત્યેક પરિસ્થિતિમાં તે આ ચિંતાથી દુઃખ જ પ્રાપ્ત કરે છે, સુખ નહી. કદાચિત્ ઇચ્છાનું આવું ભયાનકરૂપ જાણીને તે આ ઇચ્છાથી છૂટકારો મેળવવા ઇચ્છે તો તેના ગાઢ સંસ્કાર પડી જવાથી તેનો (ઇચ્છાનો) ત્યાગ કરવામાં પણ અતિપરિશ્રમ કરવો પડે છે. આવી એકાંતથી અનિષ્ટકારી ઇચ્છાને કોણ વિવેકવાન કરવા ઇચ્છશે ? અર્થાત્ કોઇ નહીં.

આવો જ કલ્યાણનો ઉપદેશ દેનાર **'ઇષ્ટોપદેશ'** ગ્રંથમાં જાગતિક ઇચ્છાઓનો નાશ કરી જે દેવો દ્વારા પૂજાયેલ છે એવા શ્રી પૂજ્યપાદ સ્વામીએ કહ્યું છે કે :-

**आरम्भे तापकान्प्राप्तावतृप्तिप्रतिपादकान् ।**
**अन्ते सुदुस्त्यजान् कामान् कामं कः सेवते सुधीः ॥ १७ ॥**

અર્થાત્ પ્રારંભમાં સંતાપને વધારનાર, પ્રાપ્ત થતાં અતૃપ્તિ વધારનાર અને અંતમાં અતિપરિશ્રમથી છોડાય એવા વિષયભોગોનું કોણ બુદ્ધિમાન રુચિપૂર્વક સેવન કરશે ? અર્થાત્ કોઇ નહીં.

તેથી આ નિર્વિવાદ રૂપથી સિદ્ધ છે કે કોઇપણ પ્રકારની ઇચ્છા એકાંતથી દુઃખકારી છે અને તે સર્વ પ્રકારે ત્યાજ્ય છે.

**શંકા :-** શું દેવ ગુરુ-ધર્મ, રત્નત્રય અને મોક્ષપ્રાપ્તિની ઇચ્છા પણ દુઃખદાયી છે ?

**સમાધાન :-** તેનો જવાબ પણ સિદ્ધાંત દૃષ્ટિથી તો 'હા' જ છે કારણ કે મોક્ષાદિ પણ ઇચ્છાપૂર્વક પ્રાપ્ત કરાતા નથી, તે પણ ઇચ્છાઓના ત્યાગપૂર્વક જ પ્રાપ્ત થાય છે. ઇચ્છા તો એકાંતથી વ્યાકુળતા જ ઉત્પન્ન કરે છે, ચાહે તે ધર્મસંબંધી હોય કે સંસારસંબંધી. પરંતુ નીચેની ભૂમિકાવાળા જે જીવોને સંસાર સંબંધી અનેક ઇચ્છાઓ મનને નિરંતર કલુષિત કરતી રહે છે તેને છોડાવવા માટે પરમાર્થ સંબંધી શુભેચ્છાઓ કરવાની આજ્ઞા જિનદેવે કરી છે, પરંતુ તેમાં સાંસારિક ભોગાદિની વાસનાઓ હોતી નથી માટે તેને ઇચ્છાઓ ન કહેતાં 'ભાવનાઓ' કહે છે. *"સાંસારિક ભોગાભિલાષાઓને ઇચ્છા કહેવાય છે અને પરમાર્થ પ્રાપ્તિની ઇચ્છાને ભાવના કહેવાય છે."* આ ભાવનાઓ પણ ઇચ્છાની જાતિની જ છે અને અંતે સૂક્ષ્મરૂપથી વ્યાકુળતાનું જ કારણ છે અર્થાત્ આત્મામાં સૂક્ષ્મરૂપથી ક્ષોભ ઉત્પન્ન કરે છે, તેથી તેને પણ ઉચ્ચ ભૂમિકાવાળા યોગીઓ માટે ત્યાજ્ય જ કહી છે. આ વાતની પુષ્ટિ પ્રકાંડ ન્યાયાચાર્ય શ્રીમદ્ અકલંકદેવ

**(અનુસંધાન પાના નં. ૧૪ પર...)**

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૩)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## આચાર્યશ્રીની લઘુતા-૧

● **મૂળ શ્લોક** : (વસંતતિલકા)

**सामान्यतोऽपि तव वर्णयितुं स्वरुप -**
**मस्मादृशाः कथमधीश ! भवन्त्यधीशाः ।**
**धृष्टोऽपि कौशिकशिशुर्यदिवा दिवान्धो,**
**रुपं प्ररुपयति किं किल धर्मरश्मेः ॥३॥**

● **અન્વયાર્થ** :

**हे अधीश ! तव स्वरुपं वर्णयितुं सामान्यतः**
**अपि अस्मादृशाः अधिशाः कथम् भवन्ति ?**
**यदिवा दिवान्धो धृष्टः अपि कौशिक शिशुः**
**किं किल धर्मरश्मेः रुपं प्ररुपयति ! ॥३॥**

● **શબ્દાર્થ** : **सामान्यतः** - સામાન્ય રીતે, **अपि** - પણ, **तव** - તમારા, **वर्णयितुं** - વર્ણન કરવાને માટે, **स्वरुपम्** - સ્વરૂપનું, **अस्मादृशाः**- અમારા જેવા (મંદમતિવાળા મનુષ્યો, છદ્મસ્થ કર્મયુક્ત જીવો, અલ્પજ્ઞ), **कथम्** - કેવી રીતે, **अधीश** - (હે) સ્વામી, નાથ (!), **भवंति** - થાય, **अधीशाः** - સમર્થ, **धृष्टः** - ચતુર, ધૈર્યવાન, બહાદુર, **अपि** - પણ, **कौशिक** - ઘુવડ(નું), **शिशुः** - બચ્ચું, **यदिवा** - અથવા, **दिवान्धो** - દિવસમાં નહિ દેખનાર, **रूपं** - સ્વરૂપનું, **प्ररुपयति** - વર્ણન કરી શકે, **किं** - શું, કેવી રીતે, **किल** - ખરેખર, **धर्म** - (સૂર્યના) ગરમ, **रश्मेः** - કિરણોનું.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ** :

(હરિગીત)

**સામાન્ય રીતે પણ તમારા રૂપને વિસ્તારવા,**
**જિનરાજ ! શક્તિમાન દુર્લભ મૂઢ મુજસમ છે થવા;**
**દિનઅંધ ધીરજવાન બચ્ચું ઘૂ(વ)ડનું જે તેહથી,**
**નહિ સૂર્ય કેરા રૂપને વર્ણી શકાશે સ્નેહથી .... (૩)**

(મંદાક્રાંતા)

**ગાવા માટે પ્રભુ તુજ ગુણો સ્થૂળરૂપે સમર્થ,**
**મારા જેવો જનગણ પ્રભુ કેમ થાયે સમર્થ ?**
**જો કે દેખી નવ શકતું જે દિનમાં ઘૂ(વ)ડ પોતે,**
**કેવી રીતે વરણવી શકે સૂર્યનું રૂપ પોતે .... (૩)**

● **ભાવાર્થ** : હે નાથ ! સામાન્ય રીતે પણ તમારા (અનંત મહિમામય) સ્વરૂપનું વર્ણન કરવાને અમારા જેવા (અલ્પજ્ઞ) કેમ સમર્થ બની શકે ? અથવા દિવસે અંધ એવું ઘુવડનું બચ્ચું ભલે હિંમતવાન (બહાદુર) હોય તો પણ સૂર્યના સ્વરૂપને કહી શકે ખરું? તાત્પર્ય કે જેમ દિવસે આંધળું ઘુવડનું બચ્ચું સૂર્યના સ્વરૂપનું વર્ણન કરી શકતું નથી, તેમ મારા જેવો અલ્પજ્ઞ તમારા સ્વરૂપનું વર્ણન કરી શકતો નથી.

● **વિશેષાર્થ / પરમાર્થ** : મંગલાચરણમાં (શ્લોક ૧-૨) પ્રભુસ્તુતિ અને સ્તોત્ર રચવાના સંકલ્પ પછી, આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિજી, હવે પછીના ૪ શ્લોકમાં (૩-૬) પોતાની લઘુતા વિનયપૂર્વક દર્શાવે છે. આ ચાર શ્લોકમાં વ્યવહારિક અને લૌકિક દૃષ્ટાંતો દ્વારા (ઘુવડનું બચ્ચું, મહાસમુદ્રના રત્નો, નાનું બાળક અને પક્ષીઓ, અનુક્રમે) આચાર્યશ્રી પોતાના ભાવને સ્પષ્ટ કરે છે. ત્યાર પછીના ૪ શ્લોકમાં (૭-૧૦) પાર્શ્વપ્રભુ અને કલ્યાણમંદિર સ્તોત્રનો મહિમા દૃષ્ટાંતોથી સમજાવે છે.

આ શ્લોકમાં આચાર્યશ્રી કહે છે કે જે દિવસે દેખી શકતું નથી એવું ઘુવડનું બચ્ચું અત્યંત તેજસ્વી પ્રકાશમય સૂર્યના પ્રતાપનું વર્ણન કરવા અસમર્થ છે. એવી જ રીતે હે નાથ ! મારા જેવો અલ્પમતિ,જે આપના સામાન્ય ગુણોનું પણ વર્ણન કરી શકે તેમ નથી, તો તે આપના જેવા સમર્થ ત્રિભુવનપતિનું પરિપૂર્ણ વર્ણન કેવી રીતે કરી શકે ? અર્થાત્ સર્વજ્ઞ ભગવંતને પ્રગટપણે વર્તતા અનંતા આત્મિક ગુણો, માત્ર અનુભવગમ્ય હોવાને કારણે, તેનું સંપૂર્ણ વર્ણન અશક્યવત્ છે.

અહીં સ્તુતિ-સ્તોત્રકાર પોતાની નમ્રતા-લઘુતા બતાવે છે અને પરમાત્માની મહાનતા-પ્રભુતાનું દર્શન કરાવે છે. હે સ્વામી ! આપ છો પૂર્ણ પરમાત્મા ! સર્વગુણસંપન્ન ! ઉત્કૃષ્ટ ગુણોના સ્વામી અને પ્રચંડ પુણ્યથી પ્રકાશિત આપનું સ્વરૂપ એટલે સત્-ચિદ્-આનંદમય, ત્રિકાલ અબાધિત, જ્ઞાનજ્યોતિર્મય અને પરમાનંદમય. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતશક્તિ (વીર્ય) રૂપ અનંત ચતુષ્ટયથી સંપન્ન છો.

આચાર્યશ્રી પોતાને ઘુવડના બચ્ચાની સાથે અને પાર્શ્વપ્રભુને દેદીપ્યમાન સૂર્ય સાથે સરખાવે છે. અહીં આચાર્યશ્રી પોતે લબ્ધિવંત મહાજ્ઞાની હોવા છતાં પોતાની અત્યંત લાઘવતા અને પ્રભુના ગુણોની મહાનતા બતાવે છે. આ જ ભાવ સિદ્ધસેન દિવાકર સૂરિજીના અનુગામી માનતુંગાચાર્યે ભક્તામર સ્તોત્ર (શ્લોક-૩) માં દર્શાવેલ છે.

ઘુવડનું દૃષ્ટાંત બીજી રીતે પણ સાર્થક છે. તે એમ કે સારા યે જગતને પ્રકાશનારો સૂર્ય પ્રકાશતો હોવા છતાં પણ ઘુવડ તે પ્રકાશના એક કિરણને પણ જોઇ શકતું નથી તે કેવી કરુણ દશા કહેવાય ? તે જ પ્રમાણે કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી ભાવસૂર્ય જેમાં પ્રગટ્યો તેવા તીર્થંકર પરમાત્માના ભાવપ્રકાશનું -સદ્‌બોધનું એક પણ કિરણ મિથ્યાત્વ અને અજ્ઞાન દશામાં રહેલા જીવો ઝીલી શકતા નથી તે પણ કેવી કરુણદશા કહેવાય ? આ બહિરાત્મદશાનું સ્વરૂપ બતાવ્યું છે.

અત્રે આચાર્યશ્રી કૌશિકશિશુ (ઘુવડબાળ) સાથે પોતાની તુલના કરે છે. કૌશિકશિશુની ઉપમા આપીને પોતાના સામર્થ્યમાં બાળભાવની અભિવ્યક્તિ કરી છે. શિશુની ઉપમા આપીને તેમણે નિર્દોષભાવ પ્રગટ કર્યો છે. કૌશિકશિશુ તો દૃષ્ટિઅંધ છે, પરંતુ તેઓ દૃષ્ટિઅંધ નથી અને જ્ઞાનાન્ધ પણ નથી. કૌશિકશિશુમાં દિવાન્ધતા અને વચનશક્તિનો અભાવ છે, પરંતુ આચાર્યશ્રીમાં એ બન્નેનો પ્રશ્ન નથી. અહીં એ નોંધપાત્ર છે કે ઘુવડને બદલે ઘુવડશિશુની ઉપમાથી આચાર્યશ્રી બાળસુલભ બહાદુરી અને હિંમત પણ સૂચવે છે.

સૂર્ય અવનિ પર ઝળહળતો પ્રકાશ પાથરતો સહસ્ર કિરણોને ચોમેર ફેલાવી દે, પરંતુ ઘુવડની આંખો દિવસમાં બંધ થઇ જાય છે અને દિવસમાં તે જોઇ શકતું નથી, તેને સૂર્યના પ્રકાશનું દર્શન ક્યાંથી થઇ શકે ? અરે, તે પ્રકાશથી પ્રકાશિત થયેલ આ વિશ્વના પદાર્થોને પણ કેમ જોઇ શકે ? ન જ જોઇ શકે. તેમ હે પરમાત્મા ! મારી ક્ષાયિક જ્ઞાનની આંખો પણ હજી ખુલી નથી કે જેના દ્વારા હું આપના સ્વરૂપને યથાર્થ નિહાળી શકું. વળી, મારો જ્ઞાનનો ક્ષયોપશમ પણ એટલો તીવ્ર નથી કે ગણધરો, ચૌદપૂર્વધરો અને બહુસૂત્રીઓની જેમ આપના ગુણોનું વર્ણન કરી શકું. તેમ જ મારી પાસે ભાષા મર્યાદિત છે, સમય સીમિત છે અને આપના ગુણો અગણિત-અનંત છે. તો કઇ રીતે આપની સ્તુતિ કરી શકું ? પણ સ્તુતિ તો કરવી જ છે એ મારી ભાવના છે એમ આચાર્યશ્રી કહે છે.

ઘુવડનું દૃઢપ્રયત્નવાળું અર્થાત્ ઘણી હિંમતવાળુ બહાદુર બચ્ચું પણ સૂર્યના સ્વરૂપનું વર્ણન કરી શકતું નથી. કારણ કે દિવસે સૂર્ય હોય છે ત્યારે તેના પ્રકાશના કારણે અંજાઇ ગયેલ, અંધ જેવું બનેલ તે સ્વાભાવિક રીતે જ કાંઇ જોઇ શકતું નથી અને રાત્રે જ્યારે તે જોઇ શકે છે ત્યારે સૂર્ય હોતો નથી. માટે કઇ રીતે તે સૂર્યનું વર્ણન કરી શકે ? તેવી જ રીતે હે પ્રભુ! હું પણ આપની સ્તુતિ કરવા માટે હિંમતવાળો, પ્રયત્નશીલ, બહાદુર બનેલ હોવા છતાં, હે અધીશ ! હે નાથ ! ઘુવડ જેવો હું સામાન્યથી પણ તમારા સ્વરૂપનું વર્ણન કરવાને સમર્થ નથી. અહીં આચાર્યશ્રીએ અર્થાન્તરન્યાસ અલંકારથી ઘુવડના સામાન્ય દૃષ્ટાંત વડે પોતે અસમર્થ હોવાની પુષ્ટિ કરી છે.

પાર્શ્વપ્રભુ અનંત ગુણોના સ્વામી છે. વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી વગેરે સર્વોત્કૃષ્ટ સર્વગુણથી યુક્ત છે. તેવા ગુણોનું વર્ણન આપણા જેવા કર્મબંધનયુક્ત, અલ્પજ્ઞ જીવો શી રીતે કરી શકે ? તે ગુણો અનુભવગમ્ય છે પણ કહી શકાતા નથી. પહેલા તો પરમાત્મા પ્રત્યે પ્રેમ-પ્રીતિ પ્રગટવા જોઇએ. ભલે ને કદાચ શબ્દો વામણા પડે, પણ પોતાનો ભક્તિભાવ હોવાથી તે સ્તુતિ કરવા ઉત્કંઠિત બનશે અને સ્તુતિ શોભી ઉઠે છે. પ્રભુ પ્રત્યે પ્રીતિ જાગી હોય તેને તેમના

ગુણોનો અનુભવ તો દૂર રહો પરંતુ સ્તુતિ પણ આહ્લાદક બને છે. માટે વાસ્તવિક રીતે પ્રભુની સ્તુતિ અશક્ય હોવા છતાં સ્તુતિ કરનારના દોષનાશનું અને ગુણવૃદ્ધિનું કારણ બને છે. આગળ જતા પરમાત્માના આંશિક ગુણોની અનુભૂતિમાં પરિણમે છે. માટે પ્રભુની અપૂર્ણ સ્તુતિ પણ પૂર્ણ ભાવથી થાય તો પરંપરાએ પૂર્ણ ફળ આપે છે. જેટલા અંશમાં ઉત્તમભાવ એટલા અંશમાં ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. ફળની પ્રાપ્તિમાં ભક્તના ભાવો મુખ્ય કારણ છે. એ ભાવો ઉત્પન્ન કરવામાં પરમાત્મા, તેઓની પ્રતિમા, સ્તુતિ વગેરે આલંબનરૂપ છે.

એક દિનઅંધપણાને લીધે ઘુવડનું બચ્ચું અત્યંત તેજસ્વી દેદીપ્યમાન સૂર્યના સ્વરૂપને સમજી કે વર્ણવી શકતું નથી. એવું જ પ્રભુના ગુણોને વર્ણવનારને થાય છે. પોતે કર્મથી અવરાયેલા હોવાના કારણે, કર્મની કાલિમા ચારેબાજુ છવાયેલી હોવાના કારણે જીવ પ્રભુના સાચા સ્વરૂપને ઓળખી કે વર્ણવી શકતો નથી. ઘુવડના બચ્ચાને સૂર્યસ્વરૂપ ન વર્ણવી શકવામાં દિનઅંધપણું કારણરૂપ છે, એ રીતે પ્રભુસ્વરૂપ યથાર્થ ન વર્ણવી શકવામાં જીવનો સ્વચ્છંદ મુખ્ય કારણ છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે જીવનો મોટામાં મોટો દોષ સ્વચ્છંદ છે અને તેથી મુમુક્ષુતા (સાધકપણું) ઉત્પન્ન થતી નથી.

આચાર્યશ્રી પોતાના પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિના કાર્યને ઘુવડના બચ્ચાએ કરેલ સૂર્યસ્તુતિ પ્રયાસ સમાન ગણે છે. પરંતુ આમાં એક ભેદ રહેલ છે. ઘુવડનું બચ્ચું જ્યારે સૂર્યના રૂપને વર્ણવવા બેસે છે ત્યારે તે : (૧) પોતાની મર્યાદાનો સ્વીકાર કરતું નથી, (૨) પોતાનો સ્વચ્છંદ છોડતું નથી અને (૩) સૂર્ય સામે જાણે બાથ ભીડી હોય એવો તેનો વર્તાવ હોય છે. આથી તે પોતાના કાર્યમાં કદી સફળ થઇ શકતું નથી. ત્યારે આચાર્યશ્રીની બાબત સાવ જુદી જ છે. જ્યાં સુધી કર્મોનું ભારે જોર હોય, સ્વચ્છંદ છૂટ્યો ન હોય અને પ્રભુનું શરણ સ્વીકાર્યું ન હોય ત્યાં સુધી પ્રભુનું વર્ણન કરવાવાળાની ભાવનાનો પણ ઘુવડના બચ્ચાના કાર્ય જેવો જ કરુણ અંજામ આવે છે. પરંતુ આચાર્યશ્રીએ નમ્ર બની પોતાની મર્યાદાઓ સૌ પ્રથમ જ સ્વીકારી લીધી છે, પ્રભુનું અનન્ય શરણ પણ લીધું છે અને આરંભમાં જ પ્રભુને અત્યંત ભક્તિભાવે વંદન કર્યા છે ત્યાં સ્વચ્છંદ છૂટી જાય છે, કર્મો નિર્બળ બને છે. એવા સંજોગોમાં બાહ્યથી કપરું જણાતું કાર્ય કેમ પૂર્ણ ન થાય ?

સિદ્ધસેન દિવાકર સૂરિજીએ **तव** કહીને પાર્શ્વનાથ ભગવાનને સંબોધન કર્યુ છે. **तव** એટલે તારું. સંસ્કૃત ભાષામાં પ્રાયે મહાપુરુષોનો ઉલ્લેખ એકવચનથી કરવામાં આવે છે. **त्वं, तव, तुभ्यं, त्वयि** વગેરે એકવચન વિભક્તિથી પ્રભુનું આખ્યાન કરવામાં આવે છે. આપણી લૌકિક ગુજરાતી, હિન્દી વગેરે ભાષાઓમાં આ પ્રકારે તુકારનો પ્રયોગ સન્માનસૂચક લાગતો નથી તેમ છતાં કવિતાઓ અને સ્તવનો-સ્તોત્રોમાં તુકાર શબ્દોનો બહોળા પ્રમાણમાં પ્રયોગ થયેલ છે. ભાવદષ્ટિએ એકવચનને પ્રેમોક્તિ માનવામાં આવે છે. વાત્સલ્યભાવથી માતાને, ભગવાનને તથા પૂજ્ય વ્યક્તિઓને પણ એકવચનથી સંબોધિત કરીએ છીએ. આ તુકારને વાત્સલ્યભાવનો પ્રતિનિધિ બનાવવામાં આવ્યો છે.

**वर्णयितुं** અર્થાત્ વર્ણન કરવા માટે. પ્રભુનું દ્વિવિધ સ્વરૂપ છે : એક શુભ કર્મોના ઉદયથી પ્રવર્તમાન તેમની પુણ્યલીલા અને પુણ્યપ્રતાપ, અને બીજી તરફ કર્મોનો ક્ષય થતાં ક્ષાયિક ભાવોથી વિકસિત દિવ્ય આત્મસ્વરૂપ. આ રીતે ઉદયભાવ (શુભભાવ) અને ક્ષાયિક ભાવ (શુદ્ધ ભાવ) બન્ને પરમસ્થિતિમાં છે. ઉદયમાન શુભભાવ એ પ્રભુનું સામાન્ય બાહ્ય સ્વરૂપ છે. આચાર્યશ્રી કહે છે કે જ્યાં શુભભાવો જ અકથ્ય છે ત્યાં શુદ્ધ ભાવોની તો વાત જ શી કરવી ? તેનું વર્ણન શબ્દથી પર છે. પ્રસ્તુત શ્લોક (૩) માં દેવાધિદેવના સ્વરૂપનો ઉલ્લેખ છે. અર્થાત્ અનંત જ્ઞાનશક્તિના ભંડાર ત્રિલોકીનાથ તીર્થંકર પ્રભુ પોતાના ગુણધર્મોથી પ્રકાશિત છે. ઉચ્ચ કોટિની પૌદ્ગલિક ભૌતિક રચના એ પ્રભુનું બાહ્ય સ્વરૂપ છે અને આંતરિક સ્વરૂપ તો અસીમ અનંત શબ્દાતીત ભાવોથી ભરપૂર છે.

સમગ્ર સ્તોત્રમાં ઠેર ઠેર શ્લેષ અલંકારનો ઉપયોગ છૂટથી કરીને આચાર્યશ્રીએ કાવ્યની રસાળતા વધારી છે. અત્રે **'અધીશ'** એટલે પ્રભુ અને **'અધીશાઃ'** એટલે સમર્થને **'અસ્માદશા'** (અલ્પજ્ઞ) ની સાથે ગોઠવીને કલકલ વહેતા ઝરણા જેવી કાવ્યની

**(અનુસંધાન પાના નં. ૨૩ પર...)**

# આત્માની કરણ શક્તિ (૪૬)

વલભજી હીરજી 'કેવલ'

આત્માને જે જ્ઞાનમય નિર્મળ પર્યાયો પરિણમે છે. કરણશક્તિવાળો આત્મા જ ઉત્કૃષ્ટ સાધન છે. કરણશક્તિ વડે આત્મા પોતે સાધક થઈને, પોતે જ સાધન થઈને પોતાના વર્તમાન નિર્મળ ભાવને સાધે છે. આત્માથી અભિન્ન એવી પ્રજ્ઞા જ શુદ્ધાત્માના અનુભવનું સાધન છે. શુદ્ધાત્માની પ્રાપ્તિ અન્ય સાધનોથી ભિન્ન છે. નિરપેક્ષ છે. કેવળજ્ઞાનરૂપે પરિણમવાના પોતાના સ્વભાવ વડે આત્મા પોતે જ પોતાનું સાધન થાય છે.

શુદ્ધોપયોગ તે પણ એક કર્મ છે - કાર્ય છે ને તેનું ફળ કેવળજ્ઞાન છે. આત્મા જ તેનું સાધન છે. શુદ્ધોપયોગરૂપ નિર્મળ પર્યાય આત્મા સાથે અભેદ હોવાથી અભેદપણે આત્મા જ પોતે પોતાનું સાધન છે. જે સાધન કાર્યની સાથે અભેદ રહેનારું હોય તેને સાધકતમ કહેવાય એટલે કે તે જ ખરું સાધન છે. રાગને જ્ઞાનની સાથે એકતા નથી માટે રાગ તે જ્ઞાનનું સાધન નથી. આત્મા પોતે જ સાધન થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે છે. સાધક પોતે, સાધન પોતામાં ને સાધ્ય પણ પોતામાં. જ્ઞાનલક્ષણથી લક્ષિત આત્મામાં એ બધુંય ભર્યુ છે. છઠ્ઠા ગુણસ્થાને વર્તતી શુદ્ધિ તે સાતમા ગુણસ્થાનની શુદ્ધિનું સાધન છે. પોતાનો આત્મા જ પરમાર્થ સાધન છે.

આત્મશક્તિમાં જે તાકાત ભરી છે તેના ભરોસે શુદ્ધતા પ્રગટે છે. જ્ઞાનશક્તિ વડે આત્મા પોતે પરિણમીને કેવળજ્ઞાનનું સાધન થાય છે. આનંદશક્તિ વડે આત્મા પોતે સાધન થઈને અતીન્દ્રિય આનંદરૂપે પરિણમે છે. શ્રદ્ધાશક્તિ વડે આત્મા પોતે સાધન થઈને ક્ષાયિક સમ્યક્ત્વરૂપ પરિણમે છે. આમ, સર્વે ગુણોમાં પોતપોતાની નિર્મળ પર્યાયનું સાધન થવાની તાકાત છે. આત્માની જે કરણશક્તિ છે તે જ સ્વકાર્યને સાધનારી ઈષ્ટદેવી છે. કરણશક્તિવાળા આત્માને ધ્યેયરૂપ બનાવીને ધર્મી પોતાના સ્વકાર્યને સાધે છે. આત્મા પોતે સાધન થઈને પોતાના ભાવરૂપ કાર્યને સાધે છે. પર્યાયમાં અભેદ પરિણમતો આત્મા પોતે જ તેનું સાધન છે. પોતે જ સાધક છે. કરણશક્તિ વડે આત્મા પોતે સ્વતંત્રપણે પોતાનું સાધન થાય છે.

શ્રી બાહુબલીએ એક વર્ષ સુધી ઊભા ઊભા ધ્યાન કર્યું તે પોતાની અંદર કરણશક્તિને લીધે આત્મા પોતે જ સાધન થઈને ઉપયોગની સ્થિરપર્યાયરૂપે પરિણમ્યો છે, શરીરેય તેનું સાધન નથી.

શરીરની જે જે ક્રિયાઓ થાય તેનું સાધન થવાની શક્તિ તેના રજકણોમાં જ છે. જડના છ કારકો જડમાં ને આત્માના છ કારકો આત્મામાં, આ તો આત્માના વૈભવની વાત છે. આત્મા સ્વાધીનપણે પોતાના જ સાધન વડે પોતાનું કાર્ય કરનારો છે. પોતે જ સાધનસ્વભાવથી પરિપૂર્ણ છે.

(ક્રમશઃ)

## કલ્યાણમંદિર સ્તોત્ર ....

(પાના નં. ૨૨ પરથી ચાલુ...)

પ્રવાહિતા સર્જીને સિદ્ધસેન દિવાકર સૂરિજી પોતાની પ્રખર કવિત્વ શક્તિની પ્રતીતિ કરાવે છે અને આ કલ્યાણમંદિર સ્તોત્રને ગીત તરીકે ગેય અને આસ્વાદ્ય બનાવે છે.

● **ઉત્થાનિકા :** હવે પછીના શ્લોક સાથેનું અનુસંધાન. શ્લોક-૪ માં આચાર્યશ્રી પોતાની લઘુતા પુષ્ટ કરતા કહે છે કે પ્રભુના ગુણો મહાસાગરમાં રહેલા અસંખ્ય રત્નો સમાન હોવાથી કોણ ગણી શકે ?

અંતમાં સર્વ જીવ નમ્રતાપૂર્વક સ્વચ્છંદ છોડી પ્રભુશરણ સ્વીકારી આત્મકલ્યાણ સાધે તે મંગલભાવના સાથે શ્રી જિનાજ્ઞાથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

# આત્મશુદ્ધિનું પર્વ

ભાનુબેન ડી. શાહ

સમય નિરંતરાય, નિર્વિઘ્નપણે આગેકૂચ કરી રહ્યો છે. તેના વિકાસમાં નદીનાળાં, પર્વતો, સરોવરો, સમુદ્ર, ખીણો, ગગનચુંબી ઈમારતો - કાંઇ નડતું નથી. તે તો સડસડાટ ચાલતો વર્તમાનને ભૂતકાળમાં ફેરવતો જાય છે, અને ફરી ભૂતકાળને વર્તમાનમાં લાવીને આપણી સામે ખડો કરી દે છે.

લો ! પાછાં પર્યુષણ પર્વ આવી ગયાં. જૂનું વિસ્મૃત થાય છે અને નવું એ જ પવિત્ર યાદ લઇને આપણને સૌને જાગૃત કરવા આવી પહોંચે છે. જીવનમાં આવી સ્મૃતિ-વિસ્મૃતિ ચાલ્યા જ કરે છે. તીર્થમાં ચતુર્વિધ સંઘ, મંત્રોમાં શ્રેષ્ઠ નવકાર, પર્વતોમાં મેરુ પર્વત અને તહેવારોમાં પર્યુષણ પર્વ ઉત્તમોત્તમ ગણાય છે. **पुनाति इति पर्वः** । જે આત્માને પવિત્ર બનાવે તે પર્વ. આત્માને સ્વચ્છ, કર્મમળ રહિત, ભાવમળ રહિત બનાવે, શુદ્ધતા વિશુદ્ધતા સમર્પિત કરી દે, તે સૌના ઇચ્છનીય, રાહ જોવાતાં પર્યુષણ પર્વ આપણા સૌની મહેમાનગતિ આણવા પધારી ગયા. રણાંગણે રાજપૂત જેમ મરણિયો થઇને શત્રુઓનો ખાત્મો કરીને પાછો ફરે, તે રીતે આ આઠ દિવસોના ધર્મોત્સવમાં આપણે પણ અરિહંત પ્રભુની જેમ આંતરશત્રુઓનો વિનાશ નોતરવાનો છે. આ દિવસોમાં સંસાર સ્વલ્પ, અધ્યાત્મ અધિક કરવાનું છે.

આ પર્વ જીવને કંઇક દેવા અને કંઇક લેવા આવ્યું છે. તપશ્ચર્યા કરીને કર્મોના કરજમાંથી મુક્ત થવાનું છે. દાનધર્મ આરાધીને પરિગ્રહના પાપમાંથી છૂટવાનું છે. શીલ ધર્મની ઉપાસના કરી સાપોલિયાંની જેમ સળવળતા મનના કામી, વિકારી ભાવોને ડામી દેવાના છે. બ્રહ્મચર્યની ટેક લઇને સાક્ષાત્ ભગવાન બનવાનું છે. ચાર પ્રકારના ધર્મ આચરણીય કરીને આત્મહિત મેળવવાનું છે. આત્મમંગલ માટે મથવાનું છે.

આંખ ખુલતાં જ આપણા ઘરમાં અને ઘટમાં બિરાજતા પ્રભુના દર્શન કરવાના છે. પ્રભુનું પ્રફુલ્લિત, પ્રશમરસ પૂર્ણ મુખારવિંદ દર્શતાં જ મન પ્રસન્નતાથી પરિપ્લાવિત થઇને ગાવા માંડે છે -

"આંક મારી ઊઘડે ત્યાં મહાવીર દેખું,
ધન્ય રે જીવન મારું કૃપા એની લેખું,
મહાવીર, મહાવીર રસના ઉચ્ચારે,
ભક્તિનો આનંદ મારે અંતર આવે,
મહાવીર ભક્તિ વધજો પૂર્ણિમા જેવી,
સંતો રે દેજો અમને આશિષ એવી,"

પ્રભુ પાસે ભક્તિની યાચના કરવાની છે, ક્ષર ભૌતિકતાની નહીં. ત્યારબાદ જિનમંદિરે પહોંચવા પગ ઉતાવળા થઇ જાય છે. ત્યાં જિનપ્રતિમાના દર્શન થાય છે અને સમગ્ર ઊર્મિતંત્ર સ્પંદિત થઇ જાય છે. હૃદયનો એક એક તાર ઝંકૃતિ અનુભવે છે. પ્રભુ-ભક્તિપદ સ્ફૂરી આવે છે. કેટલા ભાગ્યવંતા છીએ કે પ્રભુનું દર્શન દિલના ઊંડાણમાંથી બહાર આવતી શ્રદ્ધા, આસ્થા, પ્રેમ, પ્રતીતિ, વધુ ને વધુ આત્માનું ઊર્ધ્વીકરણ કરે છે.

"દર્શન દેવ દેવસ્ય દર્શનં પાપનાશનં,
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શન મોક્ષસાધનં."

પ્રભુને પ્રેમથી બે હાથ જોડતાં, પુલકિત આત્માથી, આપણને તે કેટલું બધું આપે છે. આપણે કહીએ છીએ કે જો માણસ બે પગલાં આગળ વધે તો પ્રભુ દસ ડગલાં આગળ આવે છે. પ્રભુદર્શન સમૂળ પાપ-પુંજનો નાશ કરે છે, પુણ્યવંતા બનાવે છે. દર્શનથી સ્વર્ગના સોપાનોનું ચઢાણ શરૂ થાય છે, તે છેક મોક્ષના દ્વાર પર ઊભા રાખી દે છે.

ત્યારબાદ પ્રભુના પરમપાવન અંગોને સ્પર્શવાનું મન થાય છે. શીતળ, સુગંધિત પ્રભુની

એવા જ મહેકતા અને ફોરમતાં સુખડથી પૂજા થાય છે. સ્પર્શ અત્યંત આહ્‌લાદકતા જગાવે છે. પ્રભુના ખોળામાં માથું મૂકવાની ઇચ્છા થાય છે. હે પ્રભુ ! તમે તો સમગ્ર જગતના માતાપિતા છો. તમારા ખોળામાનું કાયમી સ્થાન અમને આપો તો અમે અનંત સુખાનંદના માલિક થઇ જઇએ.

"જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય,
રાજ નમે, પ્રજા નમે, આણ ન લોપે કોય."

જિનવરની પ્રેમપૂજાથી જગતમાં પૂજકને આદર મળે છે, સૌ તેની આણ માને છે.

ત્યારબાદ સાધક જિનવાણીશ્રવણ માટે ઉત્સુક થઇ જાય છે.

"સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના, એ નાવ પણ ચાલે નહીં",

જિનવાણી સંસારસાગર તરાવતી, સામે કાંઠે પહોંચાડતી નાવડી છે. જો સુકાની જ્ઞાની અને જાણતલ હોય તો નાવડી ધ્યેય પૂરું પાડે છે. તેથી વચનામૃત શ્રવણ જરૂરી છે. જિનવાણી સકળ જગત માટે હિતકારિણી, મોહને હરનારી, મોક્ષમંઝિલે પહોંચાડનારી, તારનારી મંગલકર્તા નાવડી છે. તેથી તેનું શ્રવણ જરૂરી છે. જૈન દર્શનમાં નિત્ય માટે છ આવશ્યક અગત્યના છે. સમતાભાવની સાધના અને છકાય જીવોની હિંસામાંથી બચવા, દેહ તથા આત્મા અલગ છે તે હકીકતને દૃઢ કરવા સ્થિરતાથી અડતાલીસ મિનિટ બેસવાનું છે, જેનાથી મનોશાંતિ મળે છે.

પ્રતિક્રમણ-પાપકર્મોમાંથી પ્રાયશ્ચિત્ત સાથે પરત ફરવાનું આવશ્યક છે. સ્થાવર અને ત્રસ કાયોની હિંસાથી થતા પાપો માટે જતનાપૂર્વકની દિનચર્યા રાખવાની છે. ચોવીસ તીર્થંકરોની સ્તુતિ, તે સર્વેને વંદન નિરહંકારીપણે કરીને પ્રભુ જેવા સદ્‌ગુણો સાધવાની તૈયારી રાખવાની છે. કાઉસગ્ગ એક પ્રકારનું ધ્યાન જ છે; જેમાં કાયિક ભાવોને, અચડણકર્તા હોય તો પણ, તેના પ્રતિ બેઅસર રહેવાનું છે. આનાથી સ્થિરતા-શાંતિ-સ્વસ્થતા-ત્રિયોગની પ્રાપ્તિ થઇ શકે છે. પ્રભુનામનું પુનરાવર્તન પણ જરૂરી છે. ઉકાળેલું નિર્દોષ પાણી પીવાથી આરોગ્ય સચવાય છે અને ધર્મક્રિયા માટેનું દેહરૂપી સાધન ઉપયોગમાં લઇ શકાય છે. દિવસ છતાં જમ્યા પછી પાણી ન પીવાના પરચક્ખાણ લેવાના છે, જેથી જીવોની ઘાતના આપણે ભાગીદાર ન બનીએ. ત્યાગવૃત્તિ પણ કેળવી શકીએ. કર્મોને ખપાવવાં માટેનો શ્રેષ્ઠ ઉપાય તપ છે. આપણા પ્રભુએ ભોગને નહીં પણ ત્યાગનો માર્ગ સૂચવ્યો છે. તપથી અનંત ભવોની મજબૂત થયેલી આહારસંજ્ઞાને તોડવાની છે. જેટલું અને જેવું તપ થઇ શકે તેવું તપ કરવાનું છે.

"આ લોકસંજ્ઞાનો સડો, એને લાગ્યો છે અનાદિનો અહો,
એને ઓળખી અળગો કરો, તો મોક્ષ શ્રેણિએ ચડો."

અનાદિ કાળની આ ચાર સંજ્ઞાને ખાસ તો નબળી કે નિર્મૂળ કરવા માટે તપ કરવાની જરૂર છે. આત્માની ઉજ્જવળતા કે પ્રકાશ માટે, મનના વિકારો જલાવવા માટે, મનના શુદ્ધિકરણથી મુક્તિની પ્રાપ્તિ માટે તપ કરવાનું છે. નદીમાં નિર્મળતા, ફૂલમાં ફોરમ, ફળમાં મધુરતા તેમ જીવનમાં નાના મોટા કોઇપણ તપની જરૂર છે.

નવકારમંત્રનું સ્મરણ કે પ્રભુનામના જપ કરીને પ્રભુને આપણા અંતઃકરણમાંજ રાખવાના છે. નવકાર પદમાંના-પાંચ શ્રેષ્ઠ પદમાંના કોઇપણ પદપ્રાપ્તિને આપણું ધ્યેય ધારીને તન, મન, જીવનથી પૂર્ણતાને પામવા મથી પડવાનું છે.

"દૂરે રાખો સ્તવન કરવા આપના એકધારા,
પાપો નાસે જગ જનતણા નામ માત્રે તમારા"

- ભક્તામર સ્તોત્ર

"અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની જિનવર અરે!
તુજ નામ પણ સંસારથી ત્રિલોકનું રક્ષણ કરે,"

- કલ્યાણમંદિર સ્તોત્ર

પ્રભુજીના લાંબા સ્તવનો ગાવાને બદલે માત્ર તેના પવિત્ર નામનું સ્મરણ જાપ કરવાથી પણ જગતજનોનું રક્ષણ થાય છે. પ્રભુનામનો મહિમા ઘણો છે. છેલ્લે ક્ષમાધર્મને ધ્યાનમાં લેવાનો છે.

જગતના સર્વ જીવ મમ આત્મવત્ છે. મારા મિત્રો છે. મિત્રો સાથે સમાનતાના ભાવને કારણે દુ:ખ કદી પહોંચે જ નહીં. વેરઝેર પણ મનમાં આવે નહીં. છતાંય જાણતાં, અજાણતાં કોઈપણ અવિવેક, અવિચારી કૃત્ય થઈ ગયું હોય તો ક્ષમા વિશાળ હૃદયથી, પ્રેમપૂર્વક આપી દેવાની છે ક્ષમા આત્માનો ધર્મ છે અને તેને નિભાવતાં પણ ઘણા કર્મો કપાઈ જાય છે. આપણી ભૂલની ક્ષમા પણ સામી વ્યક્તિ પાસેથી મૈત્રીભાવથી યાચી લેવાની છે.

**"સર્વ જીવો છે આત્મા સમ, તું વાત્સલ્ય વહાવજે,**
**દુશ્મન નથી કોઈ દુનિયામાં, સૌને મિત્ર માનજે."**

પ્રસન્નતાનો પરિમલ પ્રસરાવતી મહાવીરની વાણી સૌ સાંભળો અને તન, મન, અંતરથી વેરઝેર કાઢીને મનને નિઃશલ્ય બનાવો.

"ક્ષમાનું ઉત્તમોત્તમ દાન,
બનાવે માનવીને મહાન,
શુભ ભાવમાં રહે સર્વ જહાન,
આપે સૌને ખોબલા ભરી માન,"

પર્યુષણના આઠ દિવસના ધર્મોત્સવમાં બધા દિવસોનું સમયપત્રક ગોઠવીને, તે મુજબ આચારમાં ઉતારીને, બધા અનુષ્ઠાન ધાર્મિક વિધિવિધાનથી કરતા રહીએ, તો ઘણા પાપકર્મો ઓછાં થઈને આત્મા આ દિવસોમાં ઘણાં કર્મોને-સિંહ શિયાળને ભગાવે, તેમ દૂર કરી દે છે. તેથી જ સંસારીઓ માટે તો ખાસ ભગવાને આવા ધર્મ કરવાના દિવસો આપ્યા છે.

ધર્મ આપણા તન, મન, જીવનમાં, આત્મામાં સતત વહેતી ધારા જેમ હોવો જોઈએ, તો જ તે પવિત્ર રહે અને આપણા અસ્તિત્વને સમગ્રતયા નિર્મળ કરે. આપણા સાધુ, સંતો, જ્ઞાનીઓ આ ધારાને શ્રાવકો ભણી વહેતી રાખે, ધર્મધારાથી કાલિમાયુક્ત કષાયો અને વિપરીત વર્તન કરતા વિભાવો ધોવાતા રહીને સ્વચ્છ કરે. ધર્મ માનવને નિર્ગ્રંથ બનાવે છે. રાગદ્વેષની મજબૂત ગાંઠોને તોડી નાંખે છે. ધર્મ શુદ્ધ આચાર, વિચાર, ઉચ્ચાર આપે છે. ધર્મનો સર્વત્ર જયજયકાર થાય છે. 'યતો ધર્મઃ તતો જયઃ' ધર્મી મનુષ્ય બધેજ જીત મેળવે છે તેથી ધર્મને વહેતો રાખવો, કદી તેને બંધિયાર કે જડ જેવો ન બનાવી દેવો.

## પુસ્તક સમાલોચના

- મિતેશભાઈ એ. શાહ

(૧) **પુસ્તકનું નામ :** શ્રી મહાવીરસ્વામી ચરિત્ર (પૂર્વભવ સહિત)

**સંપાદક :** શ્રી અશોકકુમાર જૈન **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૯, **પાના :** ૮૦ મૂલ્ય રૂા. ૫૦/-

**પ્રાપ્તિસ્થાન :** (૧) જૈનદર્શન પ્રકાશન મંદિર, અમદાવાદ
(૨) શ્રી અશોકકુમાર જૈન (મો) ૯૯૧૩૮૮૭૪૪૧

આ પુસ્તકમાં મુખ્યત્વે શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત 'ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર' નો આધાર લીધો છે, છતાં અમુક વિગત 'પ્રજ્ઞાવબોધ' માં આપેલ મહાવીર પ્રભુ ચરિત્રમાંથી પણ લીધી છે. 'ત્રિષષ્ટિ શલાકાપુરુષ' ચરિત્રના ચોથા ભાગમાં ફક્ત મહાવીર સ્વામીનું જ ચરિત્ર વર્ણવેલું છે. કહેવાય છે કે તેવીસ તીર્થંકરોના કર્મો કરતાં પણ મહાવીર પ્રભુને કર્મો વધારે હતા અને આયુષ્ય અલ્પ હતું. આ પુસ્તકમાં પ્રભુ મહાવીરના પૂર્વભવો, બાર વર્ષનો છદ્મસ્થપણે વિહાર, કેવળજ્ઞાન પછીના ૩૦ વર્ષો વગેરેની સુંદર માહિતી આપેલી છે. સાથે સાથે મેઘકુમાર, નંદિષેણ, ચેલણા રાણી, આર્દ્રકુમાર, મૃગાવતી, દશ શ્રાવકો, ગોશાળા, પ્રસન્નચંદ્ર રાજર્ષિ, અભયકુમાર, શાલિભદ્ર, ઉદાયન રાજર્ષિ વગેરેના ટૂંકમાં જીવનચરિત્ર પુસ્તકની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ભાષા સરળ છતાં સચોટ છે. પ્રભુ મહાવીરના સંક્ષિપ્ત જીવનચરિત્રનું સુંદર આલેખન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. • • •

# પધાર્યા પર્યુષણ પ્યારા ... બનીએ બધાથી ન્યારા

પારુલબેન ભરતભાઇ ગાંધી

ચાતુર્માસનો પ્રારંભ થતાં જ પર્યુષણની આલબેલ પોકારતા માસખમણ ઘરનું આગમન ધીમે ધીમે થાય છે. ત્યારથી જ શ્રાવક પર્યુષણ પર્વનું સ્વાગત કરવાની તૈયારી કરવા માંડે છે. ચાતુર્માસ એટલે આરાધનાની મોસમ અને પર્યુષણ એટલે ક્ષમાની ગંગામાં સ્નાન કરી આત્માને વિશુદ્ધ બનાવતું પર્વ. મારો તમારો આત્મા જે અનાદિકાળથી ચોરાસી લાખ જીવાયોનિમાં ભટકી રહ્યો છે તેને કર્મોથી મુક્ત કરી શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર બનવા માટે પથ દર્શાવી, પરમાત્મા બનવા માટેની સોનેરી તક એટલે પર્યુષણ પર્વ.

વૈરની વિષાગ્નિમાં બળતા, રાગદ્વેષમાં આથડતાં, કષાયોનાં કકળાટથી કજિયાળા બનેલા આત્મા પર ક્ષમાપનાના મીઠામધુરા જળનો છંટકાવ કરો. મૈત્રીભાવ અનેઅનુકંપાની સુવાસ દ્વારા મનની કડવાશને મિટાવનાર આ પનોતા પર્વ તેની સુપેરે આરાધના કરનારનો બેડો પાર કરી દે છે.

આ પર્યુષણ પર્વ એ માનવી માટે વિચાર, હૃદય અને જીવન પરિવર્તન કરનાર બની શકે છે - જો તેનો યોગ્ય રીતે, મનના અનેરા ઉલ્લાસથી, તનની શક્તિને ગોપવ્યા વિના, ધનનો યોગ્ય ઉપયોગ કરી સાચી રીતે લાભ લેવામાં આવે તો. પર્યુષણ તો ઘણા આવ્યા અને ગયા પરંતુ હજુ સુધી આપણા આત્માએ પરમાત્મા બનવાની પગદંડી પર આગેકૂચ નથી કરી. તેનો અર્થ એ છે કે આપણો પુરુષાર્થ યોગ્ય સમયનો અને યોગ્ય કક્ષાનો નથી. એટલે જ કોઇ કવિએ કહ્યું છે,

"આકાશ ન હોય તો, વીજ ક્યાં ઝબૂકે !
કોડિયું જ ન હોય તો પ્રકાશ ક્યાંથી પ્રગટે;
સમજણ ન હોય તો, પાપ ક્યાંથી અટકે,
ષટ્ આવશ્યક ન હોય તો
કર્મની ભેખડો ક્યાંથી તૂટે ?"

આ શાયરીમાં કવિએ કહ્યું છે કે પાપ અટકાવવા માટે સમજણ જરૂરી છે. જો સાચી સમજણ ન હોય તો ગમે તેટલો પુરુષાર્થ કરીએ તે વ્યર્થ છે. આપણે વર્ષોથી ઘણી ઘણી ધાર્મિક ક્રિયાઓ કરતા આવ્યા છીએ. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, મૌન, પ્રત્યાખ્યાન વગેરે વગેરે, પરંતુ તે કરવાની પાછળ કાં તો દેખાડવાની ભાવના હોય, કાં પુરસ્કારની, કાં કોઈને સારું લગાડવાની. માત્ર ધર્મ કરવાની દૃષ્ટિએ, નિઃસ્વાર્થ ભાવે જ્યારે ધર્મ થશે ત્યારે જ આપણે મોક્ષમાર્ગ પર આગળ વધી શકીશું, અન્યથા આપણા આંટાફેરા અટકવાના નથી, નથી ને નથી જ.

એક રાજા હતો. બાહુબલી, પ્રતાપી, પ્રજાપ્રેમી, માતા પિતાનો પડ્યો બોલ ઝીલનાર. પોતે બાહોશ, કુશળ અને સંપન્ન હોવાથી ધીમે ધીમે તે પોતાના રાજ્યનો વિસ્તાર કરતો જ ગયો. ધીમે ધીમે તેણે આખા દેશ પર કબજો જમાવી લીધો. એક પણ રાજ્ય એવું બચ્યું નહોતું કે જેના પર તેની હકૂમત ન હોય. ધીમે ધીમે રાજાને થોડું અભિમાન આવ્યું. તેણે પોતાને 'અમરજીત' તરીકે ઓળખવાની શરૂઆત કરી. રોજ સવારે તે માતૃવંદના કરવા માતા પાસે જતો. માતા જ તેની પ્રેરણાનો સ્રોત હતી. તેને એ વાત ખટકતી હતી કે સૌ તેને 'અમરજીત' કહીને જ બોલાવતા હતા પણ માતા હજુ તેને તે નામથી બોલાવતી નહોતી, જૂના નામથી જ બોલાવતી હતી. એક વખત મનમાં ઘૂંટાતી આ વાત તેણે માતાને કહી જ દીધી.

તેની વાત સાંભળી માતા થોડીવાર હસતી રહી પછી કહ્યું, "હજુ ! તે શું જીત્યું છે તો હું તને અમરજીત કહું !" રાજા કહે "મા ! એવું એક રાજ્ય બતાવ કે જેના રાજાનો મુગટ મારા ચરણોમાં ન હોય." ત્યારે માતાએ કહ્યું, "તેં તારા બાહુબળથી રાજાઓને જીતી લીધા છે એટલા માત્રથી તું અમરજીત

નથી બન્યો. તું તો હજી શાસિત છો.'' ''મા, હું શાસિત છું ! બતાવો કોણ રાજા છે જેને જીતવાના રહી ગયા છે ? હું તેમને જીત્યા વિના નહિ રહું.''

ત્યારે માતાએ હસતાં હસતાં કહ્યું, ''મોહરાજ અને યમરાજ એ બેને તારે જીતવાના છે. એ લોકોને જીતે તેને જ હું અમરજીત કહું છું.'' સમ્રાટનો નશો ઊતરી ગયો. તેમને વાસ્તવિકતાનું ભાન થયું. સમ્યક્ સમજણ આવતાં જ તેમણે સંસારનો ત્યાગ કરીને આ બન્ને રાજાઓને જીતવા માટે મોક્ષમાર્ગે પ્રયાણ આદર્યું.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે મોક્ષમાર્ગે આગળ વધવું હોય તો મોહરાજાને જીતવા જ પડશે. જો મોહને નથી જીત્યો તો બધું નકામું. એક મોહરાજા જિતાયા તો અન્ય સાત કર્મો તો જીતાયા જ સમજો. એ માટે સમ્યક્ સમજણ ખૂબ જ અગત્યની છે. તેમાંથી સત્ય છે તેને સ્વીકારવુ જ રહ્યું. આત્મા પોતે જ પોતાનો શત્રુ છે અને પોતે જ પોતાનો મિત્ર છે. આપણા જે કાર્યો છે તેના માટે જવાબદાર આપણે સ્વયં છીએ. એકવાર મોહરાજા જીતાયા અને આત્મા કેવળજ્ઞાનનો સ્વામી થઇ ગયો તો યમરાજા પર તો જીત આપમેળે થઇ જશે, કારણ જ્યાં સુધી જન્મમરણ છે ત્યાં સુધી જ યમરાજા આવે છે.

અત્યાર સુધીમાં કેટલાય પર્યુષણ આવ્યા ને ગયા પરંતુ મારો તમારો આત્મા હજુ જાગ્યો નથી. બસ, હવે તો જાગી જઇએ. નિજ સ્વભાવને ઓળખી આત્મનિષ્ઠ બનીએ. જયાં સુધી આત્મા નિજ સ્વભાવને ઓળખતો નથી ત્યાં સુધી જ મોહ-રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. જો તેને ઉત્પન્ન ન થવા દેવા હોય તો જ્ઞાન આત્મકેન્દ્રિત થઇ જાય એ જરૂરી છે. આમ થવાથી શુભ-અશુભ ભાવનો અભાવ થઇ વીતરાગભાવ ઉત્પન્ન થાય છે અને એક સમય એવો આવશે કે સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ થઇ આત્મા કેવળજ્ઞાન-કેવળદર્શનનો સ્વામી બનશે.

આ પર્યુષણમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની એવી આરાધના કરી લઇએ કે જન્મ-મરણ પર રોક લાગી જાય. આ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની આરાધના કોરેકોરી નહીં પરંતુ 'ભાવ'ની ભરતીથી ભરપૂર રીતે કરવી પડશે. ભાવ વિના, ઉત્સાહ વિના, અંતરના ઉલ્લાસ વિના કરેલી દરેક ક્રિયા નકામી છે. કર્મના મર્મને ભેદનારા પર્યુષણ પર્વનું આગમન થઇ ગયું છે, આવો આપણે સૌ સાથે મળી મોક્ષમાર્ગે ચાલવા પગલું ઉપાડીએ...

બઢ જાતા હૈ જબ ચરણ, સ્વયં પથ બન જાતા હૈ,
ચલ પડતી હૈ જબ નાવ, કિનારા મિલ જાતા હૈ,
આ જાતા હૈ હોશ ઔર જોશ, વિજય ભી મિલ જાતા હૈ,
પુણ્ય ઔર પુરુષાર્થ કે સમન્વય સે મોક્ષ નિકટ હો જાતા હૈ

● ● ●

**શ્રી સદ્ગુરુપ્રસાદ...**

(પાના નં. ૫ પરથી ચાલુ...)

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઇતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઇ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઇ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

''એ કંઇ ખોટું છે ?'' શું ?

પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઇએ તો ?

લઇ શકાય.

એ પણ આશ્ચર્યકારક છે.

અત્યારે એ જ. ફરી યોગવાઇએ મલીશું.

એ જ વિજ્ઞાપન.

વિ૰ રાયચંદના યથાયોગ્ય.

# આત્માભિમુખ બનીને આત્મઐશ્વર્યની પ્રાપ્તિ કરવાનો અવસર એટલે શ્રી પર્યુષણ મહાપર્વ

મિતેશભાઈ એ. શાહ

શ્રી પર્યુષણ મહાપર્વ એટલે ત્યાગ, તપ અને તિતિક્ષાનું પર્વ - સંયમ, સાધના અને સદ્‌વિચારોનું પર્વ-અનુકંપાની આરાધના અને આત્મશુદ્ધિનું પર્વ - આત્મસાક્ષાત્કાર અને આત્મોન્નતિનું પર્વ. પર્યુષણ પર્વ એટલે ભીતરને બદલવાનું પર્વ, અંતરને ભક્તિથી રંગવાનું પર્વ, સંવેદના જગાડવાનું પર્વ. આત્માભિમુખ થઈને અંતરમાં ડોકિયું કરવાનું અમૃત ચોઘડિયું એટલે પર્યુષણ પર્વ. ભૌતિકતા તરફ ઢળતી અને એમાંથી આનંદ માણતી વૃત્તિઓનું પરિવર્તન કરવાનું પર્વ એટલે પર્યુષણ. મનને વિશુદ્ધ કરીને વીતરાગ ભગવાનના ચરણકમળમાં સ્થિર કરવાનું પર્વ એટલે પર્યુષણ. પરમની પ્રાપ્તિના પંથે પ્રયાણ કરવાનું પર્વ એટલે પર્યુષણ. મહાપુરુષોના ગુણોનું ચિંતન કરતાં કરતાં આત્મકલ્યાણની પ્રાપ્તિ કરવાનો અમૂલ્ય અવસર એટલે પર્વાધિરાજ પર્યુષણ. આત્મકલ્યાણની પ્રાપ્તિનું રહસ્ય સમજાવનારું અનુપમેય પર્વ એટલે પર્યુષણ. આ પર્વ આત્મજાગરણનું પર્વ છે. પર્યુષણ પર્વની ઉજવણી નહીં, પણ ઉપાસના કરવાની છે. અહિંસાની આલબેલ પોકારતું પર્વ એટલે પર્યુષણ. આંગણે પધારેલા આ પર્વને આપણે પરમ પ્રેમથી વધાવીએ. મૈત્રીભાવ અને સદ્‌વ્યવહારને સર્વત્ર રાખીને પર્વાધિરાજનો સંદેશ ઝીલીને જીવન અજવાળીએ. આ મહાપર્વની પાવન પળોને તપ, ત્યાગ અને ભક્તિની ભીનાશથી ભરી દઈએ. 'મિચ્છામિ દુક્કડમ્' ની સાથે 'ઇચ્છામિ સુક્કડમ્' કહીએ એટલે કે મારા સત્કૃત્યોનો ઉદય થાઓ.

પરિ = ચારે બાજુથી, ઉષ = વસવું - ચારે બાજુથી આત્માની સમીપ રહેવાનો પ્રયત્ન કરવાનું પર્વ એટલે પર્યુષણ. આ દિવસો દરમિયાન અર્થ અને કામરૂપી પુરુષાર્થને તિલાંજલિ આપી માત્ર ધર્મની આરાધના કરવાની હોય છે. એક આમ્નાયમાં પર્યુષણ પર્વને 'દશલક્ષણપર્વ' તરીકે ઉજવવામાં આવે છે. આત્માના દશ ગુણો આ પ્રમાણે છે : ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ શૌચ, ઉત્તમ સત્ય, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય. ઉપરોક્ત ગુણો આપણો (આત્માનો) સ્વભાવ છે. પર્યુષણ મહાપર્વમાં આ આત્મિક ગુણો પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કર્તવ્ય છે.

સંસારપરિભ્રમણનો મુખ્ય હેતુ રાગ છે અને તેથી જેનો જેટલો રાગ ઘટ્યો હોય તે તેટલા પ્રમાણમાં સંસારથી મુક્ત થઇ શકે. દેહ, સંસાર અને ભોગો પ્રત્યે આસક્તિ ઘટે તેટલો આપણા જીવનમાં વૈરાગ્ય પ્રગટે. સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનરૂપ આ સંસારને વિશે માત્ર એક વૈરાગ્ય જ અભય છે. કહેવાયું છે.

"વિષય સે લગી પ્રીતડી, તબ હરિ અંતર નાહિ;
જબ હરિ અંતર મેં બસેં, પ્રીતિ વિષય સે નાહિ;"

વૈરાગ્યની જનની એવી નીચેની બાર ભાવનાઓનું ચિંતન-મનન-નિદિધ્યાસન કરવું પર્યુષણ પર્વમાં આવશ્યક છે.

**(૧) અનિત્ય ભાવના :-** શરીર, વૈભવ, લક્ષ્મી, યૌવન, જીવન, કુટુંબ, પરિવાર આદિ ક્ષણભંગુર છે. આ બધા પાણીના પરપોટાની જેમ વિનાશિક છે. જોતજોતામાં જ વિલય પામે છે. સમસ્ત ઇન્દ્રિયજનિત સુખો મેઘધનુષના રંગની જેમ જોતજોતામાં વિલીન થઇ જાય છે. આયુષ્ય પૂર્ણ થતાં સૌ પોતપોતાના કર્મ અનુસાર ચારેય ગતિઓમાં ચાલ્યા જાય છે. મનુષ્યનો જન્મ અને જિનેન્દ્ર ધર્મ અનંતકાળમાં મળવાં દુર્લભ છે. નાશવંત, અનિત્ય બાબતમાં રાગ-મોહ કર્તવ્ય નથી. આ વિનશ્વર જગતમાં મારો જ્ઞાન-દર્શન. સ્વભાવ જ એક શાશ્વત વસ્તુ છે. તેનો આશ્રય લેવા જેવો છે.

"વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ,
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ."

**(૨) અશરણ ભાવના :-** જેમ નિર્જન વનમાં વાઘે પકડેલા હરણના બચ્ચાને બચાવવા કોઇ પણ સમર્થ નથી તેવી રીતે કાળરૂપી શિકારી દ્વારા પકડાયેલા જીવની રક્ષા કરવા કોઇ સમર્થ નથી. પરિજન, રાજા, વૈદ્ય, મંત્ર, તંત્ર, દેવ વગેરે મૃત્યુથી બચાવવા સમર્થ નથી. કર્મનો ઉદય આકાશ-પાતાળમાં ક્યાંય છોડતો નથી. પ્રબળ કર્મના ઉદયને રોકવામાં ઔષધિ આદિ સમર્થ નથી. આ દુનિયામાં વ્યવહારથી સત્ દેવ-ગુરુ-ધર્મનું શરણ અને નિશ્ચયથી પોતાના શુદ્ધાત્માનું શરણ લેવા જેવું છે. તેના સિવાય કોઇ શરણરૂપ નથી.

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઇ ન બાંહ્ય સ્હાશે."

**(૩) સંસારભાવના :** સંસારપરિભ્રમણ અને પરિભ્રમણના નાશના ઉપાયોનું ચિંતન કરવું તે સંસારભાવના છે. આ ચતુર્ગતિરૂપ સંસારમાં જીવ અનાદિકાળથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવરૂપ પંચ પરાવર્તનો દ્વારા પરિભ્રમણ કરતાં અપાર દુઃખોને સહન કરી રહ્યો છે. રાગ, દ્વેષ અને મોહ સંસારભ્રમણના મૂળ છે. તેના નાશનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપની આરાધના છે.

**(૪) એકત્વભાવના :** જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો જ પોતે કરેલા પુણ્ય-પાપના ફળરૂપ સુખ-દુઃખને ભોગવે છે, રોગાદિ વેદના એકલો જ સહે છે, એકલો જ પોતે પુરુષાર્થ કરીને કર્મબંધનો તોડીને મોક્ષે જાય છે. નિશ્ચયથી હું પોતે પોતાનામાં જ પરિપૂર્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ સામર્થ્યથી યુક્ત ચૈતન્ય પદાર્થ છું તેવું ચિંતન કરવું.

"શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઇ અન્યે લઇ ના શકાય ,
એ ભોગવે એક સ્વ આત્મ પોતે,
એકત્વ એથી નયસુજ્ઞ ગોતે."

**(૫) અન્યત્વભાવના :** આ ભાવનામાં સાધક પોતાને નાસ્તિરૂપમાં પરદ્રવ્યોથી ભિન્ન વિચારે છે કે ધન, મકાન, સ્વજનો આદિ અબદ્ધ નો કર્મ; દેહ, વાણી, ઇન્દ્રિયો આદિ બદ્ધ નો કર્મ; જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મ અને રાગાદિ ભાવકર્મથી હું ભિન્ન છું. તે બધા જડાત્મક છે અને હું ચેતનાત્મક છું. એમ વિચારી ઉપરોક્ત બધાય મમત્વભાવનો ત્યાગ કરી આત્મામાં સ્થિર રહેવા પ્રયત્ન કરવો.

**(૬) અશુચિ ભાવના :** શરીર સ્વભાવથી અપવિત્ર છે. તે ઘૃણાસ્પદ સાત ધાતુ અને સાત ઉપધાતુઓનું બનેલું છે. શરીરના સ્પર્શથી અન્ય પવિત્ર વસ્તુઓ પણ અપવિત્ર બની જાય છે. શરીરના નવ દ્વારોથી સદા ગંદકી વહે છે. એમ વિચારી દેહ પ્રત્યેના મમત્વનો ત્યાગ કરી દેહથી ભિન્ન શુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી આત્માનો આશ્રય કરવો.

**(૭) આસ્રવ ભાવના :** મિથ્યાત્વ, અસંયમ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્માસ્રવના કારણો છે. કર્મબંધ દુઃખનું કારણ છે એમ વિચારી પોતાના શુદ્ધાત્માનો આશ્રય લેવો યોગ્ય છે.

**(૮) સંવરભાવના :** સંવર એટલે કર્મોને આત્મા તરફ આવતા રોકવાં. આસ્રવભાવોથી વિપરીત સમ્યક્ત્વ, સંયમ, અપ્રમાદ, અકષાયભાવ અને યોગનિરોધ એ સંવરના ઉપાયો છે. સંવરથી સંસાર પરિભ્રમણ અટકી જાય છે અને શાશ્વત આનંદરૂપ મુક્તિનો લાભ મળે છે.

**(૯) નિર્જરાભાવના :** કર્મોનું આત્માથી એકદેશ ખરી જેવું તેને નિર્જરા કહે છે. તેના બે ભેદ છે : સવિપાક અને અવિપાક. ભગવાને કહેલાં બાર પ્રકારનાં તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. જ્ઞાનપૂર્વક તપ કરવું, ઇચ્છાઓનો નિરોધ કરવો તેને તપ કહે છે.

**(૧૦) લોકસ્વરૂપ ભાવના :** ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચારવું તે લોકસ્વરૂપ ભાવના છે. અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોકનું સ્વરૂપ વિચારવું. જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ - આ છ દ્રવ્યોથી યુક્ત લોક છે. મારો વાસ્તવિક લોક તો જ્ઞાન-દર્શનરૂપ ચૈતન્યલોક છે.

**(૧૧) બોધિદુર્લભભાવના :** જીવને ત્રસપર્યાય, સંજ્ઞી પંચેન્દ્રિયપણું, આર્યખંડ, ઉત્તમકુળ, ઇન્દ્રિયોની પૂર્ણતા, નીરોગી શરીર, દીર્ઘ આયુ, સત્પુરુષોનો

**(અનુસંધાન પાના નં. ૭ પર...)**

# જીવનસુમન : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૬**

(૧) કવર સાથે **'જીવનસુમન'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૮/- (આઠ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ એક નંગના રૂા. ૧/- (અંકે એક પૂરા) ચૂકવવાના રહેશે.

(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે ઓર્ડરફોર્મ સાથે જ મોકલવાની રહેશે. **ઓર્ડરફોર્મ સાથે જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**

(૪) તા. ૨૦-૧૦-૨૦૧૯ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું. **સંપર્ક : શ્રી વિજયભાઈ પટેલ : મો. ૯૩૨૭૦૯૦૩૯૩,** ૭૬૯૮૭૫૭૩૧૯

## દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? ______હા/______ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ :______________________ ફોનઃ ______________**

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોનઃ(૦૨૨)૨૮૮૨૯૨૪૯/૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

### BANGLORE

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

### CHENNAI

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

### HIMATNAGAR

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

### KOLKATA

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

### LAXMIPURA

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

### LIMBDI

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

### PUNE

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

### RAJKOT

**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

### RAKHIYAL

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

### SURENDRANAGAR

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧, ૯૪૨૬૭ ૫૫૧૬૬

### VADODARA

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

### U. K. (0044)

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

### U.S.A. (001)

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

### KENYA

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

### CANADA (Toronto)

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૬-૮-૨૦૧૯ થી ૨-૯-૨૦૧૯ | શ્રાવણ વદ - ૧૧થી ભાદરવા સુદ - ૪ | સોમવાર થી સોમવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૩-૯-૨૦૧૯ થી ૧૨-૯-૨૦૧૯ | ભાદરવા સુદ-પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | મંગળવારથી ગુરુવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૧૪-૧૦-૨૦૧૯ | આસો વદ એકમ | સોમવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૨૬-૧૦-૨૦૧૯થી ૨૯-૧૦-૨૦૧૯ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | શનિવારથી મંગળવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પાંચમ | શુક્રવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૧૨-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પૂનમ | મંગળવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૯થી ૩-૧૨-૨૦૧૯ | | રવિવારથી મંગળવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ

સંસ્થામાં તા. ૨૬-૦૮-૨૦૧૯ થી તા. ૦૨-૦૯-૨૦૧૯ દરમિયાન શ્રી પર્યુષણ મહાપર્વની ઉજવણી કરવામાં આવશે. આ મહાપર્વ દરમિયાન આદ.બા.બ્ર.સુરેશજી સિદ્ધર્ષિ ગણિની રૂપકકથા 'ઉપમિતિભવપ્રપંચકથા' ના આધારે સ્વાધ્યાયનો લાભ આપશે. આ કથા વૈરાગ્યપ્રેરક છે. નિગોદથી માંડીને મોક્ષ સુધીની જીવની યાત્રાનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે. કષાયાદિને કારણે જીવની કેવી હેરાનગતિ થાય છે તેનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે. વૈરાગ્યની વૃદ્ધિ અર્થે આ ગ્રંથનું અધ્યયન આવશ્યક છે. આ ઉપરાંત પૂજ્યશ્રીના સ્વાધ્યાયની વીડિયો કેસેટ, જિનપૂજા, ધ્યાન, ભક્તિસંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાપર્વની ઉજવણીમાં પધારવા સૌને નિમંત્રણ છે. આપના આગમનની અગાઉથી જાણ સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી છે.

## સંસ્થામાં શ્રી ગુરુપૂર્ણિમા નિમિત્તે આયોજિત ત્રિદિવસીય શિબિર સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં શ્રી ગુરુપૂર્ણિમા નિમિત્તે તા. ૧૪-૦૭-૨૦૧૯ થી તા. ૧૬-૦૭-૨૦૧૯ દરમ્યાન પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં સારી સંખ્યામાં

મુમુક્ષુ ભાઇ-બહેનોએ લાભ લીધો હતો. શિબિરનું સફળ અને સુંદર સંચાલન પ્રતિભાસંપન્ન મુમુક્ષુ આદ. શ્રી શરદભાઇ ડેલીવાળાએ કર્યુ હતું.

**સ્વાધ્યાય :-** પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે યોજાયા હતા. ગુરુપૂર્ણિમાની સવારે આજ્ઞાભક્તિ વખતે પૂજ્યશ્રી સ્વાધ્યાયહોલમાં પધાર્યા હતા. સૌએ ભક્તિ સહિત સમૂહમાં ગુરુવંદના કરી હતી. પૂજ્યશ્રીએ બોધ આપતા કહ્યું હતું કે આપણી સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમા આગવું સ્થાન ધરાવે છે, જેમાં શ્રી ગુરુના ઉપકારનો મહિમા દૃષ્ટિગોચર થાય છે. "ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરઃ, ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈશ્રી ગુરુવે નમઃ ।." આપણા હૃદયમાં ગુરુ માહાત્મ્ય વધારે દૃઢ થાય તે માટે શ્રી ગુરુને પરબ્રહ્મ એટલે પરમાત્મા કહ્યા છે.

સરળતા, ભદ્રિકતા અને નમ્રતાના પ્રતીક, જૈનધર્મના ગહન તત્ત્વોના ઊંડા અભ્યાસી, દેશ-વિદેશમાં સ્વાધ્યાય દ્વારા અનેક મુમુક્ષુઓને લાભાન્વિત કરનાર મલાડ (મુંબઇ) થી ખાસ પધારેલા પં.શ્રી અશ્વિનભાઇ શાહે 'શ્રી સમયસાર' ગ્રંથના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે બાહ્ય સામગ્રીની પ્રાપ્તિમાં સુખ નથી, સાચું સુખ તો અંતરમાં છે. સ્વરૂપલીનતાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આત્મહિત માટે તત્ત્વાભ્યાસ જરૂરી છે. સુખી થવા મોહના અભાવની આવશ્યકતા છે. ગમે તેવા વિપરીત ઉદયમાં સમતાભાવ કેવી રીતે રાખવો તે જૈનદર્શન શીખવાડે છે. આકુળતા તે દુઃખ છે અને નિરાકુળતા છે ત્યાં સુખ છે. ધાર્મિક અનુષ્ઠાનોના માધ્યમથી ભેદજ્ઞાન દૃઢ થવું જોઇએ તેમજ વીતરાગતાનું પોષણ થવું જોઇએ. પાપપુણ્યમાં સુખબુદ્ધિ તૂટવી તે ધર્મની શરૂઆત છે. પાપભાવ ઘટાડવાં નિયમ લેવા જરૂરી છે. જ્યારે જીવ સ્વસ્વરૂપમાં ડૂબે છે ત્યારે પુણ્ય પણ છૂટી જાય છે. મિથ્યાત્વ એ પાપનું મૂળ છે. પ્રથમ દૃષ્ટિમાં રાગ તોડવાનો છે. કર્મ અને નોકર્મમાં અભેદબુદ્ધિ હોય ત્યાં સુધી જીવ અજ્ઞાની (દુઃખી) છે. ભેદજ્ઞાન ત્રણ પ્રકારે છે : (૧) આગમઆશ્રિત (૨) અભ્યાસરૂપ અને (૩) પરિણમનરૂપ ભેદજ્ઞાન. આત્માની અનુભૂતિ વિના કોઇ જીવ સુખી ન હોય. જ્ઞાન બાહ્ય સાધન છે, અને ચારિત્રનું મોક્ષમાર્ગમાં મુખ્ય યોગદાન છે. જગત મૂલ્યાંકન ક્રિયાથી થાય છે, પરિણામની ખબર નથી. અભિપ્રાયનું મુખ્ય ફળ છે. મિથ્યાત્વથી રિટાયર્ડ થવાનું છે. સ્વરૂપમાં લીનતા થવી તેનું નામ ચારિત્ર. આવું ચારિત્ર નરદેહે સંભવ છે, સ્વસ્વરૂપમાં નથી ટકાતું ત્યારે જ્ઞાની સત્‌દેવ-ગુરુ-ધર્મનું શરણ લે છે. સમ્યગ્‌દર્શન થતાં ભવ સીમિત થઇ જાય છે. ભક્તિના ભાવ એ મંદકષાય છે. અપ્રયોજનભૂત પ્રસંગોમાંથી 'ઉપયોગ' ને હટાવી આત્મહિતમાં લગાડવો. પરમકૃપાળુદેવનું જીવન અત્યંત પવિત્ર હતું. સમ્યગ્‌દર્શનનું ઉત્તમ નિમિત્ત જિનબિંબ છે. ગળપણને ગોળ સાથે અભેદ સંબંધ છે, તેમ જ્ઞાનને આત્મા સાથે છે. મનુષ્યભવ મુનિ બની મોક્ષે જવા માટે મળ્યો છે. પરદ્રવ્ય સાથેની અભેદબુદ્ધિને તોડવાનો ઉપાય ભેદજ્ઞાનનો અભ્યાસ છે. પાંચેય સમવાય કારણોમાં પુરુષાર્થની મુખ્યતા છે. અરૂપી જ્ઞાનરૂપી દર્પણ (આત્મા) સ્વ-પરને જાણે છે. પરપદાર્થો (જ્ઞેય) આત્મામાં ઝળકે છે, તેને પોતાના માનવાં તે અજ્ઞાન છે. જીવ પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલી જ્ઞેયરૂપ પદાર્થોમાં રાગદ્વેષ કરે છે. પોતાની જાત સાથે બેસવાનો પુરુષાર્થ એટલે સામાયિક.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે ગુરુના ભીતરમાં અધ્યાત્મની લેબોરેટરી છે, જેમાં અનેક પ્રયોગો થતાં રહે છે. માણસ જગતને જાણે છે, પણ જાતને જાણતો નથી. પૂજ્યશ્રી આત્માનંદજીએ આપણને જીવનનું સર્વગ્રાહી દર્શન પામવા આકાશ આપ્યું છે. પૂજ્યશ્રીએ આપણા જીવનની બધી બારીઓ ખોલી આપી છે. પૂજ્યશ્રી જેવા ચિંતકો દેશને મળ્યા હોત તો દેશ ગુલામ ન થયો હોત! આકાશ દર્શાવનારા સંતોની વર્તમાનમાં આવશ્યકતા છે. ગુરુદર્શન કરીએ ત્યારે ગુરુના દર્શનનો પણ વિચાર કરીએ.

પૂજ્યશ્રીને નાની ઉંમરે સત્સંગનો સુયોગ થયો અને એકાંતરૂપી જડીબુટ્ટી મળી. ગ્રંથ એ માનવીને પંથ બતાવે છે. પૂજ્યશ્રીએ શારીરિક ઉપાધિઓને સમાધિમાં ફેરવી નાખી. અધ્યાત્મ એ અહંકારનું નિર્ગલન અને પ્રેમનો આવિષ્કાર કરવાનું સૂચવે છે. ગુરુ આપણા ભીતરના આગ્રહો અને માન્યતાઓમાં હળવે હળવે ધરતીકંપ કરે છે. ગુરુ આપણા દૃષ્ટિનું પરિવર્તન કરાવે છે. તેઓના વ્યક્તિત્વમાંથી શીતળતાનો અનુભવ થાય છે. ગુરુના માધ્યમથી પરમાત્મદર્શન સુધી પહોંચી શકાય. ગુરુરૂપી પૂર્ણિમા આપણા અજ્ઞાનરૂપી અંધકારને ભેદી નાખે છે.

બા.બ્ર.આદ. સુરેશજીએ 'સમજ્યા તે શમાયા' વચનામૃત પત્રાંક-૬૫૧ ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે 'શમાઇ ગયા' તે સમ્યક્ત્વની દશા છે. શમાઇ જવું એટલે પ્રતિબુદ્ધ થવું. જ્ઞાની સત્‌દેવ-ગુરુ-ધર્મનું શરણ લે, પરંતુ સંસારી જીવોની પરાધીનતા ન સ્વીકારે. હું સહજ સ્વયંમાં સુખી અને શાંત છું. દુનિયાના કોઇ પણ પદાર્થો મારી શાંતિનો ભંગ કરી શકતા નથી. મારા સુખ, શાંતિ, આનંદ સ્વાધીન છે. અંતર્મુખતાનો અભ્યાસ કરવાની ટેવ પાડવી. અધિકાર માટે લડવું તે લૌકિક દૃષ્ટિ છે. વ્યાકુળતા એ આસ્રવનું લક્ષણ છે. આત્મશક્તિ આવરિત રહેવી તે બંધ અવસ્થા છે. ક્રોધાદિ વિકારોનો ક્ષય થવો અને આત્માની શક્તિઓ વિકસિત થવી તે નિર્જરા. સંતોની કાર્યશાળામાં દરેક પ્રકારના માનવી હોય છે. જીવનને આધ્યાત્મિકતાના રંગમાં રંગવાનો પ્રયત્ન કરવો જોઇએ. વારંવાર મહાપુરુષોની દશાનું ચિંતન કરવું.

**ભક્તિસંગીત :-** તા. ૧૪.૦૭.૨૦૧૯ ના રાત્રે પૂ.લાલજીબાપા મુમુક્ષુમંડળે ભાવવાહી ભક્તિનો લાભ આપ્યો હતો. સરળ અને નિખાલસ હૃદયમાંથી નીકળેલી ભાવસભર ભક્તિથી સૌ પ્રભાવિત થયા હતા. તા. ૧૫.૦૭.૨૦૧૯ ના રાત્રે યુવાસાધકવૃંદ (કોબા) એ હૃદયના તારને ઝણઝણાવી દે તેવી ગુરુભક્તિ પ્રસ્તુત કરી હતી. પૂજ્યશ્રી આત્માનંદજીએ પણ ત્રણ-ચાર જેટલા ભાવવાહી ભક્તિપદો લીધા, જેથી મુમુક્ષુઓ પ્રસન્ન થયા હતા.

**પ્રકીર્ણ :-** શિબિર દરમિયાન પ્રાતઃકાલીન ભક્તિ, જિનાભિષેક, જિનપૂજા, આરતી, દેવવંદન આદિ કાર્યક્રમો નિયમિતપણે યોજાયા હતા. શિબિર દરમિયાન નીચેના દાનવીર મહાનુભાવોએ સ્વામિવાત્સલ્યનો લાભ આપ્યો હતો; જેઓને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ : (૧) શ્રી પ્રતાપરાય ઘેલાભાઇ પારેખ, હસ્તે શ્રી બકુલભાઇ પારેખ (ચેન્નાઇ) (૨) શ્રી તરલાબેન દિનેશભાઇ બાવીસી, રાજકોટ (૩) શ્રી સુધાબેન પ્રફુલભાઇ લાખાણી (USA). શ્રી નીતાબેન લોઢીયા, શ્રી રેખાબેન પરમાર્થી, શ્રી સુશીલાબેન કારાણી તથા શ્રી ચંપકભાઇ પરમાર્થીએ પ્રેમપરિશ્રમ લઇને કલાત્મક તથા બોધદાયક રંગોળી બનાવી હતી. શિબિરમાં સહયોગ આપનારા સૌ કોઇને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થામાં થાઈરોઈડ નિદાન કેમ્પ સાનંદ સંપન્ન

સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા ટોકન ચાર્જ લઇને મેડિકલ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. મેડિકલ સેન્ટરના ઉપક્રમે રક્તદાન શિબિર, બોડી ચેક અપ કેમ્પ, થાઇરોઇડ નિદાન કેમ્પ વગેરેનું આયોજન થતું રહે છે. તા. ૧૪.૦૭.૨૦૧૯ ના દિવસે સંસ્થામાં Abbott India Limited ના સહયોગથી થાઇરોઇડ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ માટે આદ. શ્રી તરલાબેન દિનેશભાઇ બાવીસી (રાજકોટ) નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો; જે બદલ તેઓશ્રીને અનેકશઃ ધન્યવાદ આપીએ છીએ.

પૂજ્યશ્રી આત્માનંદજી, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ વગેરે મહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા કેમ્પનો શુભારંભ થયો. ૭૮ જેટલા લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. માત્ર ૫૦/- રૂપિયાના રાહત

દરે TSH ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને જરૂરત પ્રમાણે T4 રિપોર્ટ પણ ચાર્જ લીધા વિના કરી આપવામાં આવ્યા હતા. સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓના CBC અને બ્લડ ગ્રુપ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા.

## અનુમોદના

આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગ, સેવા, સાધના કરતા મુમુક્ષુવર્ય મુરબ્બી આદ. શ્રી મંજુબેન ધીરુભાઇ ડગલી (મુંબઇ) તરફથી ગુરુપૂર્ણિમા નિમિત્તે દરેક મુમુક્ષુને પ્રસાદીની પ્રભાવના કરવામાં આવી હતી. આ ઉપરાંત યથાશક્તિ સંસ્થાના દરેક કર્મચારીને તેઓશ્રી તરફથી આર્થિક સહાય આપવામાં આવી હતી. સાથે સાથે સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓ માટે સૂકામેવાની પ્રભાવના કરવામાં આવી હતી. દાનવીર ઉદારદિલ, સરળ તથા શાંત સ્વભાવ ધરાવતા વિનમ્ર એવા આ ધાર્મિક દંપતીને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે.

## ભારતમાં ચાતુર્માસ દરમિયાન બિરાજમાન કેટલાક જૈન સાધુ-સાધ્વી ભગવંતોની યાદી

અમને પ્રાપ્ત થયેલ માહિતી અનુસાર આ વર્ષે ચાતુર્માસ કરનાર જૈન સાધુ-સાધ્વી ભગવંતોની યાદી નીચે મુજબ છે :

- પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાનંદજી મહારાજ ............................કુંદકુંદભારતી, ન્યૂ દિલ્હી
- પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ ................................ નેમાવર (મ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી વર્ધમાનસાગરજી મહારાજ.............................. યરનાલ (કર્ણાટક)
- પૂજ્ય આચાર્યશ્રી અનેકાંતસાગરજી મહારાજ ...................... શ્રી સમેતશિખરજી, ઝારખંડ
- પૂજ્ય આચાર્યશ્રી સુનીલસાગરજી મહારાજ ............................ સાગવાડા, રાજસ્થાન
- પૂજ્ય આચાર્યશ્રી અનુભવસાગરજી મહારાજ ........................... ડુંગરપુર, રાજસ્થાન
- પૂજ્ય આચાર્યશ્રી ચંદ્રસાગરજી મહારાજ ................................ ઉદેપુર, રાજસ્થાન
- પૂજ્ય આચાર્યશ્રી પુષ્પદંતસાગરજી મહારાજ ............................. પુષ્પગિરિ (મ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી ગુપ્તિનંદીજી મહારાજ ............................... ધર્મતીર્થ, ઔરંગાબાદ
- પૂજ્ય આચાર્યશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ .......................... માલગાંવ (મહારાષ્ટ્ર)
- પૂજ્ય આચાર્યશ્રી વિશુદ્ધસાગરજી મહારાજ ................................. ભીંડ (મ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી આનંદસાગરજી મહારાજ ........................... ધ્યાનતીર્થ, વસંતકુંજ
- પૂજ્ય આચાર્યશ્રી કુંથુસાગરજી મહારાજ.................................. કુંથુગિરિ, મહારાષ્ટ્ર
- પૂજ્ય આચાર્યશ્રી નિર્મલસાગરજી મહારાજ ............................... ગિરનારજી, ગુજરાત
- પૂજ્ય આચાર્યશ્રી કનકનંદીજી મહારાજ .................................. નદૌડ (ડુંગરપુર)
- પૂજ્ય આચાર્યશ્રી વિમર્શસાગરજી મહારાજ .................................... દુર્ગ (મ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી સંભવસાગરજી મહારાજ ........................ શ્રી સમેતશિખરજી, ઝારખંડ
- પૂજ્ય આચાર્યશ્રી સન્માનસાગરજી મહારાજ ................................ કાનપુર (ઉ.પ્ર.)

- પૂજ્ય આચાર્યશ્રી વિવેકસાગરજી મહારાજ ................................ સોનાગિરિ (મ.પ્ર,)
- પૂજ્ય આચાર્યશ્રી વિમલસાગરજી મહારાજ ........................... શ્રી મહાવીરજી, રાજસ્થાન
- પૂજ્ય આચાર્યશ્રી સિદ્ધાંતસાગરજી મહારાજ ................................ બેલા તીર્થ, મ.પ્ર.
- પૂજ્ય આચાર્યશ્રી કુશાગ્રનંદીજી મહારાજ .................................. જયપુર, રાજસ્થાન
- પૂજ્ય આચાર્યશ્રી ધન્યસાગરજી મહારાજ ................................ ગાંધીનગર, ગુજરાત
- પૂજ્ય આચાર્યશ્રી યતિન્દ્રસાગરજી મહારાજ .................................. દુર્ગ (મ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી શશાંકસાગરજી મહારાજ .................................. કેકડી (રાજસ્થાન)
- પૂજ્ય આચાર્યશ્રી મહાશ્રમણજી .................................................. બેંગ્લોર
- પૂજ્ય તપાગચ્છાધિપતિ આચાર્યશ્રી મનોહરકીર્તિ સાગર સૂરીશ્વરજી મ.સા. ..... વાસણા, અમદાવાદ
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજય કલ્પજયસૂરીશ્વરજી મહારાજ ......... સેટેલાઈટ, અમદાવાદ
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. .... ઓપેરા, પાલડી, અમદાવાદ
- પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા. ............... પાલડી, અમદાવાદ
- પૂજ્ય રાષ્ટ્રસંત આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. .............. અદાણી શાંતિગ્રામ ટાઉનશીપ, એસ.જી.હાઈવે, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. ............................. રતલામ (મ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી અજયસાગરસૂરીશ્વરજી મ.સા. ........................ સેટેલાઈટ, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી અમૃતસાગરસૂરીશ્વરજી મ.સા. ............................ કોબા (ગાંધીનગર)
- પૂજ્ય આચાર્યશ્રી ચંદ્રજિતસૂરિશ્વરજી મ.સા. ..................... ગુરુકુળ, મેમનગર, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરિશ્વરજી મ.સા. ............................ વાસણા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી ભવ્યકીર્તિસૂરીશ્વરજી મ.સા. .......................... સાબરમતી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી પ્રશમાનંદસૂરીશ્વરજી મ.સા. ........................ સાબરમતી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી મલયસેનસૂરીશ્વરજી મ.સા. .................... મેરુધામ જૈનતીર્થ, અમિયાપુર
- પૂજ્ય આચાર્યશ્રી મેઘવલ્લભસૂરીશ્વરજી મ.સા. .......................... સે-૨૨, ગાંધીનગર
- પૂજ્ય આચાર્યશ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા. .............................. જોધપુર, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા. ........................ સાબરમતી, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી રત્નયશસૂરીશ્વરજી મ.સા. ...................... નવરંગપુરા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી હેમવલ્લભસૂરીશ્વરજી મ.સા. .................. તપોવન સંસ્કારપીઠ, અમિયાપુર
- પૂજ્ય આચાર્યશ્રી વીરેન્દ્રમુનિ મ.સા. (દરિયાપુરી સ્થાનકવાસી સંપ્રદાય) ... આંબાવાડી, અમદાવાદ
- પૂજ્ય મુનિશ્રી પ્રસન્નસાગરજી મહારાજ .................................. પુષ્પગિરિ (મ.પ્ર.)
- પૂજ્ય મુનિશ્રી ચિન્મયસાગરજી મહારાજ ................................ બેલગામ, કર્ણાટક
- પૂજ્ય મુનિશ્રી ચંદ્રગુપ્તજી મહારાજ .................................. નાંદણીમઠ (મહારાષ્ટ્ર)

- પૂજ્ય મુનિશ્રી પ્રબલસાગરજી મહારાજ ............................ સમેતશિખરજી (ઝારખંડ)
- પૂજ્ય મુનિશ્રી પ્રમાણસાગરજી મહારાજ .................................. બડવાની (મ.પ્ર.)
- પૂજ્ય આર્યિકાશ્રી જ્ઞાનમતિ માતાજી ..................................... ટિકૈતનગર (ઉ.પ્ર.)
- પૂજ્ય આર્યિકાશ્રી સુદંઢમતિ માતાજી ......................................... દાહોદ (ગુજરાત)
- પૂજ્ય આર્યિકાશ્રી સુપ્રકાશમતિ માતાજી ................................. હિંમતનગર (ગુજરાત)
- પૂજ્ય આર્યિકાશ્રી સ્વસ્તિભૂષણ માતાજી ....................... જહાજપુર, ભીલવાડા, રાજસ્થાન

## 'સર્વમંગલમ્ આશ્રમ' સાગોડિયા મુકામે પૂજ્યશ્રી ભાનુવિજયજીમહારાજશ્રીની સ્મૃતિમાં 'સ્વરૂપ સ્મૃતિ કેન્દ્ર' ની અનાવરણવિધિ સાનંદ સંપન્ન

તા. ૦૬-૦૭-૨૦૧૯ ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજી તથા સાધક ભાઇ-બહેનો સવારે કોબાથી નીકળી લગભગ ૧૦-૦૦ વાગ્યે સાગોડિયા પહોંચ્યા હતા. આદરણીય ટ્રસ્ટીશ્રી જગદીશભાઇ વોરા તથા સૌએ ભાવભીનું સ્વાગત કર્યુ હતું.

'સ્વરૂપ સ્મૃતિ કેન્દ્ર' ના દર્શન કર્યા ત્યારે પૂજ્ય મહારાજશ્રીની સ્મૃતિ તાજી થઇ ગઇ. મહારાજશ્રીની મૂર્તિ આબેહૂબ બની છે. તેમની 'શાંત પ્રસન્ન મુદ્રા' જોઇને તેઓ પ્રત્યક્ષ હોય તેવો ભાસ થતો હતો. કેન્દ્રમાં મહારાજશ્રીની ખુરશી, પલંગ તથા બીજી બધી વસ્તુઓ પણ વ્યવસ્થિત રીતે આયોજનપૂર્વક રાખવામાં આવી છે. દર્શન કરીને સૌ સત્સંગ-સભામાં આવ્યા.

સંતશ્રી તદ્‌રૂપાનંદજીએ તેમના ભાવવાહી પ્રવચનમાં જણાવ્યું કે જ્યારે હૃદયમાં આત્મજ્ઞાનની સ્ફૂરણા થશે ત્યારે ગુરુ અવશ્ય પધારશે. પૂજ્યશ્રી ગાંગજીભાઇએ પૂજ્ય મહારાજશ્રી સાથેના પાંચ દિવસના 'સાધર્મિક વાર્તાલાપ' નું સ્મરણ કરી તેઓને સ્મરણાંજલિ આપી. પૂજ્યશ્રી નલીનભાઇએ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે જ્ઞાનીપુરુષો મેગ્નેટ છે. તેઓ હળુકર્મી જીવોને આકર્ષી લે છે. મહારાજશ્રીના અંતઃકરણમાં ઘણી કરુણા હતી. પરમકૃપાળુદેવના બધા આશ્રમો સંગઠિત બને એવી તેમની શુભભાવના હતી. પૂજ્યશ્રી પ્રિયદર્શનાજીનો સંદેશ આદ. શ્રી જગદીશભાઇએ વાંચ્યો હતો. તેઓએ મહારાજશ્રીના વિશિષ્ટ ગુણોનો ઉલ્લેખ કર્યો હતો. જેવા કે અત્યંત કરુણાભાવ, નિષ્કામ કર્મયોગ, નમ્રતા, નિરપેક્ષતા, જાત-ગચ્છ-સંપ્રદાયના નિરાગ્રહી, અભયતા, અનાસક્ત યોગ આદિ.

પૂજ્ય બહેનશ્રીએ જણાવ્યું હતું કે પૂજ્ય મહારાજશ્રી અક્ષરદેહથી આપણી સાથે જ છે. તેમના શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રના પ્રવચન 'સમ્યગ્દર્શન' 'અપૂર્વઅવસર' આદિનો બોધ ગ્રહણ કરી આપણા આ મનુષ્યભવને સફળ કરીએ એ જ ભાવના.

પૂજ્યશ્રીએ 'નમસ્કાર મંત્ર' અને સૂત્ર બોલાવી મહારાજશ્રીને સ્મરણાંજલિ અર્પણ કરી હતી. પૂજ્ય મહારાજશ્રી તથા પૂજ્ય સાહેબજીનો સાધર્મી વાત્સલ્યનો નાતો હતો. ભોજનપ્રસાદી લઇ સૌએ ભાવભીની વિદાય લીધી હતી. સ્મૃતિ કેન્દ્રના ઉદ્‌ઘાટનનું સુંદર આયોજન કરવા માટે પૂજ્યશ્રી તરફથી ખૂબ ખૂબ ધન્યવાદ તથા સમગ્ર કોબા પરિવાર તરફથી પૂજ્ય મહારાજશ્રીના ભવ્ય આત્માને કોટિ કોટિ વંદન.

## શ્રી રાજસોભાગ આશ્રમ, સાયલા મુકામે પરમકૃપાળુદેવના દર્શન તથા સત્સમાગમનો શુભ અવસર સાનંદ સંપન્ન

પૂજ્ય ભાઈશ્રી નલીનભાઇ તથા સર્વેનું ભાવભીનું આમંત્રણ હતું તથા પૂજ્યશ્રી અને મુમુક્ષુઓની દર્શનાર્થે જવાની ખૂબ ભાવના હતી. પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય અનુકૂળ હતુ. તેથી તા. ૧૮-૦૭-૨૦૧૯ ના રોજ સવારે પૂજ્યશ્રી,

પૂજ્ય બહેનશ્રી, સંસ્થાના પ્રમુખ આદ. શ્રી નીતિનભાઇ તથા સૌ સાધક ભાઈ-બહેનો સવારે કોબાથી પ્રસ્થાન કરી લગભગ ૧૦-૩૦ વાગે સાયલા આશ્રમ પહોંચ્યા હતા. ત્યાં સૌએ ભાવભીનું સ્વાગત કર્યુ હતુ.

આયોજન પ્રમાણે સૌએ નવા હોલ તરફ પ્રયાણ કર્યું. ભક્તિ કરતા કરતા વિશાળ સ્વાધ્યાયહોલમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ પૂજ્યશ્રીએ બટન દબાવીને પડદાનું અનાવરણ કર્યુ હતું. ધીરે-ધીરે પરમકૃપાળુદેવની ભવ્યમૂર્તિના દર્શન થતા હતા. મૂર્તિના દર્શન થતાં સૌએ મૌનપૂર્વક ભાવથી લગભગ દસ મિનિટ કૃપાળુદેવને નિહાળી ચિંતન કર્યુ હતું. આદ. શ્રી વિક્રમભાઇ તથા આદ. બહેનશ્રી મીનળબેને ભાવપૂર્ણ, તેમની વિશિષ્ટ પદ્ધતિથી સ્વાગત કર્યુ હતું.

પૂજ્યશ્રીએ નમસ્કારમંત્ર ઝીલાવી માંગલિક કર્યુ હતું તથા સૂત્ર બોલાવ્યું હતું. પૂજ્ય ભાઇશ્રીએ 'મોક્ષમાર્ગ પ્રકાશ' માંથી આશ્રમના ઈતિહાસ વિષે જણાવતા કહ્યું હતું કે સાયલાની પુણ્યશાળી ભૂમિમાં સમયે સમયે આત્મજ્ઞાની પુરુષો પ્રાપ્ત થતા ગયા. પૂજ્યશ્રી કાળિદાસભાઇ, પૂજ્ય છોટાભાઇએ સાધકોને પત્ર દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. પૂજ્ય બાપુજીની દૃષ્ટિ ઘણી વિશાળ હતી. તેઓ સાધકોનું આંતરિક ઘડતર કરતા.

પૂજ્ય બહેનશ્રીએ પૂજ્ય બાપુજીને ભાવભીની શ્રદ્ધાંજલી આપી હતી તથા પૂજ્ય બાપુજીને પૂજ્ય સાહેબજી પ્રત્યે જે સાધર્મી વાત્સલ્ય હતું તે યાદ કર્યુ હતું. તેઓએ જણાવ્યું કે આપણે સ્વચ્છંદ છોડી જ્ઞાની પુરુષોની આજ્ઞા પ્રમાણે આપણું જીવન જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય બનાવીએ તો તેમની કૃપાથી આપણે પણ મોક્ષમાર્ગ પામી જઇશું.

સત્સંગ બાદ સૌએ ભોજનપ્રસાદી લીધી હતી. ત્યાં થોડો વિશ્રામ કરી, સૌની ભાવભીની વિદાય લઇ સાંજે ૬-૦૦ વાગે કોબા આવી ગયા હતા.

પૂજ્ય ભાઇશ્રી તથા પૂજ્યશ્રીનો નિષ્કામ પ્રેમ તથા સૌના સાધાર્મિક વાત્સલ્યથી વાતાવરણ પવિત્ર તથા ભક્તિમય લાગતું હતું. પરમકૃપાળુદેવ તથા સૌ જ્ઞાનીપુરુષોની કૃપા વરસતી હતી.

આવા સુંદર ભાવવાહી મિલનનું જે આયોજન થયું તથા પરમકૃપાળુદેવની ભવ્યમૂર્તિના દર્શનનો જે લાભ મળ્યો તે માટે સૌ આયોજકોનો હૃદયથી આભાર વ્યક્ત કરીએ છીએ. પૂજ્ય ભાઈશ્રીને સાદર પ્રણામ કરીએ છીએ. સાથે અનુકૂળતાએ કોબા પધારવા વિનંતી કરીએ છીએ.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

**ગુરુકુળ :** (૧) સ્વ. શ્રી મહેન્દ્રભાઇ જીવાભાઇ શેઠ (USA) રૂા. ૨,૦૦,૦૦૦/-
હસ્તે : શ્રી પદ્મિનીબેન તથા જિજ્ઞાસુ શેઠ
(ગુરુકુળ આજીવન સંરક્ષક રૂા. ૧,૦૦,૦૦૦/-
આંખના ઓપરેશન રૂા. ૩૬,૦૦૦/-
મેડિકલ - રૂા. ૧૦,૦૦૦/-, ભોજનાલય - રૂા. ૧૧,૦૦૦/-
જીવદયા રૂા. ૨,૦૦૦/-, ગુરુકુળ વિદ્યાર્થી સહાયક રૂા. ૨૦,૦૦૦/-)

(૨) શ્રી અગમ કે. શેઠ, હસ્તે શ્રી ઉષાબેન શેઠ USA $ ૧,૦૦૦/-

(૩) શ્રી મહેન્દ્રભાઇ એસ. મહેતા, પૂના (ભોજનાલય) રૂા. ૨૫,૦૦૦/-

| | | | |
|---|---|---|---|
| | (૪) | શ્રી સોનલબેન પટેલ, USA<br>(ગુરુકુળ વિદ્યાર્થીઓની યુનિફોર્મ સિલાઇ) | રૂા. ૧૫,000/- |
| | (૫) | શ્રી અંબાલાલ એસ. પટેલ, અડાલજ | રૂા. ૧૧,000/- |
| | (૬) | શ્રી કમલેશભાઇ ગોસલિયા, ચેન્નઇ | રૂા. ૧૧,000/- |
| **મેડિકલ સેન્ટર :** | (૧) | શ્રી ચંદ્રિકાબેન પ્રવીણચંદ્ર વિપાણી (USA)<br>(મેડિકલ રૂા. ૩૦,000/-, છાશકેન્દ્ર - રૂા. ૨૫,000/-,<br>જીવદયા - રૂા. ૨૫,000/-) | રૂા. ૧,૦૧,000/- |
| | (૨) | શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ<br>(બુંદેલખંડ યાત્રા રૂા. ૨૫,000/-, ત્યાગી યાત્રા ખર્ચ રૂા. ૫૦,000/-<br>થાઈરોઇડ કેમ્પ તથા ગુરુકુળ બાળકોના પેથોલોજી ટેસ્ટ રૂા. ૧૫,000/-<br>આંખના ઓપરેશન રૂા. ૯૦,000/-, સ્વામિવાત્સલ્ય (તા. ૧૫-૦૭-૨૦૧૯),<br>રૂા. ૩૫૦૦૦/-, રૂા. ૧૧,000/-, મેડિકલ સેન્ટર, એ.સી. રૂા. ૩૦,000/-) | રૂા. ૨,૫૬,000/- |
| **છાશકેન્દ્ર :** | (૧) | શ્રી ડૉ. મહેન્દ્રભાઇ તથા જ્યોતિબેન નાણાવટી (USA) | $ ૫00/- |
| **શ્રી સાધુ ત્યાગી વૈયાવચ્ચ (સેવા)** :- | | શ્રી કિરણભાઇ તુરખિયા, ચેન્નઇ<br>(દૈનિક ભક્તિ CD) | રૂા. ૯૬,000/- |
| **જ્ઞાનદાન :** | | શ્રી ભાવનાબેન પી. પટેલ, કોબા | રૂા. ૧૧,000/- |

## વૈરાગ્ય સમાચાર



**(૧) અમદાવાદ :** આપણા આશ્રમના મુમુક્ષુઓ મહેન્દ્રભાઈ ખંધાર અને રમેશભાઈ ખંધારના મોટાભાઈ તથા ઉત્તમ મુમુક્ષુ બા.બ્ર. પરિમલભાઈના પિતાશ્રી **કિશોરકુમાર કાંતિલાલ ખંધાર (ઉ.વ. ૮૧)** નો અમદાવાદમાં તા. ૧૦-૦૭-૨૦૧૯ ના રોજ શાંતિપૂર્વક નવકાર, અરિહંત-સિદ્ધ અને પ્રભુ-ગુરુના સ્મરણપૂર્વક દેહવિલય થયેલ છે.

કિશોરભાઈનો જન્મ સુદામડા (સુરેન્દ્રનગર જિલ્લા)માં થયો હતો. ઉછેર અને અભ્યાસ લીંબડીમાં થયા. મેટ્રીક સુધી લીંબડીમાં અભ્યાસ પછી ભાવનગર, અમદાવાદ અને મુંબઇ યુનિવર્સિટીમાં કોમર્સ અને લૉ બન્નેમાં માસ્ટર્સનો ઉચ્ચ અભ્યાસ કર્યો. જામનગર પોટરીમાં જનરલ મેનેજર અને મુંબઇમાં ઇન્શ્યોરન્સ પુલમાં ઘણા વર્ષો રહ્યા પછી પોતાનો ઓટો પાર્ટસ્નો એક્ષપોર્ટ બીઝનેસ કર્યો. પિતાશ્રીના દેહવિલય પછી મોટાભાઇ વસંતભાઈએ અમદાવાદમાં રહીને કુટુંબના મોભી તરીકે ૪૦ વર્ષ કૌટુંબિક અને સામાજિક જવાબદારી વહન કરી ત્યારે કિશોરભાઈએ સહ-મોભી તરીકે મુંબઇમાં રહીને કુટુંબની અને સમાજની ઘણી સેવા કરી. કિશોરભાઈએ માતુશ્રી - પિતાશ્રી તથા ભાઈ-બહેનો માટે ઘણો ભોગ આપેલ છે. મહેન્દ્રભાઈ અને અન્ય નાના ભાઈ-બહેનોને અમેરિકા ભણવા મોકલવામાં તેમનો સિંહફાળો હતો.

પરિમલભાઈની પ્રેરણાથી અને ધર્મમાં વિશેષ રુચિ થતા, ૧૯૯૮ માં મુંબઇનો બીઝનેસ અને ઘર આટોપીને અમદાવાદ સ્થાયી થયા. સામાજિક અને કૌટુંબિક પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લઇને વધુ ધર્માભિમુખ થયા.

કિશોરભાઈને લીંબડીમાં ધર્મ અને સેવાના સંસ્કાર મળેલ. તે સાથે જ કૌટુંબિક ભાવના, વાત્સલ્ય, મળતાવડા, પરોપકારી, આધ્યાત્મિક રૂચિ, શાંત સ્વીકાર, તીર્થયાત્રાના ઉછરંગી, શિસ્તબધ્ધ જીવન, ધર્મની દઢતા, ધર્મક્રિયામાં નિયમિતતા, સાદુ-સંતોષી જીવન આદિ અનેક સદ્‌ગુણો હતા. પાંજરાપોળ, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ અને ગરીબોને મદદ કરતા. તેમનો સ્વભાવ આનંદી અને સાહસિક હતો. ભણવામાં ઘણા તેજસ્વી હતા અને બાળપણમાં ત્રણ ધોરણ એક વર્ષમાં પૂરા કરીને તેમનાથી બે વર્ષ મોટા વસંતભાઈની સાથે થઇ ગયા હતા ! સાતેય ભાઈ-બહેનોમાં તેમની બુદ્ધિ તીક્ષ્ણ હતી અને અસાધારણ સ્મરણશક્તિ હતી. અનેક સ્તોત્રો, સૂત્રો, ગાથાઓ, શ્લોકો, દોહાઓ તેમણે કંઠસ્થ કરેલ કે જે તેમને છેલ્લા સમયે ધર્મભાવનામાં સ્થિર થવામાં ખૂબ મદદરૂપ થયા.

કિશોરભાઈને કોબાના સંત પૂ.શ્રી આત્માનંદજી અને પૂ. બહેનશ્રી શર્મિષ્ઠાબેન પ્રત્યે અત્યંત અહોભાવ હતો. સુષમાભાભી સાથે તેઓ અવારનવાર કોબા આવીને રહેતા અને સત્સંગ-શિબિરનો લાભ લેતા. પૂ. સાહેબજીના દર્શનાર્થે ઘણી વાર આવતા. પૂ. સાહેબજીનું સૂત્ર "ચાલશે, ફાવશે, ભાવશે, ગમશે" કિશોરભાઈએ તેમના જીવનમાં તાદેશ્ય કરીને કૃતાર્થ કરેલ.

પૂ. આચાર્ય વિદ્યાસાગરજીના દર્શનાર્થે અને સત્સંગ લાભાર્થે દર વર્ષે જતા. પાલનપુરના પૂ. નગીનભાઈ સાથે ઘનિષ્ઠ સત્સંગ માટે પાલિતાણા દર વર્ષે બે અઠવાડિયા જતા. પૂ. સુનંદાબેન અને પૂ. યોગેશભાઈ સાથે અવારનવાર સત્સંગ અને ધર્મવાર્તા કરતા. આદ. વજુદાદા, જ્યોતિબા, પ્રવીણભાઇ દેસાઇ વગેરે તેમના અંગત મુમુક્ષુ મિત્રો સાથે નિયમિત ધર્મવાર્તા-સત્સંગ-ભક્તિ કરતા. ઘરે કુટુંબ સાથે સવાર-સાંજ દેવવંદન-નિત્યક્રમ-આત્મસિદ્ધિ વગેરે કરતા. પૂ. સાધુ-સાધ્વી-સંતોના દર્શન-સત્સંગનો લાભ લેતા. આજુબાજુના મંદિરો, દેરાસરો અને ઉપાશ્રયોમાં અચૂક સવાર-સાંજ દર્શન-પૂજા કરવા જતા.

તેમના ત્રણ સંતાનોમાં મોટા પરિમલભાઇ (અમેરિકા રીટર્ન) બા.બ્ર. ભાવદીક્ષાર્થી છે. છેલ્લા બે વર્ષ તેમણે તેમના પિતાજી કિશોરભાઈની સેવા દિવસ-રાત ૨૪ કલાક ખડે પગે કરીને આધુનિક શ્રવણ બન્યા. બીજા નંબરે મોનાબેન IAS થઇને કલેક્ટર અને સચિવ આદિ ઉચ્ચ સરકારી હોદ્દા પર રહીને પ્રામાણિકપણે પ્રજાની સેવા કરે છે. છેલ્લા ત્રીજા સોનાબેન પ્રેમાળ અને સેવાભાવી છે.

છેલ્લા બે વર્ષની માંદગીમાં કિશોરભાઇએ અદ્‌ભુત સમતા અને સંયમ રાખેલ. અત્યંત વેદના અને આહાર-વિહાર-નિહારની ઘણી જ પ્રતિકૂળતા હોવા છતાં કોઇ ફરિયાદ નહીં. શાંતિ-સમભાવથી સમજણપૂર્વક સહન કરીને અનંતા કર્મોની નિર્જરા કરી છે. તેમની માંદગી દરમ્યાન સુષમાભાભી, પરિમલભાઇ અને મોનાબેન-સોનાબેને ઘણી-ઘણી સેવા કરી. છેલ્લા દિવસોમાં વ્રત લેવરાવ્યા. બધું વોસીરાવ્યું અને સાગારી સંથારો કરાવ્યો. અંત સમયે કોઇ વેદના વિના સમતાપૂર્વક ગણતરીની મિનિટોમાં જ શાંતિથી દેહત્યાગ કર્યો. તેમનું લાંબુ-સંતોષી-સાદુ-ધર્મમય જીવન અને અંતિમ શાંતિ જોતાં તો તેમનો મૃત્યુ મહોત્સવ હતો. આવા હળુકર્મી જીવ શાતા-શાંતિ-સદ્‌ગતિમાં હોય. ખંધાર પરિવાર, કોબા આશ્રમ અને સૌ મુમુક્ષુ શુભેચ્છકોની પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે કે તે કિશોર દેહધારી આત્મા બે-ચાર ભવમાં જ શાશ્વત પદને પામે. કિશોરભાઈના નિધનથી ખંધાર પરિવાર, અમદાવાદ-લીંબડીના જૈન સમાજ અને સમગ્ર મુમુક્ષુ સમૂહને મોટી ખોટ પડેલ છે.

**Regret PDF does not support this low Resolution Photo**

(૨) **અમદાવાદ :** આપણી સંસ્થા સાથે ઘણા વર્ષોથી સંકળાયેલા એવા ઉત્તમ મુમુક્ષુ, ઉત્તમ ગૃહસ્થ **આદ.શ્રી ચીમનલાલ શાંતિલાલ કોઠારીનું** તા. ૨૮-૦૭-૨૦૧૯ અષાઢ વદ અગિયારસના દિવસે ૮૩ વર્ષની વયે દેહાવસાન થયું છે.

ચીમનભાઈનો જન્મ તા. ૧૯-૦૪-૧૯૩૬ ના રોજ થયો હતો. સંસ્થા સાથે તેઓશ્રીનો છેલ્લા ૨૦ વર્ષથી ગાઢ નાતો હતો. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને અનહદ ભક્તિભાવ હતો. તેઓશ્રીની ગુરુભક્તિ પ્રશંસનીય હતી. તેઓ લાગણીશીલ સ્વભાવના હતા. તેઓશ્રીના જીવનમાં 'ભાવ' (હૃદયની લાગણીઓ) ની પ્રધાનતા હતી. તેઓ ખૂબ ધાર્મિક વૃત્તિના અને ઉદારદિલ હતા. શાંત સ્વભાવ એ તેઓના વ્યક્તિત્વની આંખે ઊડીને વળગે તેવી વિશિષ્ટતા હતી. તેઓ મીતભાષી હતા. 'ધીરે સે બોલો, પ્રેમ સે બોલો, આદર દેકર બોલો, જરરત હોને પર બોલો' - આ સૂત્રને તેઓએ આત્મસાત્ કર્યુ હતું. તેઓએ જૈન ધર્મ અને પરમકૃપાળુદેવના વચનામૃતોનો સારો અભ્યાસ કર્યો હતો. સેવાની ભાવના તેઓના જીવનમાં દષ્ટિગોચર થતી હતી. તેઓ અત્યંત સરળ હૃદય ધરાવતા પ્રભુભક્ત હતા. તેઓનું આદર્શ ગૃહસ્થ જીવન આપણા માટે પ્રેરણાદાયક છે. તેઓશ્રીએ પોતાના જીવનમાં મૈત્રી, ગુણપ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા-આ ચાર ભાવનાઓને આત્મસાત્ કરી હતી. **'परोपकाराय सतां विभूतय:'** ઉક્તિ અનુસાર પરોપકારની ભાવના - બીજાને સહાયરૂપ થવાની વૃત્તિ તેઓના લોહીના કણેકણમાં વહેતી હતી. ધર્મના મૂળ સમા દયા (કરુણા) નો ગુણ તેઓમાં સ્પષ્ટ દૃષ્ટિગોચર થતો હતો. તેઓશ્રીએ પોતાના કુટુંબીજનોમાં ધર્મના સંસ્કારોનું સિંચન કર્યું હતું. તેઓના અંતિમ દર્શનાર્થે સંસ્થામાંથી કેટલાક મુમુક્ષુઓ ગયા હતા. તેઓની પ્રાર્થનાસભામાં પૂજ્ય બહેનશ્રી તથા ટ્રસ્ટીમહોદય આદ. શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજી અને કેટલાક મુમુક્ષુઓએ હાજર રહીને શ્રદ્ધાંજલી આપી હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## મિચ્છા મિ દુક્કડમ્

**મિ** = મિતભાષી બન. જ્યાં ત્યાં બકવાસ કરીને તારી જીભ ગંદી ન કર.

**ચ્** = ચાલતો રહે, સતત ચાલતો રહે. સ્વ-પર કલ્યાણના માર્ગે સતત ચાલતો રહે.

**છા** = છાદન કર, ઢાંક. બીજાના દોષો જ્યારે જ્યારે તારી નજર સમક્ષ આવે ત્યારે એના પર તારી આંખની પાંપણ ઢાળી દેજે.

**મિ** = મિષ્ટભાષી બન. એવી મીઠી, પ્રિય અને સત્ય વાણી બોલ કે સામી વ્યક્તિના હૃદયમાં તે ઊતરી જાય.

**દુ** = દુર્ગતિના દરવાજાની સાંકળ ખૂલે નહિ એ માટે સતત સાવધ રહેજે.

**ક્** = કર્મના વિજ્ઞાનને ડગલે ને પગલે નજર સમક્ષ રાખજે, તો સંસારસાગર તરી જઈશ.

**ક** = કાયાનો સંયમ રાખજે. સાથે મનનો પણ સંયમ રાખજે.

**ડ** = ડરતો રહેજે પાપરૂપી સર્પથી.

**મ** = મરણનું સતત સ્મરણ રાખજે. ખાતા-પીતાં, ઊઠતાં-બેસતાં સતત તેને યાદ રાખજે.

## સંતમિલન-રાષ્ટ્રસંત પૂ.આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.સંતશ્રી આત્માનંદજી





## 'સર્વમંગલમ્ આશ્રમ' સાગોડિયા મુકામે પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજશ્રીની સ્મૃતિમાં 'સ્વરૂપ સ્મૃતિ કેન્દ્ર' ની અનાવરણવિધિ વેળાએ (તા.૬-૭-૨૦૧૯)





## શ્રી રાજસોભાગ આશ્રમ, સાયલા મુકામે સત્સમાગમ વેળાએ





**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020**
**issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month**

## સંસ્થામાં યોજાયેલ થાઇરોઇડ નિદાન કેમ્પ વેળાએ (તા. ૧૪-૦૭-૨૦૧૯)








**કલાત્મક અને પ્રેરણાદાયક રંગોળી**

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

❶ 'દિવ્યધ્વનિ' ઓગસ્ટ-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**ચિ. સોહિનીબેન રાજેશભાઈ સોનેજી તથા ડૉ. સોનેજી પરિવાર, અમદાવાદ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' ઓગસ્ટ-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**શ્રી કનુભાઈ એસ. શાહ પરિવાર, ગોરેગાંવ, મુંબઈ**

**હસ્તે : શ્રી સમીરભાઈ શાહ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,